વર્ષ : ૬૧ ■ અંક : ૧૪ ■ તા.૧૬-૭-૨૦૨૧

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક




# અમદાવાદના આંગણે મહોર્યાં અનેક વિકાસ પ્રકલ્પો



# આકાશીય વીજળી વિશે જાણીએ
# જીવન સુરક્ષિત બનાવીએ

## જ્યારે તમે ઘરની અંદર હોવ ત્યારે શું કરવું

- વીજળીથી ચાલતા ઉપકરણોથી દૂર રહો, તારથી ચાલતા ફોનનો ઉપયોગ ના કરશો.
- બારી, બારણા અને છતથી દૂર રહો.
- વીજળીના વાહક બને તેવી કોઇપણ ચીજવસ્તુથી દૂર રહો, ધાતુથી બનેલા પાઈપ, નળ, ફૂવારો, વોશબેશીન વગેરેના સંપર્કથી દૂર રહો.

## જ્યારે તમે ઘરની બહાર હોવ ત્યારે શું કરવું

- ઊંચા વૃક્ષો વીજળીને આકર્ષે છે, જેથી તેનો આશરો લેવાનું ટાળો. આસપાસ, ઊંચા માળખા ધરાવતા વિસ્તારમાં આશ્રય લેવાનું ટાળો અને ટોળામાં રહેવાને બદલે છૂટાછવાયા વિખરાઇ જાઓ.
- મકાનો આશ્રય માટે ઉત્તમ ગણાય. મુસાફરી કરતા હોવ તો તમારા વાહનમાં જ રહો. મજબૂત છત વાળા વાહનમાં રહો.
- ધાતુની વસ્તુનો બહાર ઉપયોગ ન કરો. ધાતુની વસ્તુઓ જેવી કે બાઇક, ઇલેક્ટ્રીક કે ટેલિફોનના થાંભલા, તારની વાડ, મશીનરી વગેરેથી દૂર રહો.
- પુલ, તળાવો અને જળાશયોથી દૂર રહો, પાણીમાં હોવ તો બહાર આવી જાઓ.
- તમારા માથાના વાળ ઊભા થઇ જાય, ચામડીમાં ઝણઝણાટ થાય ત્યારે તાત્કાલિક નીચા નમીને કાન ઢાંખી દેવા કારણ કે તમારી આસપાસ વીજળી ત્રાટકવા ઉપર છે તેમ સમજવું અને જમીન પર સુવૂં નહીં અથવા તો જમીન પર હાથ ટેકવા નહીં.

## આકાશીય વીજળીનો ઝટકો લાગે ત્યારે શું કરવું

- વીજળીનો આંચકો લાગેલી વ્યક્તિને જરૂર જણાય તો સીપીઆર (કાર્ડિયો પલમોનરી રિસરિટેશન) એટલે કે કૃત્રિમ શ્વાસોશ્વાસ આપવો જોઇએ. તાત્કાલિક પ્રાથમિક તબીબી સારવાર આપવી.



Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 61 ▪ Issue : 14 ▪ Date 16-7-2021

**તંત્રી** : માહિતી નિયામક
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ** : જયેશ દવે, ઇશ્વર ઠાકોર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૨, ૦૭૯-૨૩૨૫૩૪૪૦
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

**48 + 4 Cover = Total 52 Pages**

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

આ અંક નીચેની વેબસાઈટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.

# શબ્દશઃ



- કચ્છી ખેડૂતોના બાવડામાં તાકાત છે અને રાજ્ય સરકાર તેમની પડખે ઊભી છે.
- ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોને પીવાનું અને સિંચાઈનું પાણી પહોંચાડવા છેલ્લા અઢી દાયકામાં અભૂતપૂર્વ કાર્યો થયાં છે.
- કોરોનાકાળમાં પણ ગુજરાતે 'ન રૂકના હૈ - ન ઝુકના હૈ' મંત્ર સાથે વિકાસની ગતિવિધિઓ જાળવી રાખીને અર્થવ્યવસ્થાને શિથિલ પડવા દીધી નથી.
- મુખ્યમંત્રી બાળ સેવા યોજનાથી દર મહિને રૂ. ૪૦૦૦ની સહાયથી નિરાધાર બાળકનો આધાર બનવાનો સેવાયજ્ઞ ગુજરાતે આદર્યો છે.
- આ સરકાર ગરીબ-વંચિત-પીડિત લોકો તેમજ સામાન્ય માનવીને કેન્દ્ર સ્થાને રાખીને બધી જ કલ્યાણ યોજનાઓ બનાવે છે-અમલ કરે છે અને કરતી રહેશે.
- કુલ વસ્તીના ૫૦ ટકા લોકો શહેરોમાં વસે છે ત્યારે અર્બન-રૂરલનો સમ્યક-સંતુલિત સર્વગ્રાહી અને સસ્ટેઇનેબલ વિકાસ સમયની માંગ છે. એ આપણા સૌની જવાબદારી છે.
- લોકોના પૈસાનો સદુપયોગ લોકહિત-નગર સુખાકારીના કામોમાં થાય એ માટે ઝીરો ટોલરન્સ અગેઇન્સ્ટ કરપ્શનનું વર્કકલ્ચર અમે વિકસાવ્યું છે.
- ગુજરાત એક માત્ર એવું રાજ્ય છે જ્યાં સંપૂર્ણ લોકડાઉન વગર કોરોનાની બીજી લહેરને કાબૂમાં લેવામાં આવી છે.
- કોરોનાની સંભવિત ત્રીજી લહેરને પહોંચી વળવા રાજ્યમાં ૧૮૦૦ મે. ટન ઓક્સિજનનું ઉત્પાદન કરવાનું નક્કર આયોજન કરવામાં આવ્યું છે.
- ભારતનેટ પ્રોજેક્ટ હેઠળ ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ કનેક્ટિવિટી આપવામાં ગુજરાત દેશભરમાં પ્રથમ સ્થાને છે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યોના સંકલિત અંશો)




8 વિકાસગાથા નાર્કોટિક્સ ડ્રગ્સની હેરાફેરી અટકાવવા મક્કમ નિર્ધાર




16 કવર સ્ટોરી કોરોનામાં વાલીની છત્રછાયા ગુમાવનાર બાળકો પ્રત્યેની સંવેદના : મુખ્યમંત્રી બાળ સેવા યોજના



50 પ્રેરણા બનાસકાંઠાના ભૂગર્ભ જળભંડારને વધુ સમૃદ્ધ બનાવવાનો નિર્ધાર - રેસુંગ ચૌહાણ

6 ▶ સમીક્ષા

રાજકોટના લાઇટહાઉસ પ્રોજેક્ટની સમીક્ષા કરતા વડાપ્રધાનશ્રી

7 ▶ સિદ્ધિ

સોલાર રૂફટોપ ક્ષેત્રે ગુજરાતની કામગીરીને કેન્દ્ર સરકારે બિરદાવી

10 અમદાવાદના આંગણે મહોર્યા અનેક વિકાસ પ્રકલ્પો

12 ▶ પર્વ વિશેષ

ભગવાન જગન્નાથજીની 144મી રથયાત્રા

14 ▶ સંવાદ

મુખ્યમંત્રીશ્રી સાથે 'મોકળા મને' સંવાદ

22 ▶ વિશેષ

24 ▶ ચિંતન

નગરપાલિકાના ચીફ ઓફિસરોને લોકહિતના કામોનો વ્યાપ વધારવા મુખ્યમંત્રીશ્રીનું આહવાન

25 ▶ તકેદારી

ગઢડાના ઓક્સિજન પ્લાન્ટનો ૮૦ ગામને મળશે લાભ

26 ▶ વિશેષ અહેવાલ

ગુજરાતના શિક્ષણક્ષેત્રે આવેલો સુખદ બદલાવ
- શૈલેષ નાયક

28 ▶ ગૌરવ

ગુજરાતના છ મહિલા ખેલાડીઓ ઓલિમ્પિક રમતોત્સવમાં દેશનું પ્રતિનિધિત્વ કરશે

30 ▶ સમાચાર વિશેષ

35 ▶ આસપાસ

42 ▶ નિર્ણય

▶ નવતર

47 ઈન્ડો-ઈઝરાયેલના સંયુક્ત પ્રોજેક્ટ હેઠળ : કચ્છમાં બરહી ખારેકનો પ્રથમ પાક તૈયાર
- હેમલતા પારેખ

48 દર્દીને બેભાન કર્યા વગર સાડા ત્રણ કલાકની મેરેથોન શસ્ત્રક્રિયા - સુરેશ મિશ્રા

49 ▶ સંભાળ

અસાધ્ય રોગમાં પરિવારને આર્થિક ભારણમાંથી ઉગારતું વડોદરાનું પેલિએટિવ કેર સેન્ટર - બી. પી. દેસાઇ

## ગુજરાતના 'ઈઝ ઓફ લિવિંગ'ની દિશામાં મક્કમ પગલાં...

પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ભગવાન જગન્નાથ રથમા બેસી નગરચર્યાએ નીકળ્યા. કોરોના મહામારીમાં નગરજનોએ કાબિલે તારીફ સંયમ જાળવીને ઘરમાં જ બેસી ટેલીવિઝન અને ઈન્ટરનેટના માધ્યમથી ભગવાનના દર્શન કર્યા. જય રણછોડ માખણચોરનો નાદ ઘરે ઘરે ઉઠ્યો. રથયાત્રાનું લાઈવ ટેલીકાસ્ટિંગ અને નગરજનોએ ઘરમાં જ રહી ભગવાનના દર્શન કરવાના રાજ્ય સરકારના નિર્ણયને ગુજરાતની જનતાએ સ્વયં શિસ્ત જાળવીને વધાવી લીધો.

કોરોનાની સંભવિત ત્રીજી લહેર સામે આગોતરૂ આયોજન કરીને વિવિધ શહેરોની સરકારી હોસ્પિટલ્સને ઓક્સિજન પ્લાન્ટ સહિતના સાધનોથી સુસજ્જ કરવામાં આવી રહી છે. રાજકોટમાં ૧૦૦ બેડની કામચલાઉ કોવિડ હોસ્પિટલ ઊભી કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના નગરો, મહાનગરોમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ તેમજ સોશિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સહિતના વિવિધ જનહિતલક્ષી વિકાસ કામો માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત માતબર રકમ ફાળવવાનો અભિગમ અપનાવ્યો છે. લોકોની ઈઝ ઓફ લિવિંગની અપેક્ષા પૂર્ણ થાય તે માટે સરકાર સતત પ્રયત્નશીલ રહી છે.

અમદાવાદમાં રૂ. ૨૬૭ કરોડના વિકાસ કાર્યો લોકાર્પિત કરવામાં આવ્યાં. આની સાથોસાથ મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ મહાનગરપાલિકાને વિકાસ કામો માટે રૂ.૭૦૨ કરોડ રૂપિયાની ફાળવણી કરવાનો નિર્ણય કર્યો. લોકો ઘરનું ઘર કરી શકે અને નાગરિકોને કિફાયતી ભાવે અને સુવિધાપૂર્ણ આવાસો પ્રાપ્ત થાય તે માટે ગ્લોબલ હાઉસિંગ ટેક્નોલોજી ચેલેન્જ લાઈટ હાઉસ પ્રોજેક્ટ અંતર્ગત રાજકોટમાં લાઈટ હાઉસ પ્રોજેક્ટના નિર્માણ કાર્યની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ચ્યુઅલ સમીક્ષા કરી.

"મુખ્યમંત્રી બાળ સેવા યોજના"ને માત્ર ૩૮ દિવસમાં રાજ્યવ્યાપી અમલ કરવાની આગવી સંવેદના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ પ્રગટ કરી છે. આ યોજના અંતર્ગત પ્રત્યેક જિલ્લામાં યોજાયેલા કાર્યક્રમમાં કોરોનાથી માતા-પિતાનું અવસાન થતાં નિરાધાર બનેલા, છત્રછાયા ખોઇ ચૂકેલા લાભાર્થી બાળકોના બેંક ખાતામાં સહાય જમા કરવામાં આવી.

વિકાસ કામોની સાથે સાથે ગુજરાત માટે એક ગૌરવરૂપ ઘટના આગામી સમયમાં સાકાર થવા જઇ રહી છે. ગુજરાત રાજ્યની સ્થાપના થયા બાદના ૬૦ વર્ષના ઇતિહાસમાં પહેલીવાર તા.૨૩મી જુલાઇથી ટોકિયો ખાતે યોજાનારી ઓલિમ્પિક ગેઇમ્સ ૨૦૨૧માં ગુજરાતની એક સાથે છ મહિલા ખેલાડીઓ ભાગ લેવા જઇ રહી છે. તમામ ક્ષેત્રે વિશ્વભરમાં ગુજરાતનો ડંકો વાગી રહ્યો છે, હવે ઓલિમ્પિકમાં પણ ગુજરાતની નારીશક્તિ પોતાનું હિર ઝળકાવશે. પ્રસ્તુત અંકમાં ગુજરાત સરકારે જનવિકાસને અનુલક્ષીને લીધેલા વિવિધ નિર્ણયો અને કાર્યોની અગત્યની જાણકારીને વણી લેવામાં આવી છે.

જય જય ગરવી ગુજરાત...

**- માહિતી નિયામક**

# રાજકોટના લાઇટહાઉસ પ્રોજેક્ટની સમીક્ષા કરતા વડાપ્રધાનશ્રી



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૨૨ સુધીમાં સૌને "ઘરનું ઘર" મળી રહે તે માટે ૨૦૧૫માં પ્રધાનમંત્રી આવાસ યોજના જાહેર કરી હતી. આ યોજના અંતર્ગત દેશભરમાં નવીનત્તમ ટેકનોલોજીનો ઉપયોગ કરીને એક સાથે ઓછા સમયમાં વધુ પ્રમાણમાં આવાસો બનાવવામાં આવી રહ્યા છે. જે પૈકી રાજકોટના રૈયા સ્માર્ટ સિટી ખાતે રૂ.118 કરોડના ખર્ચે બંધાઈ રહેલા 1144 આવાસોના કામની પ્રગતિની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ સમીક્ષા કરી હતી.

નાગરિકોને સસ્તા અને ટકાઉ આવાસો ઝડપથી મળી રહે તે માટે વિશ્વભરમાં પ્રચલિત અને ભારતમાં અનુકૂળ એવી ૫૪ ટેકનોલોજીથી આવાસો બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે માટે ગ્લોબલ હાઉસિંગ ટેકનોલોજી ચેલેન્જ લાઇટહાઉસ પ્રોજેક્ટ અંતર્ગત સમગ્ર દેશમાં રાજકોટ (ગુજરાત), લખનઉ (ઉત્તર પ્રદેશ),રાંચી (ઝારખંડ), અગરતલા (ત્રિપુરા), ઈન્દોર (મધ્યપ્રદેશ) અને ચેન્નાઈ (તમિલનાડુ)ની પસંદગી કરવામાં આવી છે.

આ વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં લાઇટહાઉસ પ્રોજેક્ટના કામની પ્રગતિ અંગે ડ્રોન કેમેરાની મદદથી સમગ્ર પ્રોજેકટના નિર્માણ કાર્યનું વડાપ્રધાન શ્રી મોદીએ નિરીક્ષણ કર્યુ હતું અને અન્ય આનુષંગિક બાબતોથી માહિતગાર થયા હતા.

ટેકનોલોજી પ્રોવાઇડર શ્રી જિગ્નેશ મહેતાએ વડાપ્રધાનશ્રીને રૈયા સ્માર્ટ સિટીની તમામ વિગતોથી વાકેફ કર્યા હતા અને છેલ્લા 6 મહિનામાં થયેલી કામગીરીની વિગત વડાપ્રધાનશ્રીને જણાવવામાં આવી હતી.

જે અન્વયે રાજકોટ શહેરમાં માલાણી કન્સ્ટ્રકશન એજન્સી દ્વારા રૈયા સ્માર્ટ સિટી ખાતે (મિનિસ્ટ્રી ઓફ અર્બન એન્ડ હાઉસિંગ અફેર્સ)ના વડપણ હેઠળ (બિલ્ડિંગ મટીરિયલ્સ એન્ડ ટેકનોલોજી પ્રમોશન કાઉન્સિલ)ના સંકલનમાં રહીને ગુજરાત સરકાર તરફથી એફોર્ડેબલ હાઉસિંગ મિશનના કાર્યક્ષેત્ર હેઠળ ૧૧૪૪ આવાસોની બાંધકામની કામગીરી કરવામાં આવી રહી છે.

રાજકોટમાં નિર્માણ પામી રહેલા આ લાઇટહાઉસ પ્રોજેકટના આવાસોનો મુખ્યપ્રધાન શ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા ડ્રો કરવામાં આવ્યો હતો અને ડ્રોમાં આવાસ મેળવનાર લાભાર્થીઓને વર્ષ ૨૦૨૧ના અંતમાં આ આવાસોની સોંપણી પણ કરવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રૈયા સ્માર્ટ સિટી વિસ્તારમાં લાઇટ હાઉસ પ્રોજેક્ટ આવાસ યોજનાનું મોનોલિથીક પ્રકારનું બાંધકામ ટનલ ફોમવર્ક ટેકનોલોજીના આધારે કરવામાં આવે છે. જેથી આવાસ યોજનાની કામગીરી આશરે ૧ વર્ષમાં પૂર્ણ થશે. આ પ્રકારની ટેક્નોલોજીના ઉપયોગથી આવાસોનું નિર્માણ કાર્ય ઝડપથી થઇ શકે છે. બાંધકામની સારસંભાળ અને જાળવણીમાં ઓછો સમય લાગે છે અને બાંધકામ મજબૂત તથા ટકાઉ બને છે.

આ પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિ આવાસ રૂપિયા ૧.૫ લાખ તેમજ રાજ્ય સરકાર દ્વારા પ્રતિ આવાસ રૂ. ૧.૫ લાખની સહાય મળવાપાત્ર છે. આ કાર્યક્રમમાં મેયર શ્રી પ્રદીપ ડવ, ડેપ્યુટી મેયર ડૉ. દર્શિતા શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી પુષ્કરભાઈ પટેલ, હાઉસિંગ કમિટીના ચેરમેન શ્રી બીનાબહેન રાણપરા, મ્યુનિસિપલ કમિશનર શ્રી અમિત અરોરા તથા અન્ય અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો ઉપસ્થિત રહ્યાં હતાં. ●



# સોલાર રૂફટોપ ક્ષેત્રે ગુજરાતની કામગીરીને કેન્દ્ર સરકારે બિરદાવી

ગુજરાત પુન: પ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે સમગ્ર દેશને રાહ ચિંધી રહ્યુ છે. ગુજરાતની આ સિદ્ધિ પાછળ રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશી નીતિ છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન સૌથી મોટો સોલાર પાર્ક ચારણકામાં સ્થપાયો. સાથે રાજ્યમાં વિન્ડ પાવર અને સોલાર એનર્જીના ઉત્પાદનને પ્રોત્સાહક નીતિ અપનાવી. ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સોલાર અનર્જી ક્ષેત્રે કંડારેલી કેડી પર મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં સોલાર એનર્જી ક્ષેત્રે સમગ્ર દેશમાં નમુનેદાર કાર્ય કર્યુ છે. નાગરિકો પોતાના ઘરની છત પર સોલાર એનર્જી ઉત્પન્ન કરી શકે તે માટે રૂફટોપ યોજના તેમજ ખેડૂતોના વીજ કનેક્શન માટે સોલાર સિસ્ટિમની યોજના અમલી બનાવી.

રાજ્યમાં રૂફ ટોપ સોલાર યોજનાનો વ્યાપ વધે તે માટે કેન્દ્ર સરકારના સહયોગથી ગુજરાત સરકારે સૂર્ય ઉર્જા રૂફટોપ યોજના ૨૦૧૯થી કાર્યાન્વિત કરી છે. ગુજરાત સરકારના સુચારૂરૂપ આયોજન અને અસરકારક કામગીરીને કેન્દ્ર સરકારે બિરદાવીને અન્ય રાજ્યોને ગુજરાત મોડલ અનુસરવા અનુરોધ કર્યો છે. સમગ્ર રાષ્ટ્રમાં સ્થપાયેલ સોલાર રૂફટોપ યોજનામાં ૯૦ ટકા સોલાર સિસ્ટિમના સ્થાપન સાથે ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા સોલાર રૂફટોપ અંતર્ગત ગુજરાતને ૯૩૨ મેગાવોટ માટે રૂ. ૧૫૦૦ કરોડની સહાય મંજુર કરાઈ છે.



ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે સોલાર રૂફટોપ ક્ષેત્રે ગુજરાતે મેળવલી સિદ્ધિ અંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગ્રીન એનર્જી ક્લિન એનર્જીના મંત્રને સાકાર કરવા ગુજરાત દેશને રાહ ચીંધશે આ માટે રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારે અનેકવિધ નવતર આયામો હાથ ધર્યા છે. ગુજરાત સરકાર દ્વારા રૂફટોપ પ્રોજેક્ટ હેઠળ છેલ્લા બે વર્ષથી શરૂ કરાયો છે જે હેઠળ લગભગ ૭૫૦ મેગાવોટ જેટલી ક્ષમતાની સોલાર સિસ્ટિમ સ્થાપિત કરી દેવાઈ છે જે માત્રને માત્ર ગુજરાત સરકાર દ્વારા રૂફટોપ સોલાર યોજના માટે કરાયેલ અસરકારક કામગીરીને ફાળે જાય છે.

કેન્દ્ર સરકારે અન્ય રાજ્યોને સૂચન કરતા કહ્યું કે, ગુજરાત સરકારે જે કામ કર્યું છે તે મુજબ રૂફટોપ સોલાર યોજનાનો વ્યાપ વધે અને જનજાગૃતિ કેળવાય તે માટે રહેઠાણના ગ્રાહકોને નિયમિત ધોરણે એસ.એમ.એસ. મોકલી સોલાર રૂફટોપ સ્થાપિત કરવા માટે પ્રોત્સાહિત કરાય છે, યોજનાની વિગતો માટે મોબાઈલ નંબર આપ્યો છે જેમાં કોઈપણ ગ્રાહક મિસ કોલ કરીને માહિતી મેળવી શકે છે.

સબસિડી, સોલાર સિસ્ટિમ લગાડનાર એજન્સિસનું નામ, રૂફટોપ સોલાર સ્થાપન માટેના અમલીકરણની માર્ગદર્શિકા સહિતની વિગતો માટે એફએમ રેડીયો ચેનલ પર માહિતીને બ્રોડકાસ્ટ, સરકારી કચેરીઓ પર ફ્લેક્સ બેનર લગાવવા, સમાચાર પત્રોમાં જાહેરાતો આપવી વીજ બીલની સાથે અને સમાચાર પત્રો સાથે માહિતીની પત્રિકાઓ વહેંચવી, ટી.વી. અને સિનેમાઓમાં વિડીયો સ્ક્રીપ્ટ દ્વારા માહિતી પુરી પાડવામાં આવી રહી છે.

રહેણાંક ક્ષેત્રમાં સોલાર રૂફટોપને પ્રોત્સાહનને વેગ મળે તે હેતુથી કેન્દ્ર સરકારના સહયોગથી રાજ્ય સરકાર દ્વારા આ યોજનાની શરૂઆત કરાઈ હતી. આ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં ગુજરાતમાં ૨.૩૮ લાખથી વધુ વીજ ગ્રાહકોએ ૯૨૦ મેગાવોટનું રજીસ્ટ્રેશન કરાવ્યું છે જેમાંથી ૭૫૦ મેગાવોટની સિસ્ટિમ સ્થાપિત થઈ ગઈ છે. રહેણાંક હેતુના ગ્રાહકો પોતાના ઘર પર સૌર ઉર્જા ઉત્પન્ન કરી વધારાની ઉર્જા ગ્રીડમાં વેંચી વધારાની આવક મેળવી રહ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલ કામગીરી અંગેનો રીપોર્ટ તાજેતરમાં પ્રોગ્રામના અમલીકરણની સમીક્ષા પર રાષ્ટ્રીય વર્કશોપ ૧૨ મી જૂન ૨૦૨૧ માં રજૂ કરવામાં આવ્યો હતો. જેને ધ્યાને લઈ કેન્દ્ર સરકાર દ્વારા દેશના અન્ય રાજ્યોને ગુજરાત મોડલ અનુસરવા અનુરોધ કરાયો છે.

રાજ્ય સરકાર દ્વારા ગ્રીડ કનેક્ટેડ રૂફટોપ સોલાર યોજના અંતર્ગત વિવિધ પ્રોત્સાહનો આપવામાં આવી રહ્યાં છે જેના પરિણામે રહેઠાણ સહિત નાના એકમોમાં સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થાપિત થઈ રહ્યા છે. આ યોજનાનો લક્ષ્યાંક ૨૦૨૨ સુધીમાં દેશમાં ૪૦ ગીગાવોટની સ્થાપિત ક્ષમતા પ્રાપ્ત કરવાનો છે. જેમાં ગુજરાત મહત્વનો રોલ અદા કરશે. આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે રૂફટોપ લાભાર્થીઓને યોજના અંગેની જાણકારી અને જાગૃતિ માટે તથા તેના ફાયદાઓ અંગે લોકોને માહિતગાર કરવાના સંનિષ્ઠ પ્રયાસો ગુજરાત સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યાં છે. ●



# નાર્કોટિક્સ્ ડ્રગ્સની હેરાફેરી અટકાવવા મક્કમ નિર્ધાર

ગુજરાતમાં શાંતિ છે તેનું કારણ રાજ્ય સરકાર દ્વારા કાયદો અને વ્યવસ્થા જાળવવા લેવાતા કડક પગલાં છે. ગુજરાતે નશાબંધી અને દારુબંધી માટે કડક કાયદાઓ બનાવ્યા છે તેનો ચુસ્ત અમલ કરીને ગુનેગારોને કડકમાં કડક સજા કરવામાં આવી રહી છે. ગુનેગારોની પૂછપરછ માટે હવે થર્ડ ડિગ્રીનો જમાનો ગયો, વૈજ્ઞાનિક ટેકનોલોજી અને સાયન્ટીફીક પુરાવાઓના આધારે ફોરેન્સિક એક્સપર્ટ્સની મદદથી સરળતાથી ગુનાઓની કબૂલાત શક્ય બની છે.

ગાંધીનગર ખાતે સેન્ટર ઓફ એક્સેલેન્સ ફોર રીસર્ચ એન્ડ એનાલિસીસ ઓફ નાર્કોટીક્સ, ડ્રગ્સ અને સાયકોટ્રોપીક સબસ્ટેન્સીસ સેન્ટરનો શુભારંભ કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહે કરાવ્યો હતો. કેન્દ્રિય ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશની બીજીવાર ધુરા સંભાળી ત્યારે જ દેશના યુવાનોને ડ્રગ્સની ચૂંગાલમાંથી મુક્ત કરવા માટે અને દેશમાં થતી ડ્રગ્સની હેરાફેરી પર સંપૂર્ણ નિયંત્રણ લાવવા એક વિશેષ રીસર્ચ બેઇઝડ સાયન્ટીફિક સેન્ટરનું નિર્માણ કરવાનું લક્ષ્ય સેવ્યુ હતુ ત્યારે શ્રી મોદીએ ગાંધીનગર સ્થિત ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી કે જે હવે નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીનો દરજ્જો ધરાવે છે તેની પસંદગી કરી હતી. આજે માત્ર દોઢ વર્ષના સમયગાળામાં જ યુનિવર્સિટીએ હાઈટેક ટેક્નોલોજી યુક્ત સાધનો સાથે સેન્ટર કાર્યરત કરી દીધુ છે. હવે દેશમાંથી પકડાતા તમામ પ્રકારના ડ્રગ્સ અને તેના ઉત્પાદનના સ્થળો ઉપરાંત તેની હેરાફેરી માટે વપરાતા રસ્તાઓનું વિગતવાર રીસર્ચ થઇ શકશે. આ દેશના ભાવિને ડ્રગ્સમુક્ત કરવા ખૂબ જ અસરકારક પૂરવાર થશે.

'નો એક્શન' અને 'એક્ષસ્ટ્રીમ એક્શન' વચ્ચે મૂંઝવણ અનુભવતા પોલીસ માટે હવે જસ્ટ એક્શન એટલે કે સાહજિક, સાયન્ટીફિક અને ટેકનોલોજીકલ તપાસથી ગુનેગારોને સજા કરાવવા હવે સરળ બનશે. NFSU પાંચ વર્ષમાં જ વિશ્વની સર્વોચ્ચ સ્થાન ધરાવતી યુનિવર્સિટીઓ પૈકીની એક યુનિવર્સિટી હશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ અષાઢી બીજના પાવન અવસરે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી NFSUને મળેલા ગૌરવરૂપ સેન્ટર ઓફ એકસલન્સ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહનો ગુજરાત વતી આભાર વ્યકત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીને રાષ્ટ્રીય દરજ્જો મળતાં દેશના અન્ય રાજ્યોને પણ તેનો લાભ મળશે. સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર રીસર્ચ એન્ડ એનાલિસસ ઓફ નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ ભવન આવનારા દિવસોમાં શક્તિશાળી, સશક્ત અને સમુદ્ધ ભારત તેમજ આત્મનિર્ભર ભારતની દિશાનું પ્રશસ્ય કદમ બનશે.

ગુજરાત નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના વાઇસ ચાન્સલર શ્રી જે.એમ વ્યાસે કહ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૯માં આ સંસ્થાનું બીજ રોપ્યુ અને આજે આ સંસ્થા વટવૃક્ષ બની ગઈ છે. છેલ્લા દશ વર્ષમાં સંસ્થાએ કેટલીક કામગીરીને વૈશ્વિક સ્તરે પ્રસ્થાપિત કરવા માટે કેન્દ્ર સરકારે આ સંસ્થાને રાષ્ટ્રીય દરજ્જો આપીને ગુજરાતને ગૌરવ આપવા બદલ કેન્દ્ર સરકારનો આભાર



માન્યો હતો.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ વેળાએ રાજ્ય ગૃહમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા, કેન્દ્રીય ગૃહ સચિવ શ્રી અજયકુમાર ભલ્લા, અધિક સચિવ શ્રી પૂન્યા શ્રીવાસ્તવ, ગુજરાત સરકારના ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના DG શ્રી રાકેશ અસ્થાના, રાજ્ય પોલીસ વડા શ્રી આશિષ ભાટીયા, ઉચ્ચ પોલીસ અધિકારીઓ NFSUના વૈજ્ઞાનિકો, અધ્યાપકો, વિદ્યાર્થીઓ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## "કોરોના સેવાયજ્ઞ"નો સમાપન સમારોહ

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં રાજભવન દ્વારા એક લાખ કોરોના વોરિયર્સને કીટ પહોંચાડવાના જન અભિયાન "કોરોના સેવાયજ્ઞ"ના સમાપન પ્રસંગે યોજાયેલાં "ધન્યવાદ જ્ઞાપન સમારોહ"માં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે સેવાયજ્ઞમાં સહયોગ આપનારા દાતાશ્રીઓનું અભિવાદન કર્યું હતું. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે આ સેવાયજ્ઞનું સમાપન એ અલ્પ વિરામ છે. જનસેવાનો યજ્ઞ નિરંતર ચાલુ રહે તેવો તેમણે અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, આ અભિયાન અંતર્ગત એક લાખ ફ્રન્ટ લાઈન કોરોના વોરિયર્સ સુધી જીવન જરૂરી ચીજ-વસ્તુઓ પહોંચાડીને પ્રેરણારૂપ કાર્ય કર્યું છે. રાજ્યના પ્રત્યેક જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો સહેલાઈથી પ્રાપ્ત થાય તે માટેના પ્રયાસોની પણ તેમણે માહિતી આપી હતી.

આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ કોરોના સેવાયજ્ઞને ઉદાહરણરૂપ કાર્ય ગણાવી આ અભિયાન સાથે જોડાયેલાં સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. ●



## શારદા-મણી કોમ્યુનિટી સેન્ટરનું લોકાર્પણ

ગુજરાતની સંસ્કારિતાને ધબકતી રાખવાનું કામ સ્વામિનારાયણ જેવી અન્ય ધાર્મિક સંસ્થાઓ કરી રહી છે, તેવું શ્રી સ્વામિનારાયણ મંદિર, અડાલજ દ્વારા અધયતન સુવિધા સાથેના શારદા-મણી કોમ્યુનિટી સેન્ટરનું લોકાર્પણ કરતા કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતું. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહે વધુમાં ઉમેર્યું હતું કે, આ કોમ્યુનિટી સેન્ટર આસપાસના લોકોને અનેક રીતે લોક ઉપયોગી બની રહેશે. તેમજ મંદિરની સેવાકીય પ્રવૃત્તિ થકી આ વિસ્તારમાં આ ટ્રસ્ટ ઉર્જાનું કેન્દ્ર બનશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અડાલજની વાવથી વિશ્વ પ્રસિધ્ધ બનેલા અડાલજની વાવ જોવા દેશના વિવિધ પ્રાંત અને વિશ્વમાંથી લોકો આવે તે પ્રકારનું આકર્ષણ ઉભું કરવામાં તત્કાલિન મુખ્ય મંત્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કાર્યો કર્યા છે. તેમજ અડાલજ વાવ આસપાસ અનેક સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.

આ પ્રસંગે રાજયસભાના સાંસદ શ્રી નરહરિભાઇ અમીન, મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, સાંસદ શ્રી સી.આર. પાટીલ, ગુજરાત રાજયના ગૃહ મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા સહિત આમંત્રિત મહેમાનો અને ટ્રસ્ટી મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ●

## નારદીપુર ગામના તળાવનું નવીનીકરણ

વિકાસ સાથે સાથે વૃક્ષોનું જતન જરૂરી છે. ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં સમાવિષ્ટ વિસ્તારના નાગરિકોને લાંબુ આયુષ ધરાવતાં વૃક્ષોનું વાવેતર કરી, તેનું જતન કરી, ગાંધીનગર લોકસભા વિસ્તારને હરિયાળી લોકસભા બનાવવાનું આહ્વાન ગાંધીનગરના નારદીપુર ખાતે રૂ.૨૫ કરોડથી વધુના વિકાસ કામોનું ઇ- લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરી કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતું. રૂપિયા ૧ કરોડથી વધુના ખર્ચે નવીનીકરણ થનાર નારદીપુર ગામના તળાવનું ખાતમુહૂર્ત કરી, ગ્રામજનો સાથે સીધો સંવાદ કરી ખબર અંતર પૂછનાર કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહે કહ્યું હતું કે, મને આનંદ છે કે ગામના તમામ નાગરિકોએ એક કે બે ડોઝ કોરોનાની રસીના લીધા છે. પૂર્વ મંત્રી શ્રી રજનીભાઇ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહની જોડી, દેશમાં આમૂલ પરિવર્તન લાવવાની દિશામાં નક્કર આયોજન સાથે આગળ જઇ રહી છે. ●

# અમદાવાદના આંગણે મહોર્યા અનેક વિકાસ પ્રકલ્પો




કોરોના કાળમાં પણ ગુજરાતમાં વિકાસકાર્યોની ગતિ ધીમી થઈ નથી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી તરીકે ગુજરાતની જે વિકાસયાત્રા આરંભી હતી તે અવિરત રહે તેવી વ્યવસ્થા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઊભી કરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી 'જેટલો વિકાસ થાય એટલો કરીએ' તેવી માનસિકતાવાળા નહીં પરંતુ 'જેટલો વિકાસ કરીએ એટલો થાય' તેવી માનસિકતાવાળા લોકનેતા છે. ગુજરાત વડાપ્રધાનશ્રીની આ માનસિકતાને અનુસરનારૂં રાજ્ય છે. તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદના બોપલમાં મહાનગરપાલિકા, ઔડા અને પશ્ચિમ રેલવે દ્વારા વિવિધ વિકાસકાર્યોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યાં હતાં.

કેન્દ્રીય ગૃહમંત્રીએ પોતાના સંસદીય મતક્ષેત્રમાં થયેલાં વિવિધ વિકાસકાર્યોની રૂપરેખા આપી 2024 સુધીમાં આ વિસ્તારને દેશનો સૌથી વિકસિત સંસદીય મતવિસ્તાર બનાવવાની નેમ વ્યક્ત કરી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રીએ પોતાના ધારાસભ્ય તરીકેના કાર્યકાળનો ઉલ્લેખ કરી જણાવ્યું કે, હાલ અમદાવાદ શહેર અને આંબલી-ઘુમા વચ્ચે ભેદરેખા રહી નથી તેવો આ વિસ્તારનો વિકાસ થયો છે. કોઈ વિશેષ માંગણી વગર જ આ વિસ્તારના લોકોની સુખાકારી માટે સરકારે સો કરોડની યોજનાઓ મંજૂર કરી છે. આવનારાં ૩૦ વર્ષ સુધી આ વિસ્તારમાં વસ્તીવૃદ્ધિનું આકલન કરી પીવાના પાણીના વિતરણની કાર્ય યોજનાઓ હાથ ધરાઇ છે. મધ્યમ વર્ગના યુવાનો શાંતિથી વાંચન કરી પોતાની કારકિર્દીનું ઘડતર કરી શકે તે માટે અત્યાધુનિક લાઈબ્રેરી અને લોકો સરકારી કામકાજો સ્થાનિક કક્ષાએ સુપેરે પાર પાડી શકે તે માટે અત્યાધુનિક સિવિક સેન્ટર બનાવવામાં આવ્યું છે.

તાજેતરમાં કેન્દ્ર સરકારે ૨૩,૦૦૦ કરોડનું પેકેજ જાહેર કરી દેશના હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને બુસ્ટ આપ્યું છે, આઇ.સી.યુ. બેડ ઊભા કરવા, ઑક્સિજન પ્લાન્ટ સ્થાપવા પર વિશેષ ભાર આપવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યું કે, ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલની આગેવાનીમાં રસીકરણનું વ્યાપક અભિયાન ચલાવવામાં આવ્યું છે. 'પર મિલિયન વેક્સિનેશન'માં ગુજરાત સમગ્ર







દેશમાં પ્રથમ છે. અમદાવાદ શહેરમાં ૮૬ ટકા લોકોને રસી અપાઇ ચૂકી છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ લોકાર્પણ કરેલાં વિકાસકાર્યોમાં અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા પશ્ચિમ ઝોનના સાબરમતી વોર્ડમાં રૂ. 21.54 કરોડના ખર્ચે નિર્મિત વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશન, નવાવાડજ વોર્ડમાં રૂપિયા 12 કરોડના ખર્ચે નિર્મિત વોટર ડિસ્ટ્રિબ્યુશન સ્ટેશન, ગોતા વોર્ડમાં રૂ. 9.19 કરોડના ખર્ચે નિર્મિત કોમ્યુનિટી હૉલ, વેજલપુર વોર્ડમાં રૂ. 8.26 કરોડના ખર્ચે નિર્મિત પાર્ટી પ્લોટ અને કોમ્યુનિટી હૉલ તથા રૂ. 2.72 કરોડના ખર્ચે નિર્મિત સબ ઝોનલ ઓફિસ, અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા બોપલ વિસ્તારમાં રૂ. 6.90 કરોડના ખર્ચે નિર્મિત 168 વિદ્યાર્થીની ક્ષમતાવાળું વાંચનાલય તથા 4 કરોડના ખર્ચે નિર્મિત સિવિક સેન્ટરનો સમાવેશ છે.

આ ઉપરાંત પશ્ચિમ રેલવે દ્વારા નિર્મિત આંબલી રોડ, ખોડિયાર અને ચાંદલોડિયા રેલવે સ્ટેશન પર યાત્રી સુવિધાઓ અને હેરિટેજ સિટી થીમ સાથે નવનિર્મિત અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનનું પણ તેઓએ ઇ-લોકાર્પણ કર્યું હતું. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ ખાતમુહૂર્ત કરેલા વિકાસકાર્યોમાં ઔડા દ્વારા બનનાર ઘુમા વિસ્તારમાં ટીપી એક, બે અને ત્રણ તથા તેલાવ પાસે વોટર સપ્લાય પ્રોજેક્ટસનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે મેયર શ્રી કિરીટભાઈ પરમાર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી હિતેશ બારોટ, ધારાસભ્ય શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર શ્રી સંદીપ સાગલે, મ્યુનિસિપલ કમિશનર શ્રી મુકેશકુમાર, ઔડાના સી.ઈ.ઓ શ્રી એ.બી.ગોર, ડી આર.એમ. શ્રી દિલીપ ઝાલા, શ્રી પ્રદીપસિંહ વાઘેલા બોપલ ખાતે કાર્યક્રમ સ્થળે ઉપસ્થિત રહ્યા હતા અને નગરજનો વિવિધ વોર્ડથી ઓનલાઇન જોડાયા હતા. ●

## અમદાવાદમાં વણથંભી વિકાસકામોની વણઝાર

# સાણંદ, બાવળા અને દસક્રોઇ તાલુકામાં 1239 પ્રકલ્પોનું લોકાર્પણ - ખાતમુહૂર્ત

ગાંધીનગર મતવિસ્તારમાં સમાવિષ્ટ અમદાવાદ જિલ્લાના સાણંદ, બાવળા અને દસક્રોઇ તાલુકાના 1239 વિકાસકાર્યોના લોકાર્પણ, ખાતમુહૂર્ત અને નવીન કામોની જાહેરાત કરતા કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહે આ વિકાસકાર્યો અમદાવાદ જિલ્લાના નાગરિકોની જનસુખાકારીમાં વધારો કરશે તેવો ભાવ પ્રગટ કર્યો હતો.

કોરોનાકાળમાં ગરીબોની દરકાર કરીને ભારત સરકાર દ્વારા મફત અનાજ પહોંચાડવાની શરૂ કરાયેલી યોજનાને વ્યાપક બનાવી જન-જન સુધી લાભ પહોંચાડવાની અપીલ કરતા ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહે કહ્યુ કે, રોજનું કમાઈને ગુજરાન ચલાવતા ગરીબ વર્ગ માટે બે ટંકનું અનાજ મેળવવું મુશ્કેલ બન્યું ત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા આ તમામ પરિવારોની ચિંતા કરીને દિવાળી સુધી તેઓને મફત અનાજ પહોંચાડવાની વ્યવસ્થા કરી છે.ગરીબ અને જરૂરિયાતમંદો સુધી આ યોજનાની માહિતી પહોંચાડીને તેમને લાભાન્વિત કરવા પણ એક સેવાનું કાર્ય છે.

23મી જુલાઇએ શરૂ થનારી ટોકિયો ઓલમ્પિક્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનારી 6 ગુજરાતી દીકરીઓને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા. આ તમામ દીકરીઓ ઓલમ્પિક્સમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરીને દેશ માટે સુવર્ણપદક જીતે તેવો આશાવાદ તેઓએ વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રીય ગૃહમંત્રીએ “હરિયાળી લોકસભા ગાંધીનગર લોકસભા” અભિયાન અંતર્ગત 15 લાખ વૃક્ષોનું વાવેતર કરવાનું સુદ્રઢ આયોજન હાથ ધરાયું હોવાનું જણાવી લોકસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ સાણંદ તાલુકો પણ તેમાં સહભાગી બને તેવી અપીલ કરી હતી. તેમણે આ અભિયાન ભાવિ પેઢી માટેનું અભિયાન હોવાનું જણાવી સ્થાનિક ધારાસભ્યને જી.આઇ.ડી.સી.સાથેના સંકલનમાં રહી વૃક્ષારોપણને વધુ વ્યાપક બનાવવા તાકીદ કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહે વર્તમાન સમયમાં બદલાયેલી કાર્ય સંસ્કૃતિનો ઉલ્લેખ કરતા કહ્યું કે અગાઉ તંત્ર લોકો પર પ્રભાવી હતું , પરંતુ આજે લોકો તંત્ર પર પ્રભાવી બન્યા છે.

તેમણે આ તબક્કે સાસંદ તરીકેની તેમની ભૂમિકા સ્પષ્ટ કરતા કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન આરંભેલી ગુજરાતની વિકાસયાત્રા તેમના કેન્દ્રમાં ગયા પછી પણ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં અવિરત જારી છે.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી એ ગૌરવભેર જણાવ્યું હતુ કે, પ્રતિ મિલિયન વેક્સિનેશનમાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમાંકે છે. અમદાવાદ જિલ્લામાં 45 થી વધુ વય અને કોમોર્બિડ સ્થિતિ ધરાવતા ૮૬ ટકા લોકોને રસી અપાઇ ચૂકી છે. તેઓએ પ્રત્યેક નાગરિક રસી લે તે અંગે અનુરોધ કરતા કહ્યું કે, જેમ સુદર્શન ચક્રએ દ્વારિકાનું રક્ષણ કર્યું હતુ તેવી જ રીતે રસીચક્ર આપણું રક્ષણ કરશે.

સાણંદ એ.પી.એમ.સી.માં વિવિધ પ્રકલ્પોનાં લોકાર્પણ, ખાતમુહૂર્ત અને જાહેરાત પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ, શ્રી પ્રદીપસિંહ વાઘેલા, શ્રી રજનીભાઇ પટેલ, ધારાસભ્ય શ્રી કનુભાઇ પટેલ, શ્રી હર્ષદગિરિ ગોસ્વામી સહિત જિલ્લાના અધિકારી-પદાધિકારીશ્રી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●



# ભગવાન જગન્નાથજીની 144મી રથયાત્રા

ભગવાન જગન્નાથજીની પારંપારિક એવી રથયાત્રા આ વર્ષે કોરોનાકાળની વિશિષ્ટ પરિસ્થિતિ વચ્ચે શાંતિપૂર્વક રીતે પૂર્ણ થઈ હતી. આ વર્ષની જગન્નાથ રથયાત્રા કોવિડ સંક્રમણ નિયંત્રણ ગાઇડલાઇનના પાલન સાથે ભકતો-શ્રદ્ધાળુઓની આસ્થાનો ખ્યાલ રાખીને નિયંત્રિતપણે યોજવામાં આવી હતી. આ રથયાત્રાને સફળ બનાવવામાં મંદિરના મહંત શ્રી દિલીપદાસજી મહારાજ, ભક્તજનો, પોલીસતંત્ર અને વહીવટીતંત્રે ખૂબ સુંદર રીતે કામગીરી કરી, તેનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રથયાત્રાને સફળતાપૂર્વક પાર પાડવામાં સહયોગ આપનાર તમામનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ અગાઉ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અષાઢી બીજના પાવન અવસરે 144મી જગન્નાથ રથયાત્રાને પ્રસ્થાન કરાવતાં પૂર્વે અમદાવાદમાં ભગવાન જગન્નાથજીના રથનું અને ભગવાનનું પૂજન-અર્ચન વહેલી સવારે મંદિર પરિસરમાં કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ વર્ષે પણ ભગવાનના રથની સોનાની સાવરણીથી સેવા-સફાઈ કરી પહિંદ વિધિ સંપન્ન કરી હતી. મુખ્યમંત્રીશ્રીને સતત પાંચમી વાર ભગવાન જગન્નાથની રથયાત્રાની પહિન્દ વિધિનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ તથા ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા પણ આ વિધિમાં ભક્તિભાવપૂર્વક સહભાગી થયા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોરોના વાઇરસના સંક્રમણને કારણે આ વર્ષે કોવિડ પ્રોટોકોલ પ્રમાણે રથયાત્રા યોજાઈ છે. ભગવાન જગન્નાથના દર્શન કરીને ગુજરાત રાજ્ય કોરોના મહામારીમાંથી બહાર આવનારું દેશનું કોરોનામૂક્ત પ્રથમ રાજ્ય બને તેવી પ્રાર્થના કરી છે. રાજ્યમાં સમગ્ર સ્થિતિ પૂર્વવત્ બને



તેવી ભગવાન જગન્નાથને પ્રાર્થના કરી છે. આ સાથે, અષાઢી બીજને કચ્છી નવ વર્ષ નિમિત્તે તમામ કચ્છી બંધુઓને શુભેચ્છા પાઠવી હતી.

ભગવાન જગન્નાથ અને સુભદ્રાજી તથા બલભદ્રના રથ શહેરમાં નગરચર્યાએ નીકળ્યા છે પરંતુ નગરજનો ઘરે બેઠાં દર્શનનો લાભ લે તે જરૂરી છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે ઘરે બેઠાં દર્શનનો લહાવો મેળવી શકે તે માટેની તમામ વ્યવસ્થાઓ કરાઈ છે.

કોરોના મહામારીમાંથી દેશ અને ગુજરાત જલ્દી મુક્ત થાય અને રાજ્યની પ્રગતિ ઉત્તરોત્તર વધતી રહે તે માટે ભગવાન જગન્નાથને પ્રાર્થના કરી છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે,કોરોનાની પ્રવર્તમાન સ્થિતિમાં લોકોની આસ્થા સાથે જોડાયેલું આ પર્વ શાંતિપૂર્ણ સંપન્ન થાય તે માટે રાજ્ય સરકારે વિશેષ આયોજન કરીને આ રથયાત્રા યોજી છે, જેમાં કોરોનાની માર્ગદર્શિકાનું પાલન થાય તેનું પણ ધ્યાન રાખ્યું છે.રથયાત્રાનું પર્વ માત્ર અમદાવાદ જ નહીં પરંતુ આ માટે રાજ્ય સહિત દેશ આખા માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે ત્યારે આ રથયાત્રા ભાઈચારા અને એકતાનું પ્રતીક પુરવાર થઇ છે. આ અવસરે અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, મંદિરના મહંત શ્રી દિલીપદાસજી મહારાજ, ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ જહા અને અન્ય આગેવાનો જગન્નાથજીના દર્શન-અર્ચન માટે ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે રથયાત્રાની પૂર્વ સંધ્યાએ અમદાવાદમાં જગન્નાથ મંદિરમાં ભકિતભાવપૂર્વક આરતી અને દર્શન કર્યા હતા. આ પ્રસંગે તેમણે મહંત શ્રી દિલીપદાસજી મહારાજ અને મંદિરના ટ્રસ્ટી શ્રી મહેન્દ્ર ઝા સાથે બેઠક કરીને યાત્રાની વિગતો મેળવી હતી. ●



## કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ જગન્નાથ ભગવાનનાં દર્શન કર્યાં



*કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદ શહેરના સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિરમાં મંગળા આરતીમાં સહભાગી થઈ ભક્તિભાવપૂર્વક દર્શન કર્યા હતા. અમદાવાદ શહેર જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત માટે આસ્થાના પ્રતીક સમાન એવી રથયાત્રાના પાવન અવસરે વહેલી સવારે મંગળા આરતીમાં ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા પણ જોડાયા હતા. ભગવાન જગન્નાથ પ્રતિવર્ષ પોતાના ભક્તોને દર્શન આપવા સામે ચાલીને નીકળે છે, ઉલ્લેખનીય છે કે, દેશભરમાં ભગવાન જગન્નાથ પ્રત્યે દૃઢ આસ્થા છે. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ અને ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ અમદાવાદ જમાલપુર સ્થિત જગન્નાથ મંદિરમાં મંગળા આરતી કરીને ભગવાન જગન્નાથના આશીર્વાદ મેળવ્યા હતા.* ●

## રથયાત્રાના સફળ આયોજન માટે વહીવટીતંત્ર-પોલીસતંત્રને મુખ્યમંત્રીશ્રીના અભિનંદન

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદમાં ભગવાન જગન્નાથની ૧૪૪મી જગન્નાથ રથયાત્રા શાંતિપૂર્ણ અને સૌહાર્દભર્યા વાતાવરણમાં પૂર્ણ થવા અંગે પોલીસતંત્ર અને વહીવટી તંત્ર તેમજ મહાનગરપાલિકાના તંત્રને અભિનંદન પાઠવી તેમની કાર્યપદ્ધતિને બિરદાવી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ વર્ષની જગન્નાથ રથયાત્રા કોવિડ સંક્રમણ નિયંત્રણ ગાઈડલાઈનના પાલન સાથે ભકતો-શ્રદ્ધાળુઓની આસ્થાનો ખ્યાલ રાખીને નિયંત્રિતપણે યોજવામાં આવી હતી તેનો ઉલ્લેખ કરતા નગરજનોનો પણ આ રથયાત્રા સફળતાપૂર્વક પાર પાડવામાં જે સહયોગ મળ્યો છે તેનો પણ આભાર વ્યકત કર્યો હતો. તેમણે આ રથયાત્રામાં સહકાર આપવા માટે જગન્નાથ મંદિરના ટ્રસ્ટીશ્રીઓ, મહંત શ્રી દિલીપદાસજી મહારાજનો પણ આભાર માન્યો હતો. ●



## કોરોનામાં માતા-પિતા ગુમાવનાર બાળકોનો
# મુખ્યમંત્રીશ્રી સાથે 'મોકળા મને' સંવાદ

સંવાદ કરવાથી ન માત્ર સમસ્યાનું સમાધાન થાય છે પણ સાથોસાથ પોતીકાપણાની પ્રતીતિ પણ થાય છે. કોરોનાથી માતા-પિતાનું અવસાન થતાં નિરાધાર બનેલાં બાળકો સાથે મોકળા મને સંવાદ સાધી મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ સત્યની અનુભૂતિ કરાવી. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આવાં નિરાધાર બાળકો પ્રત્યે પિતૃવત્સલ સંવેદના પ્રગટ કરતાં એક મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી હતી. તેમણે આ સંદર્ભમાં જાહેર કર્યું કે, મુખ્યમંત્રી બાળ સેવા યોજનામાં આવાં અનાથ-નિરાધાર બાળકોને ૧૮ વર્ષની વય સુધી દર મહિને રૂ. ૪૦૦૦ની સહાય આપવામાં આવે છે. હવે, આ વયમર્યાદા વધારીને ૨૧ વર્ષ કરવાનો નિર્ણય કર્યો છે. એટલે કે હવે બાળકની વય ૨૧ વર્ષની થાય ત્યાં સુધી તેને રાજ્ય સરકાર દરમહિને રૂ. ૪૦૦૦ની સહાય આપી આર્થિક આધાર પૂરો પાડશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ સી.એમ. કોમન મેન તરીકે રાજ્યના વિવિધ સમાજ-વર્ગો સામે મુક્ત મને સંવાદ-ગોષ્ઠિ માટે શરૂ કરેલી મોકળા મને સંવાદ શૃંખલાની વધુ એક કડી સંપન્ન કરી હતી. તદઅનુસાર, મુખ્યમંત્રીશ્રીએ કોરોના સંક્રમણના આ કાળમાં જેમણે પોતાના માતા-પિતાની છત્રછાયા ગુમાવી છે. કોરોનાથી માતા-પિતાનું અવસાન થતાં નિરાધાર બન્યાં છે તેવાં બાળકોને મુખ્યમંત્રી નિવાસસ્થાને બોલાવીને તેમની સાથે લાગણીસભર સંવાદ પિતૃવાત્સલ્ય ભાવથી કર્યો હતો.

રાજ્યના ૩૩ જિલ્લાઓમાંથી આવા ૩૫ જેટલાં નિરાધાર-અનાથ બાળકોને મુખ્યમંત્રી શ્રી નિવાસસ્થાને શ્રી વિજયભાઇ રૂપાણી સાથે 'મોકળા મને' સંવાદ કાર્યક્રમ અંતર્ગત સીધા સંવાદની તક મળી હતી. બાળકો સાથે તેમના પાલક વાલીઓ પણ જોડાયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ ભારપૂર્વક કહ્યું હતું કે, કોરોનાને કારણે નિરાધાર થયેલાં બાળકોના ભવિષ્યનો વિચાર કરીને જ રાજ્ય સરકારે 'મુખ્યમંત્રી બાળ સહાય યોજના' શરૂ કરી છે. નિરાધાર બાળકોનું ભાવિ રોળાઈ ન જાય તેની સંપૂર્ણ સંવેદનાથી બાળકના વાલી બનીને બાળકના આધાર બનવાનો સેવાયજ્ઞ આ રાજ્ય સરકારે આદર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, કોરોના મહામારીના આ સંક્રમણ દરમિયાન જે બાળકોનાં માતા-પિતા બંનેનું અવસાન થયું છે તેવાં બાળકોના ભરણપોષણ, શિક્ષણ, આરોગ્ય અને સ્વરોજગારી માટે તાલીમ-લોન અને સહાય પૂરી પાડવા આ યોજના શરૂ કરી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારને સફળ સાત વર્ષ પૂર્ણ થયા તે અવસરે આ 'મુખ્યમંત્રી બાળ સેવા યોજના' ગુજરાતમાં કોરોનાથી માતા-પિતા ગુમાવી ચૂકેલાં નિરાધાર બાળકો પ્રત્યે સંપૂર્ણ સંવેદનાથી શરૂ કરવામાં આવી છે.

નિરાધાર બાળકો સાથે સંવાદ કરતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ 'મુખ્યમંત્રી બાળ સેવા યોજના' અંતર્ગત આપવામાં આવતા વિવિધ લાભો વિશે જણાવ્યું હતું કે, નિરાધાર અનાથ બાળક ક્યાંય પાછું ન પડે, તેના સપનાં કે ભાવિ રોળાઇ ન જાય અને તે પોતાની મહેચ્છા મુજબ કારકિર્દી ઘડે, ઉચ્ચ અભ્યાસ કરે તથા સમાજમાં ઉત્તમ નાગરિક તરીકે પ્રસ્થાપિત થાય તેવી સંવેદનાથી આપણે મુખ્યમંત્રી બાળ સેવા યોજના શરૂ કરી છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું કે, જીવનની શરૂઆતના તબક્કે જ બાલ્યકાળમાં મા-બાપની છાયા-હૂંફ ગુમાવી બેઠેલા બાળકનો સધિયારો-આધાર આ સરકાર બની છે. મુખ્યમંત્રી બાળ સેવા યોજના માત્ર નાણાકીય સહાય જ નહીં, આવા બાળકને જીવન જીવવાનો, કારકિર્દી ઘડતરનો તેની આરોગ્ય સુખાકારી, સારવાર તેમજ ઉચ્ચશિક્ષણ અને દીકરીના મામેરા પૂરવા સુધીના

સર્વગ્રાહી કલ્યાણભાવ સાથેની સેવા યોજના છે.ગુજરાતે બાળકોના બાળપણથી લઈને રોજગાર મળતાં સુધીની સર્વાંગી કલ્યાણ યોજના શરૂ કરવાની પથદર્શક પહેલ કરી છે.

જેમનાં માતા-પિતા બંનેનું કોરોનાના સમયગાળા દરમિયાન અવસાન થયું હોય તેવા પ્રત્યેક બાળકને આવકમર્યાદા ધ્યાને લીધા વિના ૧૮ વર્ષની ઉંમર સુધી દર મહિને રૂ. ૪,૦૦૦ રાજ્ય સરકાર આ મુખ્યમંત્રી બાળ સેવા યોજનાની લાભ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. હવે, આ વયમર્યાદા ૧૮થી વધારીને ૨૧ કરવામાં આવી છે.

રાજ્યભરમાં આવાં ૭૭૬ જેટલાં નિરાધાર બાળકોને રૂ. ૪,૦૦૦ની સહાય અન્વયે કુલ ૩૧.૦૪ લાખની સહાય ડી.બી.ટી. થી બેંક ખાતામાં આપવામાં આવી છે. ૨૧ વર્ષ પૂર્ણ કર્યા બાદ પણ જે યુવક-યુવતીઓ ઉચ્ચ અભ્યાસ સાથે જોડાયેલાં હોય તેમને અભ્યાસના વર્ષ અથવા તેમની ૨૪ વર્ષની ઉંમર પૂરી થાય એમાંથી જે વહેલું હોય ત્યાં સુધી આફટર કેર યોજના અન્વયે દર મહિને રૂ. ૬,૦૦૦ની સહાયનો લાભ પણ આપવામાં આવશે. એટલે કે, તમામ પ્રકારના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો આ યોજના માટે માન્ય ગણાશે.

રાજ્યમાં અભ્યાસ માટેની શૈક્ષણિક લોન તેમજ વિદેશ અભ્યાસની લોન માટે કોઈપણ જાતની આવકમર્યાદા ધ્યાનમાં લીધા સિવાય અગ્રતા આપવાનો નિર્ણય કરાયો છે.

રાજયના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક સહાય આપવા માટે શરૂ કરાયેલી ''મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના'' અંતર્ગત પણ અનાથ અને નિરાધાર બાળકોને ઉચ્ચશિક્ષણ માટે આવરી લેવામાં આવ્યા છે અને તેના લાભો કોઈપણ જાતની આવકમર્યાદા સિવાય પ્રાયોરિટીના ધોરણે આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેથી આવાં નિરાધાર બાળકો ઉચ્ચ શિક્ષણની તકો પ્રાપ્ત કરી શકે અને પોતાનું ભાવિ ઉજ્જવળ બનાવી શકે.

૧૪ વર્ષથી ઉપરની વયનાં બાળકો માટે વોકેશનલ તાલીમ અને ૧૮ વર્ષથી ઉપરનાં બાળકોને સ્કિલ ડેવલપમેન્ટ તાલીમ પણ મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંતર્ગત આપવાની વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. આના પરિણામે વ્યવસાયલક્ષી શિક્ષણમાં પણ નિરાધાર બાળકોને તજજ્ઞતા મળશે.

કેન્દ્ર-રાજ્ય સરકાર દ્વારા સંચાલિત કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય/નિવાસી શાળાઓમાં અનુસૂચિત જાતિ અન્ય પછાત વર્ગ તેમજ લઘુમતી સમાજની કન્યાઓને, અનુસૂચિત જનજાતિ, પ્રવેશ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત જે દીકરીઓએ પોતાનાં માતા-પિતા ગુમાવ્યાં છે તેવી નિરાધાર થયેલી કન્યાઓને પણ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય અને નિવાસી શાળાઓમાં શિક્ષણ માટે પ્રવેશમાં અગ્રતા આપીને હોસ્ટેલ ખર્ચ પણ સરકાર આપશે અને આવી નિરાધાર દીકરીઓને શિક્ષણ મેળવવાની વંચિત રહેવાનો વારો નહીં આવે.

રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા અનુસૂચિત જનજાતિ કુટુંબની કન્યાના લગ્ન પ્રસંગે નાણાકીય સહાય આપવામાં આવે છે. નિરાધાર કન્યાઓનો પણ લગ્ન માટે કુંવરબાઈનું મામેરૂં યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

આવી નિરાધાર દીકરીઓને લગ્નપ્રસંગે પોતાનાં માતા-પિતા ન હોવાની કોઈ ઓછપ ન વર્તાય તે માટે રાજ્ય સરકાર તેનું મામેરું કરવાની સંવેદનાથી પડખે ઊભી રહેશે. મુખ્યમંત્રી બાળ સેવા યોજનાનો લાભ મેળવનારાં અનાથ નિરાધાર બાળકોને પણ આવા કાર્ડ અન્વયે તબીબી સારવાર અગ્રતાના ધોરણે અપાશે.

અનાથ બાળકોને ભૂખ્યા સૂવું ન પડે તેની ચિંતા કરીને આ યોજનાના લાભાર્થી બાળકોના પાલક વાલીઓને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા (NFSA) અન્વયે અગ્રતાના ધોરણે આવરી લેવામાં આવ્યા છે. દર મહિને રાહત દરે આવા પરિવારોને બે રૂપિયે કિલો ઘઉ, ત્રણ રૂપિયે કિલો ચોખા, ખાંડ વગેરે મળવાપાત્ર અનાજ ઉપલબ્ધ કરાવાશે અને પેટનો ખાડો પૂરવા સરકાર સહાયક બનશે.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હસ્તકના અને આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકના તમામ નિગમોની તમામ યોજનાઓના લાભો આવકમર્યાદાને ધ્યાનમાં લીધા સિવાય પાત્રતા ધરાવતાં બાળકોને મુખ્યમંત્રી બાળ સેવા યોજના હેઠળ અપાશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમાર, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અધિકારીશ્રીઓ, નિરાધાર બાળકો અને તેના પાલક વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●



## કોરોનામાં વાલીની છત્રછાયા ગુમાવનાર બાળકો પ્રત્યેની સંવેદના

# મુખ્યમંત્રી બાળ સેવા યોજના




"કોઈ પણ ઉંમરે પિતાની છત્રછાયા દૂર થાય છે, ત્યારે માથા પરથી છાપરું નહિ, પણ આકાશ ઉડી ગયું હોય એવો અનુભવ થાય છે.પિતા જોડે જ્યારે ચિતાનો પ્રાસ મળે છે, ત્યારે જીવનની પંક્તિ પ્રાણ વિહોણી થઈ જાય છે."કોરોના કાળમાં માતા પિતા બન્ને ગુમાવનાર બાળકને જોઈને સુરેશ દલાલનો આ વિચાર યાદ આવ્યા વિના ના રહે.પણ આવાં બાળકોને રાજ્ય સરકારની હૂંફ મળી છે. આવા કપરા કાળમાં કોરોનામાં માતા-પિતાની છત્રછાયા ગુમાવી નિરાધાર બનેલાં બાળકોના આધાર આ સરકાર બની છે. બાળકનો ભવિષ્યનો વિચાર કરીને રાજ્ય સરકાર મુખ્યમંત્રી બાળ સેવા યોજનાથી નિરાધાર બાળકની પાલક બની છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં ૧૮ માર્ચ ૨૦૨૦ના દિવસે પ્રથમ કોરોના કેસ આવ્યો ત્યારથી લઈને અત્યાર સુધીમાં કોરોનાથી માતા-પિતાનું અવસાન થતાં નિરાધાર બનેલાં, છત્રછાયા ખોઈ ચૂકેલાં રાજ્યભરના ૭૭૬ બાળકોને દરમહિને રૂ. ૪૦૦૦ની સહાય યોજના અન્વયે ૩૧ લાખ રૂપિયા એટ વન કલીક આ બાળકોના બેંક ખાતામાં જમા કરાવ્યા હતા.

આ પ્રસંગે રાજ્યના ૩૩ જિલ્લા મથકોએથી જે-તે જિલ્લાનાં નિરાધાર-અનાથ બાળકો વીડિયો કોન્ફરન્સથી સહભાગી થયા

હતા. શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, જ્યાં સુધી કોરોના મહામારી રહેશે ત્યાં સુધી આવાં બાળકો જેમણે પોતાના માતા-પિતા ગુમાવ્યા હશે કે, માતા - પિતાનું અવસાન કોરોના દરમ્યાન થશે તેવા બાળકોને રાજ્ય સરકાર આ સહાય આપશે.

મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્રની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે દેશમાં કોરોના મહામારીમાં માતા-પિતાની છત્રછાયા ગુમાવી આધાર વિહોણા બનેલાં બાળકો માટે પીએમ કેર ફંડમાંથી સહાય આપવાની સંવેદનાસ્પર્શી જાહેરાતને દીન દુઃખિયાનાં આંસુ લૂછવાની સંકલ્પબદ્ધતા ગણાવી હતી.

નિરાધાર બાળકોનું ભાવિ રોળાઈ ન જાય તેની સંપૂર્ણ સંવેદનાથી બાળકના વાલી બનીને આ મુખ્યમંત્રી બાળ સેવા યોજનાથી દર મહિને ૪૦૦૦ની સહાયથી બાળકના આધાર બનવાનો સેવા યજ્ઞ આ રાજ્ય સરકારે આદર્યો છે.

જે બાળકનો ૧૮ વર્ષ પૂર્ણ થયા પછી પણ અભ્યાસ ચાલુ હશે તેવા બાળકને ૨૧ વર્ષ સુધી આફ્ટર કેર યોજનામાં આવરી લઈ મહિને ૬ હજારની સહાય સરકાર આપશે. ઉચ્ચ અભ્યાસ સાથે જોડાયેલાં આવાં બાળકો યુવક-યુવતીઓને ૨૪ વર્ષ કે અભ્યાસના વર્ષ પૂર્ણ થાય તેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી આફ્ટર કેર યોજનામાં પ્રતિમાસ ૬ હજાર રૂપિયા સહાય મળશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, બાળ સુરક્ષા અને સમાજ સુરક્ષા વિભાગના કર્મચારીઓએ ખૂબ જ ટૂંકા સમયમાં આ યોજનાનો લાભ બાળકોને મળી રહે તે માટે ખૂબ મહેનત કરી છે. મુખ્યમંત્રીશ્રીએ યોજના જાહેર થયાના માત્ર એક જ મહિનામાં તેનો અમલ કરીને જિલ્લાઓમાંથી આવાં નિરાધાર બાળકો શોધી તેની ખરાઈ સહિતની બધી પ્રક્રિયા પૂર્ણ કરી આ સહાય ચૂકવવા સુધીની ઝડપી કામગીરી માટે વિભાગના અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, મુખ્યમંત્રી બાળ સેવા યોજના જાહેર થયાના માત્ર ૩૮ દિવસમાં જ તેનો અમલ કરીને આ સરકારે 'જે કહેવું તે કરવું'નો મંત્ર સાકાર કર્યો છે. આ સરકાર ગરીબ, વંચિત, પીડિત લોકોને તેમજ સામાન્ય માનવીને કેન્દ્ર સ્થાને રાખીને બધી જ કલ્યાણ યોજનાઓ બનાવી તેનો અમલ કરી રહી છે અને કરતી રહેશે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ આ બાળકો સાથે આવેલા તેમના પાલક વાલી સાથે પણ સંવેદનાસભર સંવાદ કરી બાળકોનાં દિવંગત માતા પિતા વિશે પૃચ્છા કરી હતી અને કિટ અર્પણ કરી હતી. મુખ્યમંત્રી બાળ સેવા યોજના અન્વયે જે ૭૭૬ બાળકોને પ્રત્યેકને રૂ. ૪ હજારની સહાય મળી છે તેમાં, અમદાવાદ જિલ્લામાં-૪૨, અમરેલી-૧૯, અરવલ્લી-૨૬, આણંદ-૩૯, કચ્છ-૩૧, ખેડા-૩૬, ગાંધીનગર-૬, ગીર સોમનાથ-૧૬, છોટાઉદેપુર-૬, જામનગર-૨૪, જૂનાગઢ-૨૮, ડાંગનાં-૧૧, તાપીનાં-૧૭, દાહોદનાં-૨૨, દેવભૂમિ દ્વારિકાનાં-૧૩, નર્મદાનાં-૧૨, નવસારીનાં-૩૦, પંચમહાલ-૩૦, પાટણ-૨૨, પોરબંદર-૧૧, બનાસકાંઠા-૨૧, બોટાદ-૧૩, ભરૂચ-૧૯, ભાવનગર-૪૨, મહિસાગર-૯ તેમજ મહેસાણા-૨૨, મોરબી-૧૨, રાજકોટ-૫૮, વડોદરા-૩૨, વલસાડ-૨૬, સાબરકાંઠા-૩૬, સુરત-૨૯ અને સુરેન્દ્રનગરનાં-૧૬ મળી કુલ ૩૩ જિલ્લાનાં ૭૭૬ નિરાધાર બાળકોને સમગ્રતયા ૩૧ લાખ ૪ હજારની સહાય મુખ્યમંત્રીશ્રીએ અર્પણ કરી હતી.

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારે આ પ્રસંગે જણાવ્યું કે, બાળકો દેશ અને સમાજનું ભવિષ્ય છે. આવનારા સમયમાં રાજ્યનો સુદૃઢ અને સર્વાંગી વિકાસ સાધવો હોય તો રાજ્યનાં બાળકોના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું પડે. ગુજરાત સરકારે બાળકોની સુરક્ષા અને સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને નીતિઓ જાહેર કરી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈના નેતૃત્વમાં સરકાર બાળકોને સુરક્ષા પૂરી પાડીને મૂળભૂત અધિકારોનું સંરક્ષણ કરી રહી છે.

> આ સરકાર ગરીબ-વંચિત-પીડિત લોકો તેમજ સામાન્ય માનવીને કેન્દ્ર સ્થાને રાખીને બધી જ કલ્યાણ યોજનાઓ બનાવે છે-અમલ કરે છે અને કરતી રહેશે

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હસ્તકના સમાજ સુરક્ષા ખાતા દ્વારા રાજ્યભરમાં પાલક માતા-પિતા યોજના પણ અમલમાં છે, જે અંતર્ગત બાળકોના માતા-પિતા મૃત્યુ પામ્યા હોય અથવા તો જે બાળકના પિતા મૃત્યુ પામ્યા હોય અને માતાએ પુનઃ લગ્ન કર્યા ન હોય તેવાં બાળકોને માસિક ૩ હજાર રૂપિયાની સહાય DBT થી સહાય જમા કરાવવામાં આવે છે, અત્યારે આ યોજના અંતર્ગત ૧૭,૧૪૫ બાળકોને સહાય આપવામાં આવી રહી છે.

અનાથ બાળકોનો ઉછેર સંસ્થાકીય વાતાવરણને બદલે કૌટુંબિક વાતાવરણમાં થાય તો સ્વસ્થ અને સંતુલિત વિકાસ સાધી શકાય છે. કોરોનાકાળમાં અનાથ બનેલાં બાળકો પ્રત્યે સંવેદના મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ મુખ્યમંત્રી બાળ સેવા યોજના જાહેર કરી છે. આ પ્રસંગે શ્રી વિજયભાઈ રૂપાણીએ નિરાધાર બનેલાં ૭૭૬ બાળકોનાં દિવંગત માતા-પિતાને ભાવસભર શ્રદ્ધાંજલિ પણ આપી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી કૈલાસનાથન, કમિશનર શ્રી દિલીપ રાણા, નિયામક શ્રી નાચીયા અને અધિકારીઓ આ વેળાએ ગાંધીનગરમાં ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા મથકોએથી સાંસદશ્રીઓ, ધારાસભ્યો, પદાધિકારીઓ

અને લાભાર્થી બાળકો તેમજ વાલીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સંવેદનશીલતાના પરિણામ સ્વરૂપ આ યોજનાનો રાજ્યવ્યાપી અમલ કરાયો હતો અને સમાંતરે પ્રત્યેક જિલ્લામાં યોજાયેલા કાર્યક્રમમાં લાભાર્થી બાળકોના બેંક ખાતામાં સહાય જમા કરવામાં આવી હતી. જે અંગેની જિલ્લા દીઠ ટૂંક વિગતો અહીં આપવામાં આવી છે.

## અમદાવાદ

"મુખ્યમંત્રી બાળ સેવા યોજના" અંતર્ગત કોરોનોમાં માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર બાળકોને અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલેની ઉપસ્થિતિમાં નાણાકીય સહાય અર્પણ કરવાનો કાર્યક્રમ અમદાવાદ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાયો હતો. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતના વિવિધ જિલ્લામાંથી કોરોનામાં અનાથ-નિરાધાર થયેલ બાળકો પ્રત્યે સંવેદનશીલતા દાખવીને તેમને રૂ. ૪ હજારની સહાય અર્પણ કરવામાં આવી હતી. અમદાવાદ જિલ્લામાંથી આવાં ૪૨ બાળકોને સહાય અર્પણ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ પ્રત્યેક બાળકને માસિક રૂ. ૪૦૦૦ની સહાય કરવામાં આવે છે. આ તમામ બાળકોના બેંક એકાઉન્ટમાં DBT (Direct Benefit Transfer)થી નાણાકીય સહાય જમા થશે.

## અમરેલી

બાળ સેવા સહાય યોજનાના લોન્ચિંગ કાર્યક્રમની રાજ્યવ્યાપી શૃંખલા અન્વયે અમરેલીમાં કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હૉલમાં કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર શ્રી ગૌરાંગ મકવાણા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી દિનેશ ગુરવ, ચાઇલ્ડ વેલ્ફેર કમિટી ના ચેરમેનશ્રી તથા સભ્યશ્રીઓ, જુવેનાઇલ જસ્ટિસ બોર્ડના સભ્યશ્રી, સમાજ સુરક્ષા અધિકારી શ્રી વસીમ સૈયદ તેમજ બાળ સુરક્ષા અધિકારીશ્રી તથા કચેરીનો સર્વે સ્ટાફ અને સંબંધિત સરકારી વિભાગના અધિકારીઓ, લાભાર્થી બાળકોનાં પાલક માતા-પિતા વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

## ભરૂચ

"મુખ્યમંત્રી બાળ સેવા યોજના"અંતર્ગત કોરોનોમાં માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર બાળકોને ભરૂચ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી અલ્પાબહેન પટેલ અને જિલ્લા કલેક્ટર ડૉ.



એમ.ડી.મોડિયાની ઉપસ્થિતિમાં નાણાકીય સહાય અર્પણ કરવાનો કાર્યક્રમ ભરૂચ કલેક્ટર કચેરીના વીડિયો કોન્ફરન્સ હોલ ખાતે યોજાયો હતો.

ગાંધીનગરથી મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલ આ કાર્યક્રમમાં સમગ્ર ગુજરાતના વિવિધ જિલ્લામાંથી કોરોનામાં અનાથ-નિરાધાર થયેલ બાળકો પ્રત્યે સંવેદનશીલતા દાખવીને પ્રત્યેકને રૂ.૪ હજારની સહાય અર્પણ કરવામાં આવી હતી.

## ભાવનગર

ભાવનગરમાં પણ કલેક્ટર કચેરી ખાતે મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલાં કાર્યક્રમમાં સહભાગી બનવા માટે કોરોનાને કારણે નિરાધાર બાળકો આવ્યાં હતાં. તમામ બાળકોને કલેક્ટર શ્રી યોગેશ નીરગુડેએ આગવી સંવેદનશીલતા સાથે બાળક ક્યાંથી આવ્યું છે ? તે કયા ધોરણમાં અભ્યાસ કરે છે ? ઓફલાઇન અભ્યાસ સારો છે કે ઓનલાઇન ? કેવી રીતે પ્રેક્ટિકલ વિષયોમાં કેવી રીતે તૈયારી કરો છો ? વગેરે પ્રશ્નો પૂછીને બાળકોને શિક્ષણનું મહત્ત્વ સમજાવ્યું હતું. બાળકોએ પણ કલેક્ટરશ્રીના સવાલોના સહજતાથી જવાબો આપ્યા હતા.

## દેવભૂમિ દ્વારકા

ખંભાળિયા સ્થિત જિલ્લા સેવા સદનના સભાખંડ ખાતે "મુખ્યમંત્રી બાળ સેવા યોજના" લોન્ચિંગનો જિલ્લાકક્ષાનો કાર્યક્રમ દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેક્ટર શ્રી એમ.એ.પંડ્યાની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના આ યોજનાના લાભાર્થીના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત બાળકોને શૈક્ષણિક કિટ અને યોજના આદેશનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. કલેક્ટર શ્રી એમ.એ.પંડ્યાએ ઉપસ્થિત લાભાર્થી બાળકોને સારી રીતે અભ્યાસ કરવા જણાવી તેમનાં પાલક માતા-પિતાને પણ બાળકને પોતાનું બાળક સમજી તેમને મળેલ જવાબદારીને યોગ્ય રીતે નિભાવી બાળકને એક જવાબદાર નાગરીક બને તે પ્રમાણે તેમનો ઉછેર કરવા જણાવ્યું હતું.

## ગીર-સોમનાથ

મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંતર્ગત ગીર-સોમનાથ જિલ્લામાં ૧૬ અનાથ-નિરાધાર બાળકોને નાણાકીય સહાય અર્પણ કરાઇ હતી. જિલ્લા કલેક્ટર શ્રી આર.જી.ગોહીલ અને જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રામીબહેન વાજાના હસ્તે ત્રણ બાળકોને કિટ એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે સમાજ સુરક્ષા અધિકારીશ્રી મોર્ય, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી પ્રિયંકાબહેન સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## જામનગર

"મુખ્યમંત્રી બાળ સેવા યોજના" યોજના અંતર્ગત જામનગરનાં ૨૪ બાળકોને સહાય અર્પણ કરાઇ હતી. જામનગર કલેક્ટર કચેરી ખાતેથી મેયર શ્રી બીનાબહેન કોઠારી, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ધરમશીભાઇ ચનિયારા, કલેક્ટર શ્રી સૌરભ પારધી, અધિક કલેક્ટર શ્રી રાજેન્દ્ર સરવૈયા સહિતના પદાધિકારીઓ અને લાભાર્થી બાળકો તેમજ વાલીઓ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આ કાર્યક્રમમાં જોડાયા હતા. કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે કલેક્ટર કચેરી ખાતે ઉપસ્થિત ૧૫ બાળકોને કિટ એનાયત કરવામાં આવી હતી. આ તકે લાભાર્થી બાળકો અને વાલીઓએ મુખ્યમંત્રીશ્રીની સંવેદનશીલતા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## ભૂજ

કલેક્ટર કચેરી ખાતે યોજાયેલા મુખ્યમંત્રી બાળ સેવા યોજના ભૂજમાં ઓનલાઇન પેમેન્ટ લોન્ચિંગ કાર્યક્રમ અન્વયે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી બાળકોને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર ડી.બી.ડી.ના માધ્યમથી રૂ.૩૧ લાખનું પેમેન્ટ કર્યુ હતું. જેમાં કચ્છનાં ૩૧ બાળકોનો પણ સમાવેશ થાય છે. આ તકે જિલ્લા કક્ષાએ લાભાર્થી બાળકોને કિટ અને ગિફ્ટ તથા તેમના પાલકોને યોજનાના હુકમપત્રોનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

> નિરાધાર બાળકોનું ભાવિ રોળાઇ ન જાય તેની સંપૂર્ણ સંવેદનાથી બાળકના વાલી બનીને આ **મુખ્યમંત્રી બાળ સેવા યોજના**થી દર મહિને ૪૦૦૦ની સહાયથી બાળકના આધાર બનવાનો સેવા યજ્ઞ આ રાજ્ય સરકારે આદર્યો છે

## મહીસાગર

મહીસાગર જિલ્લા સેવા સદન ખાતે બાળ સેવા યોજનાના લોચિંન્ગ, પ્રતીકરૂપે લાભાર્થીઓને સહાય વિતરણ અને મુખ્યમંત્રીના સંવેદનાસભર ઉદબોધન બાદ જિલ્લા કક્ષાએ માતા પિતા ગુમાવનાર નવ અનાથ બાળકોને મહાનુભાવોના હસ્તે મંજૂરી પત્ર, ચેક, ઘડિયાળ અને શાળાની કિટ વિતરણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર શ્રી મનીષકુમાર લુણાવાડાએ આ બાળકો સાથે આવેલા તેમના પાલક વાલી સાથે પણ સંવેદનાસભર સંવાદ કરી બાળકોનાં દિવંગત માતા-પિતા વિશે પૃચ્છા કરી હતી. તેમાં એક નાની બાળકીને સુકન્યા સમૃદ્ધિ યોજનાના લાભ માટે તાત્કાલિક નિર્ણય કરી પોતે અને ઉપસ્થિત મહાનુભાવોએ યોગદાન આપી રૂા.૧૦,૦૦૦ની રકમ બાળકીને અર્પણ કરી પુણ્યકાર્યમાં સહભાગી થયા હતા.

## ખેડા

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારના સાત વર્ષ પૂર્ણ થવા અવસરે ૨૯મી મેએ જાહેર થયેલી ''મુખ્યમંત્રી બાળ સેવા યોજનાનો માત્ર ૩૮ દિવસમાં રાજ્યવ્યાપી અમલ કરવાની આગવી સંવેદના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રગટ કરી છે. આ કાર્યક્રમ અંતર્ગત ખેડા જિલ્લાનાં કુલ-૩૬ નિરાધાર બાળકોને જિલ્લા કલેક્ટર શ્રી કે. એચ. બચાણીના હસ્તે ૧૦ બાળકોને પ્રતીકાત્મક સહાય કિટ આપવામાં આવી હતી.

## નવસારી

નવસારી જિલ્લામાં મુખ્યમંત્રી બાળ સેવા યોજનામાં 30 અનાથ-નિરાધાર બાળકોને આ યોજનામાં આવરી લેવામાં આવ્યાં છે. તેમને પ્રતિમાસ રૂ.૪૦૦૦ની સહાય મળતી થઈ ગઈ છે. નવસારી જિલ્લા કલેક્ટર શ્રી અમિત યાદવના હસ્તે 30 અનાથ અને નિરાધાર બનેલાં બાળકોને સહાય હુકમો એનાયત કરવામાં આવ્યા હતા. કલેક્ટરશ્રીએ કોરોનાકાળમાં માતા-પિતા ગુમાવનારાં બાળકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ગુજરાત સરકારે સંવેદનશીલ અભિગમ અપનાવી અનાથ-નિરાધાર બાળકોને મુખ્યમંત્રી બાલસેવા યોજના હેઠળ નાણાકીય સહાય ચૂકવી છે, જે બાળકોના પાલન-પોષણ અને ઉછેરમાં ઉપયોગી થશે.

> ગુજરાત સરકારે બાળકોની સુરક્ષા અને સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને નીતિઓ જાહેર કરી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈના નેતૃત્વમાં સરકાર બાળકોને સુરક્ષા પૂરી પાડીને મૂળભૂત અધિકારોનું સંરક્ષણ કરી રહી છે.

## પંચમહાલ

પંચમહાલ જિલ્લામાં કલેક્ટર શ્રી સુજલ મયાત્રાની અધ્યક્ષતામાં જિલ્લાનાં લાભાર્થી બાળકો અને તેમનાં પાલક માતા-પિતા ઓનલાઈન માધ્યમથી ઓનલાઈન પેમેન્ટ લોન્ચિંગના આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા. ઉલ્લેખનીય છે કે યોજના શરૂ કર્યાના એક જ મહિનામાં પંચમહાલ જિલ્લાનાં 40 બાળકોને ખરાઈ સહિતની પ્રક્રિયા પૂર્ણ કરી મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંતર્ગત માસિક 4,000ની સહાય મંજૂર કરવામાં આવી છે. જે પૈકી 30 બાળકોના ખાતામાં સહાયની રકમ ટ્રાન્સફર કરવામાં આવી છે. કોરોના મહામારીને કારણે નિરાધાર બનેલાં બાળકો પૈકી પ્રતીકરૂપે 20 બાળકોને કાર્યક્રમ બાદ જિલ્લા કલેક્ટરશ્રી અને જિલ્લા પંચાયત પ્રમુખ કુ. કામિનીબહેન સોલંકી સહિતના ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સહાય હુકમો અને શૈક્ષણિક સામગ્રી ધરાવતી કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## પાટણ

પાટણ જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલા કાર્યક્રમમાં કોરોનાકાળ દરમ્યાન માતા-પિતા ગુમાવનાર ૨૨ બાળકોના પ્રતિનિધિ સ્વરૂપે ઉપસ્થિત રહેલાં ૧૦ બાળકોને જિલ્લા કલેક્ટર શ્રી સુપ્રીત સિંઘ ગુલાટી તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રી રમેશ મેરજા સહિતના મહાનુભાવોના હસ્તે યોજનાના હુકમ તથા શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંતર્ગત પાટણ જિલ્લાના ૨૨ નિરાધાર બાળકોને જુલાઈ માસના રૂ.૪,૦૦૦ લેખે કુલ રૂ.૮૮,૦૦૦ની સહાય સીધી તેમના બેંક ખાતા દ્વારા ચૂકવવામાં આવી.

## પોરબંદર

પોરબંદર જિલ્લાનાં ૧૧ બાળકોને સહાય અર્પણ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ પ્રત્યેક બાળકના બેંક ખાતામાં માસિક રૂ. ૪ હજાર DBT( Direct Benefit Transfer) થી નાણાકીય સહાય જમા થશે. જિલ્લા કલેક્ટર શ્રી અશોક શર્માએ કોરોનાકાળમાં માતા-પિતા ગુમાવનારાં બાળકો પ્રત્યે



સંવેદના વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે "ગુજરાત સરકારે સંવેદનશીલ અભિગમ અપનાવી આવાં બાળકોને મુખ્યમંત્રી બાલસેવા યોજના હેઠળ નાણાકીય સહાય ચૂકવી છે, જે બાળકોના પાલન-પોષણ અને ઉછેરમાં ઉપયોગી થશે. ધારાસભ્ય શ્રી બાબુભાઇ બોખીરિયાએ કહ્યું કે, સંવેદનશીલ સરકારના સંવેદનશીલ નિર્ણયથી માતા પિતા ગુમાવનાર બાળકોના ઉછેરમાં આ સહાય ઉપયોગી બનશે.

## રાજકોટ

બાળ સેવા સહાય યોજનાના લોન્ચિંગ કાર્યક્રમની રાજ્યવ્યાપી શૃંખલા અન્વયે રાજકોટ ખાતે કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હૉલમાં કાર્યક્રમ યોજાયો હતો. મુખ્યમંત્રીશ્રી દ્વારા આરંભાયેલી બાળ સેવા સહાય યોજના અંતર્ગત ૧૮ વર્ષ સુધીનાં જે બાળકોએ તેમના માતા-પિતા કોરોનાને લીધે ગુમાવ્યાં છે તેવાં ૫૮ બાળકોને કલેક્ટર શ્રી અરૂણ મહેશ બાબુ અને મહાનુભાવોના હસ્તે આ યોજનાની પાસબુક તથા શૈક્ષણિક કિટ એનાયત કરાઈ હતી. દાતાશ્રી હરેશભાઈ વોરાએ કોરોનાને લીધે માતા-પિતા ગુમાવનાર દસ વર્ષથી નાની ઉંમરની ચાર દીકરીઓને "સુકન્યા સમૃદ્ધિ યોજના" અંતર્ગત બેંકમાં ખાતું ખોલાવી દરેકના ખાતામાં રૂપિયા ૧૦,૦૦૦ જમા કરાવ્યા હતા.

## સુરત

''મુખ્યમંત્રી બાળ સેવા યોજના'' હેઠળ સુરત શહેર-જિલ્લાનાં ૩૧ બાળકોના બેંક ખાતામાં દર મહિને રૂા.૪૦૦૦ લેખે ધનરાશિ જમા થશે. આ રાજયવ્યાપી કાર્યક્રમમાં સુરત જિલ્લા કલેકટર કચેરી ખાતે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી મેયર શ્રી હેમાલીબહેન બોઘાવાલા, ધારાસભ્ય શ્રી ઝંખનાબહેન પટેલ, ધારાસભ્ય શ્રી વી.ડી. ઝાલાવાડિયા, જિલ્લા કલેકટર શ્રી આયુષ ઓક તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.એસ. ગઢવી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી જયેન્દ્ર ઠાકોર, સમાજ સુરક્ષા અધિકારી શ્રી પટેલ પણ જોડાયા હતા. આ અવસરે પદાધિકારીઓ તથા અધિકારીઓએ બાળકોને સ્કૂલબેગ સહિતની કિટ્સ આપીને પ્રોત્સાહિત કર્યા હતા.

## સુરેન્દ્રનગર

બાળ સેવા સહાય યોજના અન્વયે સુરેન્દ્રનગર ખાતે આ કાર્યક્રમ કલેકટર કચેરી ખાતે યોજાયો હતો. આ યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાનાં ૧૬ બાળકોને સહાય અર્પણ કરાઇ હતી. આ કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે કલેકટર કચેરી ખાતે ઉપસ્થિત ૮ બાળકોને કિટ એનાયત કરવામાં આવી હતી. આ તકે લાભાર્થી બાળકો અને વાલીઓએ મુખ્યમંત્રીશ્રીની સંવેદનશીલતા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## વડોદરા

વડોદરા જિલ્લા કલેકટર શ્રી આર.બી. બારડે વડોદરા જિલ્લાનાં નિરાધાર ૩૨ બાળકો પ્રત્યે સંવેદના દાખવી તેમના ઉજ્જવળ ભાવિની શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. વડોદરા જિલ્લાનાં ૩૨ નિરાધાર બાળકોને રૂ.૧.૨૮ લાખની સહાય મુખ્યમંત્રીશ્રીએ અર્પણ કરી હતી. વડોદરા જિલ્લાનાં આ તમામ ૩૨ બાળકોને જૂન માસના સહાયના નાણાં તેમના બેંક ખાતામાં સીધા જમા કરવામાં આવ્યા હતા. દર માસે સહાયની રકમ ડી.બી.ટી.મારફત લાભાર્થી બાળકોના ખાતામાં સીધી જમા કરવામાં આવશે. ●







# કોરોના સંક્રમણ બાદ વિકાસના તમામ ક્ષેત્રે ગુજરાતને પુનઃ ધબકતું કરવાની નેમ : Dy CM

કોરોના સંક્રમણના ઘટાડાના પગલે ગુજરાત રાજ્યમાં જનજીવન પુન ધબકતું કરવાની નેમ રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે વ્યક્ત કરી છે. બોટાદ નગરપાલિકાના નાનાજી દેશમુખ હૉલ ખાતે ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં બોટાદ જિલ્લાની સમીક્ષા બેઠકમાં ભાગ લેતાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં આપણે કોરોનાની બીજી લહેરને સફળતાપૂર્વક પાર કરી છે અને હવે રાજ્યમાં ખેતી, ઉદ્યોગ-ધંધા અને શિક્ષણ જેવાં ક્ષેત્રોમાં તબક્કાવાર છૂટછાટ આપી જનજીવનને પૂર્વવત્ કરવામાં આવી રહ્યું છે. ગુજરાતનું વિકાસ-ચક્ર થંભે એ કોઈ રીતે આપણને પોસાય નહીં.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે બોટાદમાં મેડિકલ કોલેજને મંજૂરી આપી દીધી છે અને ટૂંક સમયમાં જ તે અંગેની કામગીરી શરૂ થશે, જેના પરિણામે ગુજરાતના આરોગ્યક્ષેત્રના નકશા પર બોટાદ જિલ્લો પણ સ્થાન પામશે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે રાજકોટ અને ભાવનગરની જેમ બોટાદ પણ તેની આરોગ્યસેવાના કારણે સૌરાષ્ટ્રમાં મહત્ત્વનું કેન્દ્ર બની રહેશે.

ગુજરાત સરકાર દ્વારા થતાં નાણાકીય ખર્ચનો સંપૂર્ણ ઉપયોગ પ્રજાહિતમાં થાય તે દિશામાં કાર્યરત છે. તેમણે આ તબક્કે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, રાજ્યના ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં નિર્માણાધીન રસ્તાની ગુણવત્તા સાથે બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં. નાયબ મુખ્યમંત્રીશ્રીએ સમીક્ષા બેઠકમાં ઉપસ્થિત અધિકારીશ્રીઓને તાકીદ કરતાં કહ્યું કે, રાજ્ય અને કેન્દ્ર સરકારની યોજનાનો અસરકારક અમલ થાય તે માટે સૌએ ગંભીરતાથી કાર્ય કરવું જોઈએ. તેમણે સ્થાનિક પ્રશ્નોનો ઉકેલ જિલ્લા-તાલુકા સ્તરે જ આવે તેવો અભિગમ અપનાવવાનો અનુરોધ કર્યો હતો.

ભૂતકાળમાં સૌરાષ્ટ્રનાં ગામડાઓમાં ટ્રેન અને ટેન્કરથી પાણી પહોંચાડવું પડે તેવી સ્થિતિ હતી, જ્યારે આજે નર્મદા, સુજલામ્-સુફલામ્, સૌની અને અન્ય સિંચાઈ યોજનાની મદદથી ગામે-ગામ તળાવો ભરવામાં આવ્યાં છે અને ખેડૂતોને સિંચાઈ માટેની સુવિધા ઉપલબ્ધ બનાવવામાં આવી છે, જેના કારણે ગુજરાતમાં ખેતીમાં વિક્રમજનક ઉત્પાદન થઈ રહ્યું છે.

ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલે બોટાદને મેડિકલ કોલેજ ફાળવવા બદલ નાયબ મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. પ્રાસંગિક ઉદબોધનમાં ઊર્જામંત્રીશ્રીએ અધિકારીશ્રી અને પદાધિકારીશ્રીઓને “ટીમ બોટાદ” તરીકે કાર્ય કરવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત નાયબ મુખ્યમંત્રીશ્રીએ તેમની બોટાદ મુલાકાત દરમિયાન આરાધના કોવિડ હોસ્પિટલ તેમ જ જ્યાં નવી સિવિલ હોસ્પિટલ આકાર પામશે તે સ્થળની પણ મુલાકાત લીધી હતી. બોટાદની જિલ્લા કક્ષાની સમીક્ષા બેઠકમાં ધારાસભ્ય શ્રી આત્મારામભાઈ પરમાર, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ઘનશ્યામભાઈ વીરાણી સહિત ઉચ્ચ અધિકારીશ્રીઓ તેમ જ નગરપાલિકા અને તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.●

# ભરૂચ- અંકલેશ્વરને જોડતો 'નર્મદામૈયા પુલ' જનતાને સમર્પિત





વર્તમાન ગુજરાત સરકાર જ્યાં સમસ્યા, ત્યાં સમાધાનના ધ્યેયમંત્ર સાથે કામ કરી રહી છે. નાગરિકોને જીવનજરૂરી એવી તમામ સુવિધા સરકાર તરફથી પૂરી આપવામાં આવી રહી છે. ભરૂચનો નર્મદામૈયા બ્રિજ એનું જીવંત ઉદાહરણ છે' એમ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ભરૂચ-અંકલેશ્વર રોડ અને નર્મદા નદી પર રૂા.૪૩૦ કરોડના ખર્ચે નવનિર્મિત ચાર માર્ગીય 'નર્મદામૈયા પુલ' તેમજ એલિવેટેડ કોરીડોર'ના લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતું. આ સાથે, અમૂલ્ય વિરાસત સમા ઐતિહાસિક ગોલ્ડન બ્રિજની યાદગીરીને જીવંત રખાશે.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અષાઢી બીજના પવિત્ર દિને ભરૂચ અને અંકલેશ્વરના નાગરિકો સહિત લાખો વાહનચાલકોને 'નર્મદામૈયા પુલ'ના રૂપે નવલું નજરાણું મળ્યું છે, સાથોસાથ ભરૂચ-અંકલેશ્વર-ઓ.એન.જી.સી રસ્તા પર રૂ.૧૪.૫૦ કરોડના ખર્ચે બનનાર ત્રણ માર્ગીય બોક્ષ ક્લવર્ટના કામની તકતીના અનાવરણ સહિત જિલ્લાના વિવિધ તાલુકા વિસ્તારમાં મુખ્યમંત્રીશ્રી ગ્રામ સડક યોજના અંતર્ગત રૂા.૨૨૨ કરોડના ખર્ચે ગ્રામ્ય માર્ગો અને રાજય માર્ગોના કામોનું પણ તેમણે ખાતમુહૂર્ત કર્યું હતું.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ૨૦૧૦ના દાયકાની શરૂઆતમાં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તે સમયની તે સમયની કેન્દ્ર સરકારના ભરોસે બેસી ન રહેતા, સ્વનિર્ભર બની બ્રિજ બનાવવાનું બીડું ઉઠાવ્યું હતું, ગોલ્ડન બ્રિજની સમાંતરે જ નવો બ્રિજ બનાવવાનું વિચારબીજ રોપાયું અને આજે આ મહત્વાકાંક્ષી બ્રિજ સાકાર થયો છે.

આ પ્રસંગે સહકાર રાજયમંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું કે, આ પૂલના નિર્માણથી સમય, ઈંધણ અને નાણાંની મોટી બચત થશે. આ અવસરે ધારાસભ્ય શ્રી દુષ્યંતભાઈ પટેલ, પદાધિકારીઓ, અન્ય અધિકારીગણ, શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

## દાંતા-અંબાજી ચારમાર્ગીય રસ્તાનું લોકાર્પણ



વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીને જોડતા દાંતાથી અંબાજી સુધીના રૂ. ૧૨૦ કરોડના ખર્ચે ૨૨ કિ.મિ.ના રસ્તાને ચારમાર્ગીય બનવવાનું કામ રાજ્યના માર્ગ અને મકાન વિભાગ દ્વારા પૂર્ણ કરવામાં આવ્યું છે. અંબાજીને જોડતા આ ચારમાર્ગીય રસ્તો, ત્રિશુળિયા ઘાટ ઉપર બનાવાયેલ વ્યૂ પોઈન્ટનું નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે લોકાર્પણ કરી, શક્તિપીઠ અંબાજીમાં માતાજીના દર્શન અને પૂજા-અર્ચના કરી હતી.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ધાર્મિક સ્થળ યાત્રાધામ અંબાજીને પ્રવાસન ધામ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે.

આ પ્રસંગે સંસદ સભ્ય શ્રી પરબતભાઈ પટેલ, રાજ્યસભા સાંસદ શ્રી દિનેશભાઈ અનાવાડિયા, ધારાસભ્ય શ્રી કીર્તિસિંહ વાઘેલા સહિત અધિકારીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. ●

## મહેસાણા-વિસનગરમાં ઑક્સિજન પ્લાન્ટ

કોરોનાની સંભવિત ત્રીજી લહેરને પહોંચી વળવા માટે સરકાર દ્વારા તમામ પ્રકારની તૈયારીઓ થઈ રહી છે. મહેસાણા સાંઇ ક્રિષ્ણા હોસ્પિટલ અને વિસનગર જનરલ હોસ્પિટલ ખાતે નવીન ઑક્સિજન પ્લાન્ટના લોકાર્પણ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતું કે, દૂધ સાગર ડેરીના લાખો પશુપાલકોના સહયોગથી સાંઇ ક્રિષ્ણા હોસ્પિટલને નવીન પ્લાન્ટ મળ્યો છે જે માનવ સેવાનું ઉત્તમ ઉદાહરણ છે.

સાંઇ ક્રિષ્ણામાં સ્થાપયેલો પી.એસ.એ ઑક્સિજન પ્લાન્ટ 334 લિટર પ્રતિમિનિટની ક્ષમતા ધરાવે છે. પ્રતિદિન 72 બોટલોનું ઉત્પાદન કરી 50થી વધુ દર્દીઓને ઑક્સિજન પૂરો પાડતા આ પ્લાન્ટ માટે ડેરી દ્વારા રૂ. 30 લાખનું અનુદાન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત નાયબ મુખ્યમંત્રીશ્રીએ વિસનગરમાં રૂ.3.61 કરોડના ખર્ચે નવીનીકરણ કરાયેલા પીંડારિયા તળાવનું લોકાર્પણ કર્યું હતું. ●



## નગરપાલિકાના ચીફ ઓફિસરોને

# લોકહિતના કામોનો વ્યાપ વધારવા મુખ્યમંત્રીશ્રીનું આહવાન

ગુજરાત સરકારે ગામડાઓ, નગરો, મહાનગરોનો સમાન વિકાસ થાય તે દિશામાં કાર્યો કર્યાં છે. 'જ્યાં માનવી, ત્યાં સુવિધા'ના વિકાસ મંત્ર સાથે ગુજરાત સરકારે જનકલ્યાણની પ્રવૃત્તિને વેગ આપ્યો છે. નગરોમાં લોકોને સારા માર્ગો, પીવાનું શુદ્ધ પાણી, બાગ-બગીચા સહિતની સુવિધા મળી રહે તેમજ લોકોની ઈઝ ઓફ લિવિંગની અપેક્ષા પૂર્ણ થાય તે માટે સરકાર સતત પ્રયત્નશીલ રહી છે. નગરોના નાગરિકોનો સારી સુવિધા મળી રહે અને તેમના પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવી શકાય તે માટે સરકાર અધિકારી- પદાધાકારીઓને માર્ગદર્શન તેમજ તાલીમ આપતી રહે છે.

તાજેતરમાં રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગે રાજ્યભરની નગરપાલિકાઓના ચીફ ઓફિસર મુખ્ય અધિકારીઓનો એક દિવસીય વર્કશોપ ગાંધીનગરમાં આયોજિત કર્યો હતો. આ વર્કશોપના અધ્યક્ષસ્થાનેથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સંબોધન કર્યું હતુ. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની નગરપાલિકાઓના મુખ્ય અધિકારીઓ-ચીફ ઓફિસર્સને નગરપાલિકાઓનો આધાર ગણાવતાં સ્પષ્ટ મત વ્યકત કર્યો કે, ગુડ ગવર્નન્સના મોડેલ તરીકે દેશમાં પ્રસ્થાપિત થયેલા ગુજરાતની આ શાખ-નામના જળવાઇ રહે અને ગુજરાત અન્ય રાજ્યોની તુલનાએ શહેરી વિકાસ કામોમાં હંમેશાં અગ્રિમ રહે તેવું દાયિત્વ તેમણે નિભાવવાનું છે. મુખ્ય અધિકારીઓને આહવાન કર્યું કે, સુશાસન મોડેલ અને શહેરી વિકાસની ગુજરાતની આગવી પ્રણાલિ પ્રત્યે સૌ નજર માંડીને બેઠા છે.

શ્રી ટાયર સિસ્ટિમમાં આપણી લોકશાહીમાં ગ્રામ પંચાયત, નગરપાલિકા જેવી સંસ્થાઓની અલગ સ્વાયતતા છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓએ લોકોની અપેક્ષા-આશા પૂરી કરીને લોકશાહીને વધુ મજબૂત બનાવવાની છે અને ચીફ ઓફિસરોએ પણ વ્યાપક જનહિતલક્ષી કામોથી સહયોગ આપવાનો છે. તમારા શહેરનો આગવો વિકાસ જનરલ બોર્ડની બેઠકમાં જ નિર્ણયો કરીને કરી શકાય તેવી સ્વાયત્તતા છે ત્યારે તાજેતરની ચૂંટાયેલી પાંખના યુવાઓ યંગ બ્લડ અને ચીફ ઓફિસરોની પણ યુવા ટીમ નવું લોહી આવા આગવા વિકાસ વિઝનથી કાર્યરત બને. ફરિયાદોને અવકાશ ન રહે તેમજ લોકોના વ્યાપક હિતના જનસુખાકારીનાં વિકાસ કામો પ્રો-એક્ટિવલી થાય તેવું વર્કકલ્ચર આપણે નગરોમાં વિકસાવવું છે.

મુખ્યમંત્રીશ્રીએ ચીફ ઓફિસરોને સ્પષ્ટ તાકીદ કરી કે કોઈ પદાધિકારીના દાબ દબાવમાં આવ્યા વિના તેઓ વિકાસ કામોમાં કાર્યરત રહે અને ખોટું કરાવનારાઓ સામે સરકારમાં રજૂઆત કરશે તો સરકાર તેમની પડખે છે. પરંતુ તમારી ફરિયાદો ન આવે, તમારી બદલી કરાવવાની માંગ નહીં પણ બદલી અટકાવવાની માંગ સરકારમાં આવે તેવા લોકહિતનાં કામો કરે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ એમ પણ કહ્યું કે, મુખ્ય અધિકારીઓની કામગીરીના આધારે તેમની જે-તે વર્ગની નગરપાલિકામાં બઢતી માટે પણ શહેરી વિકાસ વિભાગ વિચારાધીન છે.

તેમણે રાજ્યનાં નગરોમાં ટેક્સ કલેક્શન, ૨૦૨૨ પહેલાં 'હર ઘર જલ' અન્વયે ઘરોમાં નળ કનેક્શન, એસ.ટી.પી., ગટર જોડાણ, રિયુઝ ઓફ ટ્રિટેડ વોટર, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ તેમજ આગવી ઓળખનાં કામો, ફાયરબ્રિગેડ સિસ્ટિમ, રેલવે ઓવરબ્રિજ રેલવે અંડરબ્રિજ વગેરે શહેર સુખાકારી કામોમાં પણ આયોજનબદ્ધ રીતે આગળ વધી ગતિ લાવવા સૂચનો કર્યાં હતાં. મુખ્યમંત્રીશ્રીએ વધુને વધુ નગરપાલિકાઓ સોલાર એનર્જી તરફ પ્રેરિત થાય અને સેલ્ફ સફિશિયન્ટ બને તે દિશામાં પણ ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ કોઇ કાર્યયોજના ઘડે તેવું સૂચન કર્યુ હતું.

ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના અધ્યક્ષ શ્રી ડૉ. ધનસુખભાઇ ભંડેરી, રિજિયોનલ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ, મુખ્યમંત્રીશ્રીના ઓ.એસ.ડી શ્રી કમલ શાહ સહિત શહેરી વિકાસ વિભાગના અધિકારીઓ આ વર્કશોપમાં જોડાયા હતા. ●





# ગઢડાના ઑક્સિજન પ્લાન્ટનો ૮૦ ગામને મળશે લાભ

દેશમાં ગુજરાત એક માત્ર એવું રાજ્ય છે જ્યાં સંપૂર્ણ લોકડાઉન વગર કોરોનાની બીજી લહેરને નિયંત્રિત કરવામાં આવી છે. દેશના ઘણાં રાજ્યોમાં લોકડાઉન નાખવામાં આવેલું આમ છતાં હજી પણ કોરોનાની બીજી વેવ નિયંત્રણમાં આવી નથી. ગુજરાતે કોરોનાની સ્થિતિને સફળતાપૂર્વક નિયંત્રિત કરી દેશને એક મોડલ પૂરું પાડ્યું છે. કોરોનાની સંભવિત ત્રીજી લહેરને પહોંચી વળવા રાજ્યમાં ૧૮૦૦ મે. ટન ઑક્સિજન ઉત્પાદન કરવાના આયોજન સાથે ૩૦૦ પ્લાન્ટ લગાવવાના લક્ષ્યાંક સામે ૧૭૫થી વધુ પ્લાન્ટ ઈન્સ્ટોલ કરી દેવામાં આવ્યાં છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ બોટાદ જિલ્લાના ગઢડા કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ખાતે નવનિર્મિત પી.એસ.એ. ઑક્સિજન પ્લાન્ટનું ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી લોકાર્પણ કરતાં જણાવ્યું હતું કે, સામાન્ય દિવસોમાં મેડિકલ ઑક્સિજનની માંગ ૧૦૦ મેટ્રિક ટનની આસપાસ રહેતી હોય છે. પરંતુ કોરોનાની બીજી લહેરના પીક સમયે મેડિકલ ઑક્સિજનની ડિમાન્ડ ૧૨૦૦ મે.ટન સુધી પહોંચી હતી.



મેડિકલ ઑક્સિજનની આવી તીવ્ર માંગ વચ્ચે પણ ગુજરાતની એક પણ હોસ્પિટલમાં કોઈ દર્દીનું મૃત્યુ ઑક્સિજનના અભાવે થયું નથી. રાજ્ય સરકારે સુવ્યવસ્થિત આયોજન થકી હોસ્પિટલ્સમાં મેડિકલ ઑક્સિજનનો પુરવઠો જાળવી રાખ્યો હતો.

રાજ્યમાં ૮ લાખ લોકોને આપણે સાજા કરીને ઘરે મોકલ્યા છે. રિકવરી રેટ પણ ૯૮ ટકા પહોંચી ગયો છે. હવે આપણે કોરોનાની મહામારીથી બહાર નીકળી રહ્યા છીએ. બોટાદ જિલ્લામાં હાલ બે ઑક્સિજન પ્લાન્ટ કાર્યરત છે. રૂ.૨૨ લાખના ખર્ચે નિર્માણ થયેલો ગઢડા કોમ્યુનિટી હેલ્થ સેન્ટરનો આ પ્લાન્ટ દર મિનિટે ૧૫૦ લિટર ઑક્સિજન ઉત્પાદન કરશે જેનો ગઢડાની આસપાસના ૮૦ ગામોના લોકોને જરૂરિયાતના સમયે લાભ મળશે.

ધારાસભ્ય શ્રી આત્મારામભાઈ પરમારે બોટાદ જિલ્લાની કોરોના સંક્રમણ નિયંત્રણ-સારવાર અંગેની કામગીરીનો ચિતાર આપી સંભવિત ત્રીજી લહેર સામે પૂર્વ તૈયારીની આ ઝુંબેશ માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનો આભાર માન્યો હતો, આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ઘનશ્યામભાઈ, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી નીતાબહેન, નગરપાલિકા પ્રમુખ શ્રી હર્ષાબહેન, ઑક્સિજન પ્લાન્ટના દાતા શ્રી સુનીથ ડી સિલ્વા, જિલ્લા કલેકટર શ્રી તુષાર સુમેરા, ગોપીનાથજી દેવમંદિર ચેરમેન શ્રી હરિજીવન સ્વામી ઉપસ્થિત રહ્યાં હતાં. ●

### બાળકોને સેલ્ફ ફાઇનાન્સમાંથી સરકારી - મ્યુનિસિપલ સ્કૂલોમાં અભ્યાસ કરાવવાનો ટ્રેન્ડ

# ગુજરાતના શિક્ષણક્ષેત્રે આવેલો સુખદ બદલાવ

શૈલેષ નાયક

અમદાવાદના વટવા વિસ્તારમાં રહેતા નિલોફરબહેન કાદરી પ્રાઈવેટ સ્કૂલમાં શિક્ષિકા તરીકે જોબ કરી રહ્યાં છે, પણ તેમના ત્રણ સંતાનોને તેઓએ ખાનગી શાળામાંથી ઉઠાડીને અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ સંચાલિત વટવા સ્માર્ટ સ્કૂલમાં અભ્યાસ કરાવવા પ્રવેશ અપાવ્યો.

આવું કરવા પાછળનું કારણ જાણવા પ્રયાસ કરાયો ત્યારે જાણવા મળ્યું કે મ્યુનિસિપલ સ્કૂલમાં ક્વૉલિફાઇડ ટીચરો છે અને તેમના પર તેમને વધુ ભરોસો છે. તેઓને વિશ્વાસ છે કે અહીં તેમના બાળકોનું ઉજ્જવળ ભવિષ્ય બની શકશે. ખાનગી સ્કૂલવાળા ફીથી મતલબ રાખે છે જ્યારે અહીં તો સ્માર્ટ સ્કૂલમાં ફી જ નથી. એક માતા તરીકે તેઓએ જોયું કે મ્યુનિસિપલ સ્કૂલમાં ઉચ્ચ લાયકાત ધરાવતા શિક્ષકો છે જેઓ વધુ સારી રીતે બાળકોને અભ્યાસ કરાવી રહ્યા છે.

શાળાઓમાં અત્યારે પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે ગુજરાતના શિક્ષણ જગતમાં સુખદ પરિવર્તન જોવા મળી રહ્યું છે. નિલોફરબહેન કાદરી જેવા અનેક કિસ્સાઓ તમને સાંભળવા મળશે. બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે વાલીઓ તેમને સારામાં સારૂ શિક્ષણ આપવા બને તેટલા પ્રયાસ કરી રહ્યા છે. પોતાનું બાળક સારામાં સારી સ્કૂલમાં અભ્યાસ કરે તે માટે આજકાલ વાલીઓ તેમના બાળકોને સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલમાંથી ઉઠાડીને મ્યુનિસિપલ સ્કૂલ કે પછી સરકારી સ્કૂલોમાં પ્રવેશ કરાવી રહ્યાં છે અને પોતાનું બાળક મ્યુનિસિપલ કે સરકારી શાળાઓમાં અભ્યાસ કરે તેવું ઈચ્છી રહ્યા છે.

જે મ્યુનિસિપલ સ્કૂલો કે સરકારી શાળાઓ સામે જોઈને નાકનું ટેરવું ચઢાવતા તે જ મ્યુનિસિપલ સ્કૂલો કે સરકારી શાળાઓમાં આજે પ્રવેશ મેળવવા માટે વાલીઓએ લાઈન લગાવી છે. આ માત્ર અમદાવાદની જ વાત નથી પરંતુ વડોદરા, સુરત, રાજકોટ, પાલનપુર, ખેડા, નડિયાદ, આણંદ, જામનગર, ભાવનગર સહિતનાં ગુજરાતનાં નાનાં મોટાં શહેરોમાં છેલ્લાં કેટલાંક વર્ષથી શાળામાં અભ્યાસ કરાવવા માટેનો પ્રવાહ બદલાયો છે.વાલીઓ તેમના બાળકોને ખાનગી શાળાઓમાંથી પ્રવેશ રદ કરાવીને સરકારી શાળાઓમાં પ્રવેશ અપાવી રહ્યા છે. તમને જાણીને અચરજ થશે કે અમદાવાદની મ્યુનિસિપલ સ્કૂલોમાં પ્રવેશ મેળવવા માટે એક હજારથી વધુ વિદ્યાર્થીઓનું વેઈટિંગ ચાલી રહ્યું છે.

આ પરિવર્તન રાતોરાત નથી આવ્યું કે પછી કોરોનાની માહામારીના કારણે આર્થિક ભીંસ અનુભવતા વાલીઓ તેમના બાળકોને ખાનગી સ્કૂલોમાંથી મ્યુનિસિપલ કે સરકારી શાળાઓમાં અભ્યાસ કરાવવા મૂકી રહ્યા છે તે કારણ માત્ર પૂરતુ નથી. પરંતુ પાછલાં પાંચ - સાત વર્ષમાં સમયની સાથે કદમ મિલાવીને આજની





જરૂરિયાત પ્રમાણેની શિક્ષણ વ્યવસ્થા મ્યુનિસિપલ અને સરકારી સ્કૂલોમાં કરવામાં આવી છે. મ્યુનિસિપલ અને સરકારી સ્કૂલો પણ સ્માર્ટ બની રહી છે, અંગ્રેજી મિડિયમની સ્કૂલો પણ શરૂ થઇ છે, ગુણવત્તાલક્ષી શિક્ષણ, ઉચ્ચ લાયકાત ધરાવતા શિક્ષકો, શાળાનું અદ્યતન ઇન્ફ્રાસ્ટ્રકચર સાથેનું કેમ્પસ, પુસ્તકો ફ્રીમાં મળે, કમ્પ્યૂટર લેબ, મોંઘીદાટ ફી ભરવામાંથી મુક્તિ અને વિદ્યાર્થીઓ માટે એકપણ રૂપિયો ખર્ચ્યા વગર વિવિધ પ્રવૃત્તિ થતી હોય તે બધી બાબતો વાલીઓની નજરમાં આવી છે અને એટલે જ પસંદગીનો કળશ મ્યુનિસિપલ કે સરકારી સ્કૂલો પણ ઢોળી રહ્યા છે.

આ પરિવર્તન કેવી રીતે આવ્યું તેની પાછળનાં કારણો જણાવતાં અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના શાસનાધિકારી ડૉ.લગધીરભાઇ દેસાઇએ જણાવ્યું કે 'આ વર્ષે છેલ્લાં એક મહિનાના સમયગાળા દરમ્યાન ધોરણ ૨ થી ૮માં ત્રણ હજાર જેટલા વિદ્યાર્થીઓ ખાનગી સ્કૂલોમાંથી મ્યુનિસિપલ શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે. જયારે છેલ્લાં સાતેક વર્ષ દરમ્યાન આશરે ૩૭ હજાર જેટલા વિદ્યાર્થીઓએ અમદાવાદની સેલ્ફ ફાઇનાન્સ શાળાઓ છોડીને મ્યુનિસિપલ સ્કૂલોમાં પ્રવેશ મેળવ્યો છે.આની પાછળના કારણો એ છે કે શાળાઓમાં ભૌતિક અને માળખાગત સુવિધાઓમાં બદલાવ કરવામાં અને વધારો કરવામાં આવ્યો છે.અમારી શાળાઓમાં ઉચ્ચ લાયકાત, ઊંચા મેરિટવાળા તાલીમબદ્ધ શિક્ષકો બાળકોને અભ્યાસ કરાવે છે.૨૫ જેટલા શિક્ષિકો તો પીએચ.ડી. થયેલા તેમજ ૧૦૦થી વધુ શિક્ષકો એમ.એડ. - એમ.ફિલ.ના ક્વૉલિફિકેશનવાળા છે. અમદાવાદમાં હાલમાં અદ્યતન ઇન્ફ્રાસ્ટ્રકચર સાથેની ૧૦ સ્માર્ટ સ્કૂલ છે અને બીજી ૨૫ સ્માર્ટ સ્કૂલ બની રહી છે. અંગ્રેજી માધ્યમની ૩૨ સ્કૂલો છે અને પાંચ સ્કૂલ આ વર્ષે શરૂ થઇ જશે. દરેક શાળામાં સાયન્સ અને કમ્પ્યૂટર લેબ છે, પ્રોજેક્ટર મશીન, લેપટોપ, થ્રીડી ઇફેક્ટ સાથે ઓડિયો - વિઝ્યુઅલ માધ્યમથી શિક્ષણ અપાય છે. આ ઉપરાંત પ્લેનેટોરિયમ પણ છે. આ ઉપરાંત જ્યાં બાળક ત્યાં શાળા નિર્માણ કરવાનો સરકારનું ધ્યેય હોવાના કારણે ઘર નજીક સરકારી શાળા ઉપલબ્ધ થઇ છે.'

ડૉ.લગધીરભાઇ દેસાઇએ વધુમાં જણાવ્યું કે 'વર્ષ ૨૦૦૫ - ૦૬માં અમદાવાદના શાહપુર વિસ્તારમાં પહેલી અંગ્રેજી મિડિયમની સ્કૂલ શરૂ કરી હતી આજે અમદાવાદમાં મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડની અંગ્રેજી મિડિયમની ૩૨ સ્કૂલો છે. પાંચ નવી સ્કૂલો આ વર્ષે શરૂ થઇ રહી છે. સમય અને વાલીઓની માંગ પ્રમાણે જે - તે એરિયામાંથી ડીમાન્ડ આવશે તે એરિયામાં સર્વે કરાવીને અદ્યતન સ્માર્ટ સ્કૂલનું નિર્માણ થશે.'

આ માત્ર અમદાવાદ શહેરની વાત નથી પરંતુ જિલ્લા કક્ષાએ પણ સરકારી શાળાઓમાં ગુણવત્તાલક્ષી શિક્ષણના પગલે બદલાવ જોવા મળી રહ્યો છે.

રાજ્યના શિક્ષણ ક્ષેત્રે આવેલો આ બદલાવ રાતોરાત નથી આવ્યો, પણ બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે સમય સાથે તાલ મિલાવી રાજય સરકારે શિક્ષણ ક્ષેત્રે અનેકવિધ પગલાઓ ભર્યા છે જેના કારણે સરકારી અને મ્યુનિસિપલ સ્કૂલોનો જમાનો પાછો ફર્યો હોવાનું વાલીઓને દેખાઇ રહ્યું છે. ●

## ૭૮ ટકા વાલીઓ તેમના બાળકોને સરકારી શાળામાં પ્રવેશ કરાવવા ઇચ્છે છે

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવને આર્થિક મંદીના કારણે તેમજ સરકારી સ્કૂલની સવલતો અને બદલાતી શિક્ષણ વ્યવસ્થાને ધ્યાનમાં લઇને તાજેતરમાં સર્વે કર્યો હતો. જેમાં એવું પૂછવામાં આવ્યું કે તમારા સંતાનને ખાનગી શાળામાં પ્રવેશ કરાવવા માંગો છો ? આ પ્રશ્નનો વાલીઓએ જે જવાબ આપ્યો તે સુખદ અચરજ પમાડે તેવો હતો.૭૮ ટકા વાલીઓએ કહ્યું કે તેઓ પોતાના સંતાનોને સરકારી શાળામાં પ્રવેશ કરાવવા માંગે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના અધ્યાપક ડૉ. ડિમ્પલ રામાણીએ જણાવ્યું હતું કે 'અમારા સર્વેમાં ૧,૫૩૦ લોકોએ ભાગ લીધો હતો. આ સર્વેમાં અમે પૂછયું હતું કે સરકારી શાળામાં પ્રવેશ શા માટે ? તો લોકોએ જવાબ આપ્યો કે ખાનગી શાળામાં વારંવાર શિક્ષક બદલાયા કરે છે, સરકારી શાળામાં આ માથાકૂટ રહેતી નથી. બાળક એક કરતાં અનેક શિક્ષકો સાથે સમાયોજન કરી શકે છે. કોરોના મહામારી પછી આર્થિક સ્થિતિને ધ્યાનમાં લઇને તમારા બાળકને પ્રાઇવેટ શાળામાંથી સરકારી શાળામાં પ્રવેશ લેવડાવ્યો છે ? તેવા પ્રશ્નના જવાબમાં ૭૮ ટકા વાલીઓએ હા પાડી હતી.

આ સર્વેમાં સરકારી શાળાઓ વિશે વાલીઓએ તેમના મંતવ્યો જણાવ્યાં હતાં કે, સરકારી શાળાઓમાં બાળકોને બધા પ્રકારની સગવડો મળી રહે છે તેમજ શિક્ષણ પણ ઘણા અંશે સારું હોય છે. ●

## રાજ્યના ૬૦ વર્ષના ઇતિહાસમાં પ્રથમવાર ગુજરાતના છ મહિલા ખેલાડીઓ

# ઓલિમ્પિક રમતોત્સવમાં દેશનું પ્રતિનિધિત્વ કરશે


ગુજરાત રાજ્યની સ્થાપના થયા બાદનાં ૬૦ વર્ષના ઇતિહાસમાં પહેલીવાર રાજ્યના ૬ ખેલાડીઓ આગામી ઓલિમ્પિક રમતોમાં ભારત દેશનું પ્રતિનિધિત્વ કરશે. તા.૨૩મી જુલાઇથી ટોક્યો ખાતે યોજાનારી ઓલિમ્પિક ગેઇમ્સ ૨૦૨૧માં ગુજરાતની એકસાથે ૬ નારીશક્તિ - મહિલા ખેલાડીઓની પસંદગી થઈ છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતની નારી શક્તિની સ્પોર્ટ્સ ક્ષેત્રની આ અભૂતપૂર્વ સિદ્ધિ માટે આ છ રમતવીરાંગનાઓને અભિનંદન પાઠવ્યા હતા અને ટોક્યો ઓલિમ્પિકમાં કૌવત ઝળકાવી મોખરાનું સ્થાન મેળવી ભારત અને ગુજરાતનું નામ રોશન કરવાની શુભેચ્છાઓ પાઠવી હતી. ગુજરાતની છ દીકરીઓ જેમાં માના પટેલ સ્વિમિંગમાં, ઇલાવેનિલ વાલારિવન શૂટિંગમાં, અંકિતા રૈના ટેનિસમાં, સોનલ પટેલ તથા ભાવિના પટેલ પેરા ટેબલ ટેનિસમાં અને પારુલ પરમાર પેરા બેડમિન્ટન રમતમાં ટોક્યો ઓલિમ્પિક-પેરા ઓલિમ્પિક ખાતે વિશ્વના અન્ય દેશના ખેલાડીઓ સાથે સ્પર્ધામાં ઊતરશે.

**મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યની નારીશક્તિની સ્પોર્ટ્સ ક્ષેત્રે આ વૈશ્વિક સિદ્ધિને પ્રોત્સાહિત કરતા ઓલમ્પિક રમતોમાં ભાગ લેવા પસંદ થયેલી ગુજરાતની પ્રત્યેક દીકરીઓને રૂ. ૧૦ લાખની નાણાકીય સહાય આપવાનો નિર્ણય કર્યો છે.**

આ સાથે મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતને ઓલિમ્પિક સ્પર્ધાઓના આયોજન કરવા સક્ષમ બનાવવાની અને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધા કરે તેવા રમતવીરો તૈયાર કરવાની સરકારની નેમ વ્યક્ત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ટોક્યો ઓલમ્પિક -૨૦૨૦ રમતો આ વર્ષે તા.૨૩મી જુલાઇ ૨૦૨૧થી જાપાનના ટોક્યો ખાતે યોજાવાની છે. આ નારીશક્તિનો ટૂંકો પરિચય અહીં આપવામાં આવ્યો છે.

### સુશ્રી માના પટેલ (સ્વિમિંગ)



શ્રી માના પટેલ ટોક્યો ઓલિમ્પિક માટે ક્વોલિફાઇ કરનાર દેશની પ્રથમ મહિલા સ્વિમર બન્યાં છે. તેઓ માત્ર ત્રીજા ભારતીય છે જેમને ઓલિમ્પિક્સ માટે આ રમતની કેટેગરીમાં ક્વોલિફાઇ કર્યું છે. ભારતની બેકસ્ટ્રોક સ્વિમર શ્રી માના પટેલે 8 વર્ષની વયે સ્વિમિંગ શરૂ કર્યું અને 10 વર્ષની ઉંમરે પ્રોફશનલ સ્વિમિંગ શરૂ કર્યા બાદ સફળતામાં પાછું વાળીને જોયું નથી. અત્યાર સુધી સ્વિમિંગમાં 72 નેશનલ અને 25 ઇન્ટરનેશનલ મેડલ તેમણે મેળવ્યા છે. શ્રી માના પટેલે જણાવ્યું હતું કે, ઓલિમ્પિકમાં સિલેક્ટ થઇ છું. બહુ જ ઉત્સાહ છે કારણ કે અમદાવાદ કે ગુજરાત જ નહિ, પરંતુ હું દેશનું પ્રતિનિધિત્વ કરવા જઈ રહું છું. દેશને ઓલિમ્પિકમાં મેડલ અપાવવાનું સપનું છે.

ઉલ્લેખનીય છે કે, જ્યારે તેઓ 13 વર્ષની હતા ત્યારે હૈદરાબાદ ખાતે યોજાયેલ જુનિયર નેશનલ એક્વાટિક ચેમ્પિયનશીપમાં માના પટેલે ત્રણ રેકોર્ડ તોડ્યા હતા. આ ઉપરાંત નેશનલ ગેમ્સમાં માના પટેલે 50 મીટર બેકસ્ટ્રોક અને 200 મીટર બેકસ્ટ્રોકમાં ગોલ્ડ જીત્યો છે.

### સુશ્રી ઈલાવેનિલ વલારિવન (શૂટિંગ)

શ્રી ઈલાવેનિલ મૂળ ગુજરાતી નથી, જન્મે તમિલ છે પણ ઉછેર અમદાવાદમાં થયો છે. શૂટિંગની તાલીમ પણ અમદાવાદમાં જ લીધી છે. તેણીએ વિવિધ સ્તરે



વિવિધ સ્પર્ધાઓમાં ગોલ્ડ-સિલ્વર મેડલ મેળવ્યા છે. ઓલિમ્પિકમાં ભારત તરફથી અભિનવ બિન્દ્રાએ શૂટિંગમાં મેડલ મેળવ્યા પછી ભારતીયોનું ધ્યાન આ રમત પર પડ્યું છે. 21 વર્ષીય શ્રી ઈલાવેનિલ એર રાઈફલ શૂટિંગમાં વર્લ્ડમાં નંબર વન સુધી પહોંચી ચૂક્યાં છે. જે ગુજરાત માટે ગૌરવની વાત છે.



## સુશ્રી અંકિતા રૈના (ટેનિસ)

ગુજરાતમાં 11 જાન્યુઆરી 1993માં જન્મેલા શ્રી અંકિતા રૈના પણ ટોક્યો ઓલિમ્પિકમાં જશે. શ્રી અંકિતા ટેનિસમાં ડબલ્સ ગેમમાં પણ રમશે અને ડબલ્સમાં તેઓ સાનિયા મિર્ઝા સાથે જોડી બનાવવાના છે. અમદાવાદમાં જન્મેલા સુશ્રી અંકિતા વર્લ્ડ ટેનિસ રેન્કિંગમાં 95મા ક્રમે છે. અત્યાર સુધીમાં તેમણે 11 સિંગલ અને 18 ડબલ્સ ટાઈટલ જીત્યાં છે. તેમના પિતા શ્રી રવિન્દરકૃષ્ણ રૈના મૂળ કાશ્મિરી પંડિત છે અને હિંસાના કારણે કાશ્મીરી પંડિતોએ કાશ્મીર ખીણ છોડવાનું શરૂ કર્યું ત્યારે અંકિતાનો પરિવાર પણ ત્યાંથી નીકળી ગયો હતો.

## સુશ્રી સોનલ પટેલ (પેરા ટેબલ ટેનિસ)

અમદાવાદમાં ગોતા વિસ્તારમાં રહેતા 34 વર્ષીય સુશ્રી સોનલ પટેલનું ટોક્યો ખાતે યોજાનાર પેરાલિમ્પિકમાં સિલેક્શન થયું છે. સુશ્રી સોનલ પટેલે જન્મથી દિવ્યાંગ હોવાથી સારો અભ્યાસ કરીને શિક્ષક બનવાનું સપનું જોયું હતું પણ તેમાં તેમને સફળતા ન મળી. બાદમાં અંધજન મંડળના શિક્ષકો અને મિત્રોની મદદથી પેરા ટેબલ ટેનિસ રમવાની તેમણે શરૂઆત કરી. પેરા ટેબલ ટેનિસમાં તેમના ઉત્કૃષ્ટ કૌશલ્યપૂર્ણ પ્રદર્શનથી તેઓ વિશ્વમાં 19મા રેન્ક પર છે.





## સુશ્રી ભાવિના પટેલ (પેરા ટેબલ ટેનિસ)

સુશ્રી ભાવિના પટેલ છેલ્લાં 10 વર્ષથી વધુ સમયથી પેરા ટેબલ ટેનિસ રમે છે. તેમનું ટોક્યો ખાતે યોજાનારા રમતોત્સવમાં સિલેક્શન થયું છે. તેઓએ 28 વાર ભારતનું પ્રતિનિધિત્વ કરીને 5 ગોલ્ડમેડલ, 13 સિલ્વર અને 8 બ્રોન્ઝમેડલ જીત્યા છે. ઉપરાંત વર્ષ 2013માં તેમને ટાઈફોઈડ થયો હોવા છતાં તેઓ બેંગકોક ખાતે યોજાયેલી ઓપન ચેમ્પિયનશીપમાં સિંગલ્સ મેચમાં સિલ્વર અને ટીમ ઈવેન્ટમાં ગોલ્ડમેડલ જીત્યા હતા.

## સુશ્રી પારુલ પરમાર (પેરા બેડમિન્ટન)



ગાંધીનગરની પેરા બેડમિન્ટનની મહિલા દિવ્યાંગ ખેલાડી અર્જુન એવોર્ડી સુશ્રી પારુલ પરમાર વર્ષ 2021માં જાપાનના ટોક્યો ખાતે યોજાનારા આગામી ઓલિમ્પિકમાં સિંગલ્સમાં રમી ભારતનું પ્રતિનિધિત્વ કરશે. તેઓ ભારતના પહેલા મહિલા ખેલાડી છે જે ઓલિમ્પિકની પેરા બેડમિન્ટનમાં રમશે. આ સાથે તેઓ ડબલ્સ અને મિક્સ ડબલ્સમાં કેટેગરીમાં પણ પહેલીવાર ઓલિમ્પિક રમશે.

સુશ્રી પારુલ પરમારના જણાવ્યા મુજબ, ઓલિમ્પિકમાં રમવા માટે વિશ્વમાં રેંકિંગ ખૂબ અગત્યનું છે અને તેઓ પેરા બેડમિન્ટનની એસએલ-૩ કેટેગરીમાંથી સિંગલ્સ રમે છે જેમાં તેમનો રેંકિંગ છેલ્લાં 15 જેટલાં વર્ષોથી નબર-1 છે. પરંતુ ઓલિમ્પિકમાં તેનાથી એસએલ-૩ કેટેગરીનો સમાવેશ થતો નથી તેથી તેઓ તેનાથી ઊંચી કેટેગરી એસએલ-4માં રમશે. જેમાં તેઓનો સામનો તેમનાથી થોડી ઓછી દિવ્યાંગતા ધરાવતા ખેલાડી સાથે થશે. વળી ડબલ્સમાં તેઓ પાંચમો અને મિક્સ ડબલ્સમાં છઠ્ઠો રેંક ધરાવે છે. ●

કિશોર જિકાદરા

# ડાંગ બનશે રાજ્યનો પ્રથમ પ્રાકૃતિક કૃષિ આધારિત જિલ્લો



ગુજરાતના ડાંગ જિલ્લાને સંપૂર્ણ પ્રાકૃતિક કૃષિ આધારિત જિલ્લો બનાવવાનો રાજ્ય સરકારે નિર્ધાર કર્યો છે. જેને સાકાર કરવા પ્રાકૃતિક કૃષિના સંયોજકોને સંબોધતાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતીનું જન-અભિયાન ગુજરાતના પ્રત્યેક ગામમાં ખેડૂતો સુધી પહોંચશે.

તેમણે જણાવ્યું હતું કે, કોરોના મહામારીનો ચોક્કસ ઈલાજ નથી. રોગ પ્રતિકારક શક્તિ મજબૂત હોય તે વ્યક્તિ આ રોગ સામે પ્રતિકાર કરી શકે છે તે નિશ્ચિત છે. રોગ પ્રતિકારક શક્તિ વધારવા પ્રાકૃતિક કૃષિ જ શ્રેષ્ઠ ઉપાય છે. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિને સંજીવની સમાન ગણાવી હતી.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ડાંગ જિલ્લાને પ્રાકૃતિક કૃષિ આધારિત જિલ્લો જાહેર કરાયો છે. ત્યારે પ્રાકૃતિક કૃષિનું યોગ્ય મોડેલ ખેડૂતો સુધી પહોંચે તે આવશ્યક છે. રાજ્યપાલશ્રીએ આત્માના તજજ્ઞોને પ્રાકૃતિક કૃષિની તાલીમ માટે તેમજ દેશી ગાયના મહત્ત્વ વિશે લોકોને જાણકારી આપવા માસ્ટર ટ્રેનર્સને અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે કૃષિ વિભાગના સચિવ શ્રી મનીષ ભારદ્વાજે ડાંગ જિલ્લાને પ્રાકૃતિક કૃષિ આધારિત પ્રથમ જિલ્લો જાહેર કરીને રાજ્ય સરકારે આ માટે રૂ. 31 કરોડની જોગવાઈ કરી છે. તેની માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ડાંગમાં 21 હજાર ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સાથે જોડીને તેમના કૃષિ ઉત્પાદનોમાં પ્રોસેસિંગ અને વેલ્યૂ એડિશન કરવા સાથે માર્કેટિંગ વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. ●

## અમરેલીમાં યોજનાકીય કામગીરીની સમીક્ષા



અમરેલીમાં કૃષિ મંત્રી શ્રી આર. સી. ફળદુના અધ્યક્ષસ્થાને જિલ્લાના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ તકે કૃષિ મંત્રી શ્રી આર. સી. ફળદુએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારની અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના અસરકારક અમલીકરણ અર્થે તેમજ અમલીકરણ વખતે અધિકારીઓને પડતી અગવડતા કે મુશ્કેલીઓને સમજવા આ સમીક્ષા બેઠક ફિલ્ડમાં જઈને યોજવાનો આ નવતર અભિગમ અપનાવ્યો છે. ખેતીવાડી અધિકારીશ્રીએ અમરેલી જિલ્લામાં ટ્રેક્ટર, મિકેનિઝેશન, તાઉતે વાવાઝોડા હેઠળ જાહેર કરવામાં આવેલા કૃષિ રાહત પેકેજના ચુકવણા, વરસાદ અને પાકની સ્થિતિ, વાવેતર વિસ્તાર અને રોગ જીવાતની પરિસ્થિતિ અંગે મંત્રીશ્રીને માહિતી અપાઈ હતી. ●

## મારૂતિ સુઝુકી અને GLS યુનિવર્સિટી વચ્ચે M.O.U.




અમદાવાદની જી.એલ.એસ. યુનિવર્સિટીના બી.બી.એ. (રીટેલ મેનેજમેન્ટ) અભ્યાસક્રમના વિદ્યાર્થીઓના ઇન્ટર્નશીપ પ્રોગ્રામ માટે મારૂતિ સુઝુકી કંપની સાથે એમ.ઓ.યુ. કરવામાં આવ્યાં હતાં. શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ MOU ને ગુજરાત ઇન્ડ્સ્ટ્રીઝ-એકેડમિક ક્ષેત્રે ઐતિહાસિક ગણાવી હતી.

આ પ્રસંગે શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોર્પોરેટ સેક્ટર, ઉદ્યોગ ક્ષેત્રમાં કામની જરૂરિયાત આધારિત વિષયની ટ્રેનિંગ કુશળ માનવબળ પૂરું પાડે છે. એમ.ઓ.યુ. આ સમસ્યાનું એકમાત્ર નિરાકરણ છે. જે-તે કોર્પોરેટ સેક્ટરમાં 6 મહિનાથી લઇ 1 વર્ષની ઇન્ટર્નશીપ ટ્રેનિંગ શ્રેષ્ઠ અન સ્કિલ્ડ માનવબળ પૂરું પાડશે. દેશના ઔદ્યોગિક ક્ષેત્રે કુશળ નોકરિયાત વર્ગ ઊભો થાય તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના પ્રયત્નોને બળ મળી રહ્યું છે. ●

## GTUમાં અટલ ઈન્ક્યુબેશન સેન્ટરનું લોકાર્પણ



ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (GTU) પરિસરમાં શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે નવનિર્મિત અટલ ઈન્ક્યુબેશન સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સ્ટાર્ટઅપ અને ઈનોવેશનને પ્રોત્સાહન અને વેગ મળે તે હેતુસર આ સેન્ટરને કાર્યાન્વિત કરવામાં આવ્યું છે. વધુમાં આંતરરાષ્ટ્રીય સ્તરે જીટીયુ એઆઈસી દ્વારા કરવામાં આવેલા RT-PCR ટેસ્ટ પ્રવૃત્તિની નોંધ લઈને USAની એઝીલેન્ટ ટેક્નોલોજી દ્વારા સમાજસેવાના ઉપલક્ષે જીટીયુને ભેટ આપેલ RT-PCR મશીનનો પણ કોવિડ-19ના નિદાન માટે પ્રારંભ કરવામાં આવ્યો હતો.

શિક્ષણમંત્રીશ્રીએ લોકાર્પણ કરતાં કહ્યું હતું કે, ગુજરાત સરકાર સ્ટાર્ટઅપ અને ઇનોવેશનને પ્રોત્સાહન આપવા અનેક સકારાત્મક પગલાં ભર્યાં છે. જીટીયુ દ્વારા વિકસાવવામાં આવેલી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ સપોર્ટ સિસ્ટિમને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પણ બિરદાવવામાં આવી છે. "સ્ટાર્ટઅપ એટલે કે, સમસ્યાનું સમાધાન ચીંધતો વિચાર અને પ્રયોગ" સ્ટાર્ટઅપ ક્ષેત્રે ગુજરાત સમગ્ર દેશમાં અગ્રિમતા ધરાવે છે. જેમાં જીટીયુનો ફાળો સવિશેષ છે. જીટીયુના વિવિધ સ્ટાર્ટઅપ દ્વારા આત્મનિર્ભર ભારત અભિયાનને વેગ મળશે.

જીટીયુ અટલ ઈન્ક્યુબેશન સેન્ટરમાં 25થી વધુ બાયોટેક, બાયોમેડિકલ ડિવાઈસીસ ઉપલબ્ધ છે. તેમજ 100થી વધુ લોકોને રોજગારીની તકો પૂરી પાડવામાં આવી છે. વધુમાં શ્રેષ્ઠ 7 સ્ટાર્ટઅપને આર્થિકરૂપે સહભાગી થવાના હેતુસર રૂપિયા 30 લાખ 23 હજારથી વધુના ચેક આપવામાં આવ્યા હતા.

અટલ ઈન્ક્યુબેશન સેન્ટરના લોકાર્પણ પ્રસંગે ડિપાર્ટમેન્ટ ઑફ ટેક્નિકલ એજ્યુકેશનના મુખ્ય સચિવ શ્રી એસ. જે. હૈદર, જીટીયુના કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠ અને કુલસચિવ ડૉ. કે. એન. ખેર ઉપસ્થિત રહ્યા હતા. ●

## વડોદરામાં દાંડિયા બજાર બ્રિજનો સોલાર પ્રોજેક્ટ કાર્યાન્વિત

વડોદરા મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સિટી અને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી યોજનાના ફેઝ-૨ અંતર્ગત રૂ. ૨૭.૪ કરોડના ખર્ચે મહારાણી શાંતાદેવી-અકોટા દાંડિયા બજાર બ્રિજ પર તૈયાર કરાયેલ રૂફટોપ સોલાર પાવર પ્લાટનું લોકાર્પણ ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે કર્યું હતું. સાથે જ કોરોના મહામારીમાં સેવા આપનાર તબીબોનું ઊર્જા મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ સન્માન કર્યું હતું.

વડોદરાના અકોટા ખાતેના સર સયાજીનગર ગૃહ ખાતે ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડોદરા શહેર રેસિડેન્સિયલ સૌર ઊર્જાના ઉત્પાદન-વપરાશમાં સમગ્ર રાજ્યમાં મોખરે રહ્યું છે. રાજ્યના કુલ ઉત્પાદનમાં આશરે 15 ટકા જેટલો હિસ્સો માત્ર વડોદરાનો જ છે. નર્મદા અને શહેરી ગૃહનિર્માણ રાજ્ય મંત્રી શ્રી યોગેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, અકોટા બ્રિજ ખાતેના સૌર ઊર્જાના આ પ્રોજેક્ટથી વડોદરા મહાનગરપાલિકાને વીજ બીલમાં ખૂબ મોટી રાહત મળશે. સાથે જ તેમણે કોરોના મહામારી સેવા આપનાર તબીબોની સેવાને બિરદાવી હતી. મેયર શ્રી કેયુરભાઈ રોકડિયાએ વડોદરા શહેરમાં નવતર પ્રયોગ કરી બ્રિજ ઉપર સોલાર પેનલ લગાવી વીજ ઉત્પાદન શરૂ કર્યું છે. જેનાથી વડોદરા મહાનગરપાલિકાના વીજ બીલમાં 78 લાખની રાહત મળશે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય સર્વ શ્રી જીતેન્દ્રભાઈ સુખડિયા, સીમાબહેન મોહિલે, મ્યુનિસિપલ કમિશનર શ્રી શાલિની અગ્રવાલ, એમજીવીસીએલના એમડી શ્રી તુષાર ભટ્ટ સહિતના પદાધિકારી-અધિકારીઓ અને તબીબો ઉપસ્થિત રહ્યાં હતાં. ●



# વાંસદામાં વનીલ ઇકો ડેન ઇકોટુરિઝમ સેન્ટર શરૂ



ગુજરાતને પ્રવાસન ક્ષેત્રે વિશ્વશ્રેષ્ઠ બનાવવા માટે રાજ્ય સરકારે પ્રવાસનધામોને વિકાસાવવાનું શરૂ કર્યું છે. આદિજાતિ વિકાસ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના મહુવાસ ખાતે વનીલ ઇકો ડેન ઇકોટુરિઝમ સેન્ટરને ખુલ્લું મૂકયું હતું. મંત્રીશ્રીએ વાંસદા રાષ્ટ્રીય ઉદ્યાન ખાતે ડીયર બ્રિડિંગ સેન્ટરની પણ મુલાકાત લીધી હતી.

મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે, વનીલ ૭૨ હેકટરમાં પથરાયેલું છે. રૂ.૮૦ લાખના ખર્ચે વનીલ ઇકો ડેન ઇકો ટુરિઝમ સહેલાણીઓ માટે ખાસ તૈયાર કરવામાં આવ્યું છે. પ્રવાસીઓ માટે વિવિધ ઝોન તૈયાર કરાયા છે. જેમ કે, રેસ્ટ હટ, ધન્વન્તરિ ગાર્ડન, બટરફલાય ઝોન, ઍડવેન્ચર ઍક્ટિવિટી ઝોન, વાઇલ્ડ લાઇફ ઝોન, વાઇલ્ડરનેસ ઝોન, ઇકો કોટેજિસ તેમજ ફર્નિચર મેકિંગ યુનિટનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે આ અવસરે ડાંગ ધારાસભ્ય શ્રી વિજયભાઇ પટેલ, ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મંગળભાઇ ગાવિત, ગુજરાત રાજય વન વિકાસ નિગમ મેનેજિંગ ડાયરેકટર શ્રી ઍસ.કે.ચતુર્વેદી તેમજ વનવિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.●

# દાહોદ જિલ્લામાં મોબાઇલ પશુ દવાખાનાની સુવિધામાં વધારો



ગુજરાતમાં અમૂલ્ય પશુધનના બચાવ માટે ફરતા પશુદવાખાના રાજય સરકાર દ્વારા શરૂ કરવામાં આવ્યા છે. જે અંતર્ગત પશુપાલન મંત્રી શ્રી બચુભાઇ ખાબડના હસ્તે દાહોદના ૩ સહિત કુલ ૮ મોબાઇલ પશુદવાખાનાનું દેવગઢ બારીયામાં લોકાર્પણ કર્યું હતું. દાહોદ જિલ્લામાં હાલ કુલ ૧૭ પશુદવાખાનાઓનો લાભ જિલ્લાને મળશે.

આ પ્રસંગે મંત્રી શ્રી બચુભાઇ ખાબડે જણાવ્યું કે, દાહોદમાં ૧૯૬૨ નંબર ડાયલ કરવાથી અડધા કલાકમાં જિલ્લાના કોઇ પણ ગામના પશુપાલક આ ફરતા દવાખાનાની સેવા મેળવી શકશે. જેમાં પશુપાલકોને તેમના ઘરઆંગણે જ પશુઓના સોનોગ્રાફી જેવા નિદાનથી લઇને ઓપરેશન સહિતની સારવાર તદ્દન નિ:શુલ્ક આપવામાં આવશે. આ વેળાએ સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોર તેમજ જિલ્લાના અગ્રણીઓ, પશુપાલકો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા નવ લાખ શ્રમિકોની નોંધણી



પાલનપુરમાં વિવિધ વિભાગોની કામગીરી અંગે શ્રમ અને રોજગાર મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોરના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અસંગઠિત ક્ષેત્રોમાં કામ કરતા શ્રમિકોને સામાજિક સુરક્ષા પ્રદાન કરવા માટે યુવિન કાર્ડ અને બાંધકામ ક્ષેત્રે કામ કરતા શ્રમિકોને નિર્માણ કાર્ડ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતાં ૯ લાખ શ્રમિકોની નોંધણી કરવામાં આવી છે.

સમીક્ષા બેઠકમાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુર, લાખણી અને સૂઇગામમાં આઇ.ટી.આઇ.ના નવા બિલ્ડિંગનું નજીકના સમયમાં લોકાર્પણ કરવામાં આવશે તેમ જણાવાયું હતું. મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજનાના અમલીકરણમાં ૯૮ ટકા કામગીરી સાથે બનાસકાંઠા જિલ્લો સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાને છે. આ ઉપરાંત મંત્રીશ્રીએ પવિત્ર યાત્રાધામ વિકાસ, શ્રમ અને રોજગાર, ઇન્ડસ્ટ્રિયલ સેફ્ટી સહિતના વિભાગોની કામગીરીની સમીક્ષા કરી હતી. ●


## બારડોલીના છીત્રા ગામે ચેકડેમનું લોકાર્પણ



ગુજરાત સરકારે કૃષિ-સિંચાઇ તેમજ પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા ચેકડેમના નિર્માણ સહિત વિવિધ યોજનાઓ જનહિતાર્થે અમલી બનાવી છે. તાજેતરમાં બારડોલી તાલુકાના ખરડ-છીત્રા ખાતે રૂા.૧.૦૭ કરોડના ખર્ચે નિર્મિત ચેકડેમનું લોકાર્પણ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારે કર્યું હતું.

આ વેળાએ મંત્રી શ્રી પરમારે જણાવ્યું હતું કે, ચેકડેમ બનવાથી બારડોલી, મહુવા અને નવસારી તાલુકાની એક હજાર હેક્ટર જમીનને સીધો ફાયદો થશે. જેનાથી ખેત ઉત્પાદનની સાથે ખેડૂતોની આવક પણ વધશે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

છીત્રા તેમજ આજુબાજુનાં ગામો દરિયાની નજીક આવેલાં હોઇ દરિયાના પાણીની ખારાશના કારણે બોર, કૂવાના પાણીમાં ખારાશનું પ્રમાણ પણ વધ્યું છે. નર્મદા, જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા છીત્રા ગામે પૂર્ણા નદીમાં ૧૩૬ મીટરની લંબાઈનો ચેકડેમ બનાવવામાં આવ્યો છે. ચેકડેમનું નિર્માણ થવાથી પૂર્ણા નદીમાં ૭.૫૦ કિ.મી. સુધી પાણીનો ભરાવો થયો છે. જેમાં ૨.૫૦ મીલીયન ઘન મીટર જેટલો પાણીનો જથ્થો સંગ્રહિત થયો છે. ચેકડેમના નિર્માણથી આસપાસની એક હજાર હેક્ટર જમીનને સીધો સિંચાઈનો લાભ થશે. ●



## "મારું ગામ, હરિયાળું ગામ" અભિયાન અંતર્ગત જસદણ તાલુકામાં વૃક્ષારોપણ



માનવ જીવન સાથે વૃક્ષોનો સંબંધ અભિન્ન છે. વરસાદ અને શુદ્ધ પ્રાણવાયુ સાથે પર્યાવરણીય સંતુલન માટે વધારેમાં વધારે વૃક્ષોનાં વાવેતર અને જતન સાથે સંવર્ધન એ હાલના સાંપ્રત સમયની માંગ છે. આ બાબતને ધ્યાને લઈને પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળીયાએ જસદણ અને વિંછીયા તાલુકાનાં ૧૦૫ ગામમાં વૃક્ષારોપણ કરી આ પંથકને હરિયાળો બનાવવા કમર કસી છે. મંત્રી શ્રી કુવરજીભાઇ બાવળિયાએ દહિંસર ખાતે પ્રાથમિક શાળાના પટાંગણમાં અને ભાડલા સ્થિત શ્રી એચ.આર.ગાર્ડી હાઈસ્કૂલના મેદાનમાં તથા રાણીંગપર અને બોઘરાવદર પ્રાથમિક શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કરી "મારું ગામ હરિયાળું ગામ" અભિયાનને પ્રેરકબળ પૂરું પાડયું હતું. ગ્રામલોકો ગામના પાદરમાં, રસ્તાની બન્ને બાજુ, ઘરના આંગણામાં તથા સ્કૂલ, પંચાયતઘર, કોમ્યુનિટી હૉલ મંદિર જેવાં જાહેર સ્થળોએ વૃક્ષો વાવી તેને ઉછેરી સુંદર અને રળિયામણું ગ્રામ બનાવે તેવો અનુરોધ મંત્રીશ્રીએ કર્યો હતો. આ પ્રસંગે આંગણવાડીના બાળકોને મંત્રીશ્રી બાવળિયા અને મહાનુભાવોના હસ્તે યુનિફોર્મનું વિતરણ પણ કરાયું હતું. ●

## ગિરનાર રોપ-વેને માય કેર સર્ટિફિકેટ એનાયત



યાત્રિકો અને કર્મચારીઓની સલામતી, સ્વચ્છતા અને સ્વાસ્થ્ય માટે ઉડન નેધરલેન્ડની કંપની દ્વારા રોપ-વે સાઈટ પર માય કેર સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે. જૂનાગઢ ગિરનાર સ્થિત ઉષા બ્રેકોને આ સર્ટિફિકેટ મળતા પ્રવાસન મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડાએ દ્વારા રોપ-વે પરિસરમાં યોજાએલ કાર્યક્રમમાં માય કેર સર્ટિફિકેટનું અનાવરણ કર્યું હતું. સર્ટિફિકેટનું અનાવરણ કરી મંત્રીશ્રીએ કહ્યું કે, કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં ઉષા બ્રેકોએ સલામતી, સ્વચ્છતા અને સ્વાસ્થ્યના ઉચ્ચ ધોરણે પ્રસ્થાપિત કરવા બદલ નેધરલેન્ડની ડીએનવી કંપની દ્વારા આ સર્ટિફિકેટ અપાયું છે. જે જૂનાગઢ અને ગુજરાત માટે ગૌરવની બાબત છે. તેમણે સર્ટિફિકેટ મેળવવા બદલ ઉષા બ્રેકોને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે અંબાજી મંદિરના મહંત શ્રી તનસુખગિરિબાપુએ આશીર્વચન આપ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે, ૨૪ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રોપ-વેના ઉદઘાટન બાદ અત્યાર સુધીમાં ૪ લાખથી વધુ યાત્રિકોએ મા અંબાજીના દર્શન કરવા સાથે એશિયાના સૌથી લાંબા ગિરનાર રોપ-વેની રોમાંચક સફરનો આનંદ લીધો છે. ●

# ગીર-સોમનાથ અને જૂનાગઢમાં વિકાસલક્ષી બેઠક



ગ્રામ વિકાસ એ રાજ્ય સરકારની પ્રાથમિકતા રહી છે. પ્રત્યેક ગામનો સર્વાંગીણ વિકાસ થાય તે માટે જિલ્લાસ્તરે થતી કામગીરીની ઉચ્ચસ્તરીય સમીક્ષા પણ કરવામાં આવે છે. તાજેતરમાં પંચાયત રાજ્ય મંત્રી શ્રી જયદ્રથસિંહ પરમારે ગીર-સોમનાથ અને જૂનાગઢ જિલ્લાના પદાધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. મંત્રી શ્રી જયદ્રથસિંહ પરમારે જણાવ્યું હતું કે, જિલ્લા પંચાયતના સભ્યો તેમજ પદાધિકારીઓ સમયાંતરે ગ્રામીણ વિસ્તારની મુલાકાત લેવી તેમજ સરપંચો સાથે મળીને ગ્રામીણ વિસ્તારના વિકાસનાં કામોનું આયોજન કરવું. સરપંચોને ઓનલાઈન કામગીરીની તાલીમનું આયોજન કરવા સહિત સરકાર દ્વારા અપાતી ગ્રાન્ટનો સમયમર્યાદા વિકાસનાં કામો અંગે ઉપયોગ કરવો. લોકોના પ્રશ્નોની જિલ્લાકક્ષાએ યોગ્ય રજૂઆત કરવા મંત્રીશ્રીએ જણાવ્યું હતું. આ બેઠકમાં સાંસદ શ્રી રાજેશભાઇ ચુડાસમા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રામીબહેન વાજા, પૂર્વ મંત્રી શ્રી જશાભાઇ બારડ સહિત પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

જૂનાગઢ જિલ્લાની સમીક્ષા બેઠકમાં મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ગ્રામીણ વિસ્તારમાં પંચાયતના મકાન બાંધકામ, નેટ કનેક્ટિવિટી, ઈ-ધરા, જાતિ આવકના દાખલાઓ ઝડપથી મળે તેમજ ૧૫મા નાણાપંચની ગ્રાન્ટનાં વિકાસકાર્યો અંગે ચર્ચા સમીક્ષા કરવામાં આવી હતી. ●

## ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ઓક્સિજન પ્લાન્ટ અર્પણ



ગુજરાત દરેક આફતને અવસરમાં પલટાવવામાં આગળ રહ્યું છે. રાજ્યના ઉદ્યોગગૃહો પણ નિઃસ્વાર્થ સેવા સાથે આગળ આવ્યાં છે. ભરૂચની સિવિલ હોસ્પિટલમાં કોરોનાની સંભવિત લહેરને ધ્યાનમાં રાખી ઝઘડિયાની ડીસીએમ શ્રીરામ લિમિટેડ દ્વારા રૂ.૮૦ લાખના ખર્ચે તૈયાર કરાયેલા ઑક્સિજન પ્લાન્ટને સહકાર રાજય મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલના હસ્તે જનસેવામાં અર્પણ કરાયો હતો.

સહકાર રાજ્ય મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યુ હતું કે, કોરોના મહામારીના સમયમાં અનેક સેવાભાવી સંસ્થાઓએ અને ઔદ્યોગિક એકમોએ દાનની સરવાણી વહેવડાવી સાચા અર્થમાં સમાજ પ્રત્યે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીના દર્શન કરાવ્યા એ બદલ તેમણે જિલ્લાના ઉદ્યોગપતિઓનો આભાર વ્યક્ત કર્યો હતો. આ વેળાએ ભરૂચના ધારાસભ્ય શ્રી દુષ્યંતભાઇ પટેલ, જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. એમ. ડી. મોડિયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી યોગેશભાઇ ચૌધરી, ડીસીએમ શ્રી રામ લિમિટેડના શ્રી બી.એમ. પટેલ ઉપસ્થિત રહયાં હતાં. ●

## મહિલા અને બાળ વિકાસ વિભાગની કામગીરી સમીક્ષા



ગુજરાતના વિકાસ માટે મહિલાઓ અને બાળકોનો સર્વાંગી વિકાસ આવશ્યક છે. જે માટે મહિલા અને બાળ વિકાસનો અલાયદો વિભાગ બનાવી રાજ્ય સરકાર વિવિધ યોજનાઓના માધ્યમથી કામ કરી રહી છે. સમયાંતરે તેની કામગીરીની સમીક્ષા પણ કરવામાં આવે છે. તાજેતરમાં બોટાદ ખાતે મહિલા અને બાળ કલ્યાણ રાજય મંત્રી શ્રી વિભાવરીબહેન દવેના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ પ્રસંગે રાજય મંત્રી શ્રી દવેએ શાળાએ ન જતી કિશોરીઓ શાળાએ જતી થાય તે માટે શિક્ષણ વિભાગ સાથે સંકલન કરી કામગીરી કરવા ઉપસ્થિત અમલીકરણ અધિકારીઓને જણાવ્યું હતું. તેમણે દરેક આંગણવાડીનાં બાળકો સુધી ગણવેશ પહોંચે તેવું આયોજન સુનિશ્ચિત કરવા તાકીદ કરી હતી. આ બેઠકમાં મહિલા અને બાળ વિકાસ કચેરી, શિક્ષણ વિભાગ તેમજ દહેજ પ્રતિબંધિત અધિકારીની કચેરી દ્વારા કરવામાં આવતી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. ●

# પૂર્વ મંત્રી શ્રી નરોત્તમભાઈ પટેલના પુસ્તક 'અંતરના ઝરૂખેથી'નું વિમોચન

દાયકાઓ સુધી જાહેરજીવનમાં પ્રભાવી પ્રદાન કરનાર 'નરોત્તમકાકા'ના હુલામણા નામથી જાણીતા રાજ્યના પૂર્વ કેબિનેટ મંત્રી શ્રી નરોત્તમભાઈ પટેલ લિખિત પુસ્તક 'અંતરના ઝરૂખેથી'નું વિમોચન મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં સુરત ખાતે કર્યું હતું. નરોત્તમભાઈના ૮૯મા જન્મદિને રાજ્યના આઠ સ્થળોએ કાર્યક્રમો યોજાયા હતા, જે તમામ કાર્યક્રમોને વર્ચ્યુઅલ પ્લેટફોર્મ દ્વારા જોડવામાં આવ્યા હતા.



આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, 'નરોત્તમકાકા'એ જીવનના આઠમાં દાયકામાં પુસ્તક લખીને સમાજને પ્રેરણાદાયી ભાથું આપવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે. નરોત્તમભાઈને 'ઉત્તમથી નરોત્તમ'ની ઉપમા આપતાં કહ્યું કે, ઉચ્ચ ગુણો, સુઝબુઝ અને કર્મઠતાથી 'નરોત્તમ' નામ તેમણે સાર્થક કર્યું છે. 'નરોત્તમકાકા' એન્જિનિયર, કોન્ટ્રાકટર, શિક્ષક અને રાજકારણી એમ બહુમુખી પ્રતિભાના ધની છે. જીવનના ૮૯માં વર્ષે પુસ્તક લખવું એ તેમની ઊર્જા દર્શાવે છે. પુસ્તકમાં વ્યક્ત થયેલાં વિચારો તેમના અનેક દાયકાઓના જાહેરજીવનનું પ્રેરણામૃત્ત છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું કે, શ્રી નરોત્તમભાઈ પટેલે સરદાર સરોવર, સૌની, સુજલામ સુફલામ યોજના જેવા પ્રજાહિતના નિર્ણયો લઈ ગુજરાતને પાણીદાર રાજ્ય બનાવવામાં મહત્વનું યોગદાન આપ્યું છે.

શ્રી નરોત્તમભાઈએ પુસ્તક વિમોચનનો આનંદ વ્યક્ત કરતાં જણાવ્યું કે, ઈજનેરી ક્ષેત્રના વ્યક્તિ એવો હું પુસ્તક લખું એ આશ્ચર્ય સર્જે, પરંતુ કોરોનાકાળમાં મારા વિચારોને કાગળ પર ટપકાવવાનું શરૂ કર્યું અને આ વિચારો, મેં જોયેલી અને અનુભવેલી વાતો, ઘટનાઓને પુસ્તકરૂપે આકાર આપવાનો વિચાર સ્ફૂર્યો. આ પ્રસંગે આદિજાતિ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવા, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમાર, આરોગ્ય રાજયમંત્રી શ્રી કિશોરભાઈ કાનાણી, સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવા, સાંસદ શ્રી સી.આર.પાટીલ સહિત શહેરીજનો ઉપસ્થિત રહ્યાં હતા. ●

# સ્વ. શ્યામાપ્રસાદ મુખરજીની ૧૨૦મી જન્મજયંતીએ તૈલચિત્રને પુષ્પાંજલિ

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ સ્વ. શ્યામાપ્રસાદ મુખરજીની ૧૨૦મી જન્મ જયંતી નિમિતે વિધાનસભા પોડિયમમાં સદગતના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરતાં જણાવ્યું હતુ કે, ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી "એક વિધાન-એક નિશાન-એક પ્રધાન" સિદ્ધાંતના શિલ્પકાર હતા. શિસ્ત, હિંદુત્વ અને શ્રેષ્ઠ સંસ્કારોનું સિંચન એમનામાં બાળપણથી જ થયું હતુ.

ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીને યાદ કરતાં અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતુ કે, સ્વતંત્ર ભારતના પ્રથમ પ્રધાનમંડળમાં તેમને ઉદ્યોગ અને પુરવઠા મંત્રીની જવાબદારી સોંપવામાં આવી હતી. સ્વતંત્રતા વખતે દેશી રાજ્યોના વિલીનીકરણના કામ માટે સરદાર પટેલનું નામ સૂચવનાર શ્રી મુખરજી જ હતા. કાશ્મીરના મુદ્દે તેઓ ખૂબ જ સક્રિય અને ચિંતિત હતા. આવા બહુઆયામી વ્યક્તિત્વ ધરાવતા રાજનીતિજ્ઞ, રાષ્ટ્રવાદી અને દેશભક્ત શ્રી શ્યામાપ્રસાદ મુખરજીને કોટિ કોટિ વંદન. નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગૃહમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમાર, સહકાર, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ, વન અને આદિજાતિ વિકાસના રાજ્ય મંત્રી શ્રી રમણલાલ પાટકર, ધારાસભ્યશ્રીઓ તથા અગ્રણીઓએ પણ સ્વ. મુખરજીને આદરાંજલિ પાઠવી હતી. ●





# હવે રાજ્ય સરકારના ગેઝેટ ઓન-લાઇન ઉપલબ્ધ થશે



પેપર લેસ ગર્વનન્સ ઇ-ગર્વનન્સની દિશામાં ગુજરાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના દિશાદર્શનમાં એક મહત્ત્વપૂર્ણ કદમ ભર્યું છે. હવે, રાજ્ય સરકારના તમામ સાધારણ અને અસાધારણ ગેઝેટ ડિજિટલ-ઇ ગેઝેટ સ્વરૂપે વેબસાઇટ પર ઓનલાઇન ઉપલબ્ધ થશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ માટેની વેબસાઇટ egazette.gujarat.gov.inનું ગાંધીનગરમાં મંત્રી શ્રી જયેશભાઇ રાદડિયાની ઉપસ્થિતિમાં લોન્ચિંગ કર્યુ હતું.

વર્ષોથી ચાલી આવેલી ગેઝેટના મુદ્રણ-પ્રિન્ટિંગની પરંપરાગત પ્રક્રિયાનો હવે આ ડિઝિટલ - ઓનલાઇન ગેઝેટ વેબસાઇટ પર ઉપલબ્ધ થવાથી અંત આવશે. આના પરિણામે વાર્ષિક સરેરાશ અંદાજે ૩૫ મેટ્રિક ટન પેપરની પણ બચત થવાની છે.

કોઈપણ વ્યક્તિ, સંસ્થા વેબસાઇટના માધ્યમથી ગેઝેટને વિનામૂલ્યે ડાઉનલોડ કરી શકશે. એટલું જ નહિ, ઇ-ગેઝેટની આવી ડાઉન લોડેડ કોપીની અધિકૃતતા માટે QR કોડની પ્રથા અમલમાં મૂકવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ હાલ વિભાગ પાસે ૩૦ વર્ષ જૂના જે ગેઝેટ ઉપલબ્ધ છે તે પણ એક મહિનામાં આ વેબસાઇટ ઉપર અપલોડ કરી દેવાની સૂચના આ વેળાએ આપી હતી.

તદનુસાર જૂના ગેઝેટને પણ ક્રમશ: વેબસાઇટ ઉપર ઉપલબ્ધ કરાવવામાં આવશે જેથી તે પણ વેબસાઇટ પર સરળતાએ મળી રહેશે.ગેઝેટની વેબસાઇટ ઉપર તાત્કાલિક ઉપલબ્ધતાથી વહીવટમાં અસરકારકતા વધશે તેમજ ગેઝેટના મેન્યુઅલ રેકર્ડ નિભાવવામાંથી હવે મુક્તિ મળશે. આના પરિણામે નાગરિકો, અરજદારો, સરકારી કચેરીઓને અગાઉ પ્રસિદ્ધ થઇ ગયેલા જૂના ગેઝેટની નકલો મેળવવામાં પડતી સમસ્યાનું નિવારણ થશે. રાજ્ય સરકારના તમામ વિભાગોના ગેઝેટ માટે ફકત એક જ-સેન્ટ્રલાઇઝડ વેબસાઇટ તરીકે તમામ માહિતી સરળતાએ લોકોને મળતી થશે.

આ વેબ સાઈટ લોન્ચિંગ અવસરે કુટીર ઉદ્યોગ સચિવ શ્રી સંદીપકુમાર, જી.આઇ.એલ ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ગુસિઆ, સરકારી પ્રિન્ટિંગ એન્ડ સ્ટેશનરી નિયામક શ્રી રાઠોડ તેમજ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.●

# મુખ્યમંત્રીશ્રીએ નેશનલ ડૉક્ટર્સ દિન નિમિત્તે ડૉક્ટર્સને આપી શુભેચ્છાઓ


મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ નેશનલ ડૉક્ટર્સ ડે અવસરે પ્રર્વતમાન કોરોના સંક્રમણની સ્થિતિમાં કોરોના વોરિયર્સમાં સૌથી વધુ અગત્યની ભૂમિકા ભજવી રહેલા ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના ડૉક્ટર્સની સેવાઓ બિરદાવીને સોશિયલ મીડિયાના માધ્યમથી તબીબી જગતનો આભાર વ્યકત કરીને શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતુ કે, પ્રતિ વર્ષ ૧ જુલાઈના રોજ ડૉ. બી.સી. રોયની યાદમાં ડૉક્ટર દિવસ મનાવવામાં આવે છે. ડૉક્ટર્સ દર્દીઓને યોગ્ય સારવાર પૂરી પાડીને સાજા કરે છે તે માટે આજના દિવસે તેમના પ્રત્યે આદરભાવ-કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો દિવસ પણ છે. ડૉ. બી.સી.રોયએ પશ્ચિમ બંગાળ રાજ્યના બીજા મુખ્યમંત્રી તરીકે પણ સેવાઓ આપી હતી તેનું તેમણે સ્મરણ કર્યુ હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું હતુ કે, કોરોનાની વૈશ્વિક મહામારીના સમયમાં રાત-દિવસ જોયા વિના પ્રથમ દિવસથી જ કોરોનાની લડાઈમાં ગુજરાત સહિત સમગ્ર દેશના ડૉક્ટર્સ છેલ્લા દોઢ વર્ષથી રાત-દિવસ લડી રહ્યા છે. પોતાના પરિવારની ચિંતા કર્યા વિના સમાજની સેવા કરી, રાષ્ટ્રની સેવા કરીને અસંખ્ય નાગરિકોની જિંદગી તેમણે બચાવી છે. કોરોના સામેની લડાઈમાં આપણા ડૉક્ટર્સે માત્ર સમયનો જ ભોગ નથી આપ્યો, પરંતુ રાષ્ટ્રના નાગરિકોની સેવા કરતાં કરતા પોતાના પ્રાણની આહુતિ પણ આપી દીધી છે. કોરોનાના દર્દીઓની સારવાર કરતાં પોતાની જિંદગી કુરબાન કરનાર એ તમામ ડૉક્ટર્સને સાચા શહીદ તરીકે શત શત પ્રણામ પણ મુખ્યમંત્રીશ્રીએ પાઠવ્યા હતા.

સમગ્ર દેશમાં આરોગ્ય ક્ષેત્રે ગુજરાત મોડેલ લાગુ કરવામાં આવી રહ્યું છે જે ગુજરાતની સફળતા છે અને આ સફળતામાં તબીબી જગત પણ રાજ્ય સરકાર સાથે ખભેખભો મિલાવી અડીખમ રહ્યું છે એમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતુ. આ અવસરે તેમણે સમગ્ર મેડિકલ ફેટરનીટીને શુભેચ્છાઓ પાઠવી હતી. ●

# રાજકોટમાં 'પ્રજાના પ્રશ્નો'નું એપથી નિરાકરણ થશે





લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકો-પ્રજાના પ્રશ્નો-રજૂઆતોનું ત્વરિત નિવારણ લાવી જનઅપેક્ષા સંતોષવાનું ચૂંટાયેલા પ્રતિનિધિઓનું દાયિત્વ અને જવાબદારી છે. ગુજરાત સરકારે 'મિનિમમ ગવર્મેન્ટ, મેક્સિમમ ગવર્નસ'ના મંત્રને ધ્યાને રાખીને વહીવટી પ્રક્રિયા સરળ અને જનહિતલક્ષી બનાવી છે. લોકોને તેમની ફરિયાદનું ત્વરિત નિરાકરણ મળે તેમજ સમયનો બચાવ થાય તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. આ દિશામાં આગળ વધતા રાજકોટ જિલ્લા પંચાયતે જન સમસ્યાઓની રજૂઆતો માટે "પ્રજાના પ્રશ્નો" નામની ઓનલાઇન એપ વિકસાવી છે. જેનું તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગરથી ઈ-લોન્ચિંગ કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે આજના ટેકનોલોજીના યુગમાં તમામ સેવાઓ ઓનલાઇન મળી રહે તે સમયની માંગ છે. સાથોસાથ ભ્રષ્ટાચારમુકત અને ઝડપી વહીવટ વ્યવસ્થાઓ વિકસાવવી પણ આવશ્યક છે. "પ્રજાના પ્રશ્નો" એપ્લિકેશનના માધ્યમથી લોકો પોતાના પ્રશ્નો જ નહિ પરંતુ કોઇ પણ વ્યક્તિએ પોતાના વિસ્તાર માટે કોઇ સૂચન આપવું હોય તો એ પણ જિલ્લા પંચાયત પ્રમુખને આ એપ દ્વારા સીધું પહોચાડી શકશે. રાજ્યમાં આ પ્રકારની નવીનતમ એપ બનાવી રાજકોટ જિલ્લા પંચાયતે લોકાભિમુખ વહીવટનો પરિચય આપ્યો છે. વડાપ્રધાનશ્રીના ડિજિટલ ઈન્ડિયા સ્વપ્નને સાકાર કરવામાં પણ આ એપ્લિકેશન યોગદાન આપશે.

રાજ્ય સરકારની વિવિધ કલ્યાણ યોજનાઓની સંપૂર્ણ માહિતી પણ રાજકોટ જિલ્લાનાં ૫૯૫ ગામોમાં ગ્રામજનોને આ એપ્લિકેશનના માધ્યમથી ઘરઆંગણે મળતી થશે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, જનસામાન્યના નાના-નાના પ્રશ્નોના નિરાકરણ માટે ડિજિટલ સેવા સેતુની રાજ્ય સરકારે શરૂઆત કરી છે. સરકારના ૧૦થી વધુ વિભાગોની ૫૫ (પંચાવન) જેટલી સેવાઓ ડિજિટલ સેવા સેતુ થકી નાગરિકોને ઉપલબ્ધ છે. શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રશ્નોનું નિયમિત મોનિટરિંગ થાય, ફોલો અપ થાય તેવી તાકીદ પણ પંચાયત પદાધિકારીઓને કરી હતી.

આ અવસરે સાંસદ શ્રી મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્ય શ્રી લાખાભાઇ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભૂપતભાઇ બોદર, પંચાયતના સદસ્યો પદાધિકારીઓ રાજકોટથી વીડિયો લિંક મારફતે જોડાયા હતા. ●

# ''કોવિ સેલ્ફ''ના ગુજરાત પાર્ટનર મુખ્યમંત્રીશ્રીની સૌજન્ય મુલાકાતે

કોરોના મહામારીના સમયસરના નિદાન માટેનું ટેસ્ટિંગ સરળ અને ઘરઆંગણે થઇ શકે તેવી સેલ્ફ ટેસ્ટ કિટ ''કોવિ સેલ્ફ'' માયલેબ દ્વારા નિર્માણ કરવામાં આવી છે. આ સેલ્ફ ટેસ્ટ કિટ ગુજરાતમાં પૂજારા ગ્રૂપના સહયોગથી લોકો-નાગરિકો માટે રાજ્યના તમામ મુખ્ય શહેરોના અગ્રણી મેડિકલ-ફાર્મસી સ્ટોર્સ પરથી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સમક્ષ આ કોવિ સેલ્ફ કોવિડ-19 સેલ્ફ ટેસ્ટ કિટનું નિદર્શન અને વિસ્તૃત વિગતો આ પ્રોડક્ટના ગુજરાત પાર્ટનર અને સુપર સ્ટોકિસ્ટ પૂજારા ગ્રૂપના ચેરમેન શ્રી યોગેશભાઇ પૂજારા અને ટીમ દ્વારા ગાંધીનગરમાં કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કોરોના સંક્રમણ નિયંત્રણ માટે વ્યાપક ટેસ્ટિંગના અભિગમમાં આ ''કોવિ સેલ્ફ'' ટેસ્ટ કિટ ઘરે બેઠા જાતે કોરોના ટેસ્ટ માટેની વધુ જાગૃતિ લાવશે તેવી અપેક્ષા વ્યકત કરતાં પૂજારા ગ્રૂપને આ કિટના રાજ્યમાં સફળ વિતરણ માટેની શુભેચ્છાઓ આપી હતી. કોરોનાની પહેલી અને બીજી લહેરમાં મોટા પ્રમાણમાં કોરોના ટેસ્ટની જરૂરિયાત ઊભી થઈ હતી. હવે, આવી સેલ્ફ ટેસ્ટ કિટ લોકોને ઘરે બેઠાં પોતાની જાતે જ કોરોના ટેસ્ટ કરવાની સગવડ આપવામાં ઉપયુકત બનશે.

માયલેબ દ્વારા નિર્માણ પામેલી આ કોવિ સેલ્ફ કિટથી પુખ્તવયની વ્યક્તિઓ પોતાની જાતે જ કોવિડ-19 ટેસ્ટ કરીને ICMR પ્રમાણિત સર્ટિફિકેટ પણ મેળવી શકે છે તેમ પૂજારા ગ્રૂપના ચેરમેન શ્રી યોગેશભાઇએ મુખ્યમંત્રીશ્રીને જણાવ્યું હતું. આ વેળાએ કોવિ સેલ્ફના પ્રતિનિધિઓ શ્રી સંજીવભાઇ કુબાવત, વિક્રમસિંહ જાડેજા, ધર્મેશભાઇ ડંડેયા પણ ઉપસ્થિત રહ્યા હતા. ●

# સાગરખેડુ બાંધવો દ્વારા મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન



તાઉતે વાવાઝોડાથી વ્યાપક અસર પામેલા સાગરખેડુ-માછીમારો માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના ઈતિહાસમાં પ્રથમવાર ૧૦૫ કરોડ રૂપિયાનું માતબર રાહત પેકેજ જાહેર કર્યું છે. મુખ્યમંત્રીશ્રીની સાગરખેડુ પરિવારો પ્રત્યેની આ સંવેદના અને પેકેજના ત્વરિત અમલ અંગે રાજ્યભરના સાગરપુત્રો-માછીમારોએ ગાંધીનગરમાં શ્રી વિજયભાઇ રૂપાણીનું બહુમાન-અભિવાદન કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની માછીમારો પ્રત્યેની સંવેદનશીલતાને ગુજરાતના સાગરપુત્રોએ બિરદાવી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સાગરખેડુઓના સન્માનનો પ્રતિભાવ આપી તેમની સાથે વાર્તાલાપ કરતાં જણાવ્યું હતું કે, વાવાઝોડા જેવી આપત્તિના સમયે સાગરખેડુઓની સલામતી સુનિશ્ચિત કરવી અને અસરગ્રસ્તોને રાહત સહાય આપવી તે રાજ્ય સરકારની ફરજ છે. સરકારે વિવિધ વિભાગોને સાંકળી આ તાઉતે વાવાઝોડા દરમિયાન સ્થળાંતર અને આપદા પ્રબંધનની આગોતરી કામગીરીથી મોટી જાનહાનિ ટાળી શકાઇ છે અને નુકસાન પણ અટક્યું છે.

માછીમારોની લાગણી અને માંગણી સંતોષાય તે પ્રકારનું તાઉતે રાહત પેકેજ રાજ્ય સરકારે જાહેર કર્યું છે. નવી બોટ માટે સબસિડી પણ આપવામાં આવી છે. ગુજરાતના સાગરખેડુઓના નાના-મોટા તમામ પ્રશ્નો હલ કરવા રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે.

માછીમાર અગ્રણીઓ, સાગરખેડુઓ, બોટ ઍસોસિયેશન સૌની રજૂઆતો સાંભળવા મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી, કમિશનરશ્રીએ પણ તાઉતેગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી અને માતબર પેકેજ આ બધી જ બાબતોના સર્વગ્રાહી પાસાંઓ ધ્યાનમાં લઇને જાહેર કરેલું છે. સાગરખેડુના કલ્યાણ માટેની યોજનાઓ અમલી બનાવવી, દરિયાકાંઠાનાં ગામોનાં વિકાસકામો હાથ ધરવાં, નવા બંદરો વિકસાવવાં અને નવી જેટી બાંધવી જેવાં કાર્યો થકી રાજ્ય સરકારે ગુજરાતના મત્સ્ય ઉદ્યોગ અને માછીમારોની હંમેશાં દરકાર કરી છે.

અખિલ ભારતીય ફિશરમેન ઍસોસિયેશન, ગુજરાત પ્રાંતના ઉપાધ્યક્ષ શ્રી વેલજીભાઈએ રાજ્ય સરકારનો આભાર માનતાં કહ્યું હતું કે, રાજ્ય સરકારની સમયસૂચકતાને પરિણામે ૩૦૦૦ માછીમારો તાઉતે વાવાઝોડા પૂર્વે સાગરકિનારે હેમખેમ પરત ફર્યા હતા. અખિલ ભારતીય ફિશરમેન ઍસોસિયેશન, ગુજરાત પ્રાંતના હોદેદારોએ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીને સ્મૃતિચિહ્ન અર્પણ કરી તેમનું અભિવાદન કર્યું હતું.

આ પ્રસંગે અખિલ ભારતીય ફિશરમેન ઍસોસિયેશન, ગુજરાત પ્રાંતના પ્રમુખ શ્રી તુલસીભાઇ ગોહેલ સહિત સાગરખેડુ પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. ●

# નવનિયુક્ત કેન્દ્રીય મંત્રીશ્રીઓને અભિનંદન પાઠવતા CM

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કેન્દ્રીય મંત્રીમંડળમાં નવનિયુક્ત થયેલા ગુજરાતના રાજ્યસભા, લોકસભા સાંસદોને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી એ તેમના મંત્રીમંડળના આ વિસ્તરણમાં ગુજરાતના ત્રણ સાંસદોને મંત્રીપદ આપ્યું છે તે માટે વડાપ્રધાનશ્રીનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતુ કે મંત્રી પરિષદમાં ગુજરાતના વધુ ત્રણ ત્રણ સાંસદોને સ્થાન મળતા સમગ્ર ગુજરાતમાં આનંદની લાગણી છવાઈ છે

મુખ્યમંત્રીશ્રીએ હાલના કેન્દ્રીય મંત્રીમંડળમાં રાજ્યકક્ષાના મંત્રીમાંથી કેબિનેટ કક્ષાના મંત્રી તરીકે પદોન્નતિ પામેલા શ્રી મનસુખભાઈ માંડવિયા અને શ્રી પરસોત્તમભાઈ રૂપાલાને આ નવા પદભારની શુભેચ્છાઓ પાઠવી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કેન્દ્રીય મંત્રીમંડળના થયેલા આ વિસ્તરણમાં ગુજરાતના લોકસભાના ત્રણ સાંસદશ્રીઓ શ્રીમતી દર્શનાબહેન જરદોશ (સુરત), શ્રી દેવુસિંહ ચૌહાણ (ખેડા) અને શ્રી ડૉ.મહેન્દ્ર મુંજપરા (સુરેન્દ્રનગર)નો રાજ્યકક્ષાના મંત્રી તરીકે સમાવેશ થવા અંગે પણ અભિનંદન પાઠવ્યા છે. મુખ્ય મંત્રીશ્રીએ આ નવનિયુક્ત મંત્રીશ્રીઓ ગુજરાતના સર્વગ્રાહી વિકાસમાં પોતાનું યોગદાન અને રાજ્ય સરકારનું માર્ગદર્શન પણ કરતા રહેશે તેવી અપેક્ષા વ્યકત કરી છે. ●

# કચ્છની પાણીની સમસ્યા દૂર થશે



કચ્છ જિલ્લાને નર્મદાનું વધારાનું એક મિલિયન એકર ફીટ પાણી આપવા રૂ. ૩૮૭૫ કરોડની યોજનાને સૈદ્ધાંતિક મંજૂરી આપવા બદલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનું કચ્છના ધારાસભ્યશ્રીઓ, સાંસદશ્રી, શ્રેષ્ઠીઓ અને સ્થાનિક હોદ્દેદારો, સંતો-મહંતોએ ગાંધીનગરમાં ઉમળકાભર્યું અભિવાદન કર્યું હતું. કચ્છીમાડુઓ દ્વારા અભિવાદનનો પ્રતિભાવ આપતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કચ્છી બોલીમાં વક્તવ્યની શરૂઆત કરી ઉપસ્થિત સૌનું અભિવાદન ઝીલી ઋણ સ્વીકાર કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, ગુજરાત સરકારે નર્મદાના પાણી છેવાડાના વિસ્તારોમાં પહોંચાડવા માટે બજેટની માંગ સામે ફાળવણીમાં એક રૂપિયાનો પણ ઘટાડો ક્યારેય કર્યો નથી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં ગુજરાત સરકાર છેલ્લા અઢી દાયકાથી કચ્છમાં સિંચાઈ અને પીવા માટે નર્મદાનું પાણી ઠેરઠેર પહોંચાડવાના લક્ષ્ય સાથે કાર્ય કરી રહી છે. વર્ષ ૧૯૬૦થી ૨૦૨૦ સુધી ૬૦ વર્ષ દરમિયાન નર્મદા મૈયાની ગુજરાતમાં યાત્રા અનેક પ્રશ્નો અને વિઘ્નો વચ્ચે આગળ વધતી રહી છે તે અંગે ગુજરાતની નવી પેઢીએ જાણવું જોઈએ.

આ પ્રસંગે પ્રવાસન રાજ્ય મંત્રી શ્રી વાસણભાઇ આહીર, સાંસદ શ્રી વિનોદભાઇ ચાવડા, ધારાસભ્યો સર્વ શ્રી વિરેન્દ્રસિંહ, શ્રી પ્રદ્યુમન સિંહ, સુશ્રી નિમાબહેન, સુશ્રી માલતીબહેન, જિલ્લા પંચાયત પ્રમુખ સુશ્રી પારુલબહેન, કચ્છ જિલ્લાના આગેવાનો સહિત સૌ કચ્છી માડુઓએ 'નર્મદે સર્વદે' જયઘોષ કરી પોતાની ભાવોર્મિઓ વ્યક્ત કરી હતી. ●

# ''એક મૈં સો કે લિયે'' અભિયાનના પાંચમા ચરણનો પ્રારંભ




એકતા ઔર અનુશાસન NCCનું સૂત્ર છે અને યુવાઓ NCCમાં જોડાઇને એક બની સંગઠિત થઇ અનુશાસન સાથે રાષ્ટ્રસેવા સમાજ સેવાની પ્રવૃત્તિઓ સુપેરે ઉપાડી શકે છે. તાજેતરમાં NCC ડાયરેક્ટોરેટ ગુજરાતના NCC કેડેટ્સની ભારતીય સેનાના જવાનો પ્રત્યેની કૃતજ્ઞતા અને રાષ્ટ્રભક્તિ ભાવનાની આગવી સંવેદના રૂપે 'કારગીલના વીરોને ગુજરાતનો આભાર' અભિયાનનો મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો હતો. NCC ડાયરેકટરેટ ગુજરાતના વડા મેજર જનરલ અરવિંદ કપૂરની પ્રેરણાથી ''એક મૈં સો કે લિયે'' અભિયાન ગુજરાત સ્થાપના દિવસ ૧લી મે-૨૦૨૧થી શરૂ કરવામાં આવેલું છે. આ અભિયાનના ૪ તબક્કાને મળેલી સફળતા અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વીટરના માધ્યમથી ૧૪ લાખ હિટ્સની સિદ્ધિ માટે વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા સર્ટિફિકેટ ઓફ કમિટમેન્ટ પ્રાપ્ત થયેલું છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ સર્ટિફિકેટ NCC ડાયરેકટોરેટ ગુજરાતના એડિશનલ ડિરેક્ટર મેજર જનરલ શ્રી અરવિંદ કપૂરને અર્પણ કર્યુ હતું.

આ અભિયાનના પાંચમા તબક્કામાં ગુજરાતના NCC કેડેટસ ૨૫ હજાર શુભેચ્છા કાર્ડ દેશની કારગીલ સરહદે તૈનાત જવાનોને કારગીલ વિજય દિવસની ૨૨મી વર્ષગાંઠ ૨૬ જુલાઇએ મોકલવાના છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતમાં ૬૪ હજાર જેટલા યુવાઓ NCCમાં જોડાયેલા છે તે માટે ગૌરવની લાગણી વ્યક્ત કરતાં કહ્યું કે, રાજ્ય સરકાર પણ NCC પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા પ્રતિબદ્ધ છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, શિક્ષણ અગ્ર સચિવ શ્રી હૈદર, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમાર તેમજ રાજ્યની વિવિધ NCC બટાલિયનના ઇન્ચાર્જ ઓફિસર્સ અને કેડેટસ જોડાયા હતા. ●

# યુગાન્ડાનાં ભારત સ્થિત હાઇકમિશનરની મુખ્યમંત્રીશ્રી સાથે સૌજન્ય મુલાકાત

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાથે યુગાન્ડાનાં ભારત સ્થિત હાઈ કમિશનર Ms.Grace Akelloએ ગાંધીનગરમાં સૌજન્ય મુલાકાત કરી હતી. ગુજરાતે ઔદ્યોગિક ક્ષેત્રે દેશમાં મેન્યુફેક્ચરિંગ હબ તેમજ દેશના એમ.એસ.એમ.ઇ સેક્ટરમાં જે મહત્ત્વપૂર્ણ પ્રદાન કર્યું છે તેની સફળતાથી તેઓ પ્રભાવિત થયા હતા. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ યુગાન્ડા ગુજરાત વચ્ચેના ઉષ્માપૂર્ણ દ્વિપક્ષીય સંબંધોમાં સંપૂર્ણ સહયોગની ખાતરી આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ યુગાન્ડાના હાઈકમિશનરની ટીમને ગુજરાતના એમ.એસ.એમ.ઇ કમિશનરેટની મુલાકાત લઈ આ સમગ્ર ઇકો સિસ્ટિમ સમજવા અને તેનો અભ્યાસ કરવા આમંત્રણ આપ્યું હતું. ખાસ કરીને ગુજરાતમાં એમ.એસ.એમ.ઇ માટે પહેલા પ્રોડક્શન પછી પરમિશનનો જે નવીન અભિગમ અપનાવ્યો છે તેના વિશે તેમજ એમ.એસ.એમ.ઇ સેક્ટર દ્વારા મોટાપાયે રોજગારીની તકોની પણ વિશદ ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આ મુલાકાત બેઠક દરમ્યાન આપી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાથેની આ મુલાકાત દરમ્યાન તેમણે ગુજરાત સાથે એમ.એસ.એમ.ઇ સેક્ટરની



સહભાગિતા અને યુગાન્ડામાં એમ.એસ.એમ.ઈ સેક્ટરમાં રહેલી તકો વિશે ચર્ચા પરામર્શ કર્યા હતા. શ્રી વિજયભાઈ રૂપાણીએ યુગાન્ડા આફ્રિકા ભારતના પુરાતન પ્રવાસન સંબંધોની યાદ પણ તાજી કરી હતી. ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજીવકુમાર ગુપ્તા, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમાર, ઉદ્યોગ કમિશનર રાહુલ ગુપ્તા, એમ.એસ.એમ.ઇ કમિશનર રંજીથકુમાર અને ઇન્ડેક્ષ્ટ-બી ના એમ.ડી નિલમ રાની આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા. ●

# TV9 દ્વારા આયોજિત કોન્કલેવમાં સહભાગી થતા CM-Dy CM

કોરોનાકાળમાં પણ અમે ગુજરાતની વિકાસની ગતિ ધીમી થવા દીધી નથી, તેમ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદમાં ટીવી-૯ દ્વારા આયોજિત કોન્ક્લેવમાં જણાવ્યું હતું. શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, કોરોનાના કેસમાં થયેલો ઘટાડો સરકારની “સાચી દિશા” સૂચવે છે. એક સમયે કોરોનાના કેસનો આંક ૧૪ હજારને પાર કરી ગયો હતો, તે ઘટીને આજે માત્ર ૫૬ થઈ ગયો છે.

બીજા વેવમાં ઘણાં રાજ્યોએ લોકડાઉન કર્યું, પણ ગુજરાતે જનજીવન પણ રાબેતા મુજબ ચાલે અને કોરાનોને પણ નિયંત્રિત કરવાનો અભિગમ અપનાવ્યો. જેના પગલે જ ગુજરાતમાં બેરોજગારીનો દર માત્ર ૨.૫ ટકા જ રહ્યો, જે અન્ય રાજ્યોમાં ૨૦ ટકા જેટલો રહ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ તાઉતે વાવાઝોડામાં ગુજરાત સરકારે દાખવેલી કટિબદ્ધતાનો દાખલો આપતાં કહ્યું કે, વાવાઝોડા સમયે મેં જાતે કંટ્રોલરૂમમાં બેસી નિરીક્ષણ કર્યું અને પરિણામે વ્યાપક જાનહાનિ થતી અટકાવી શકાઈ હતી. તાઉતે વાવાઝોડા બાદ અસરગ્રસ્તોને રૂ.૫૦૦ કરોડથી વધુની સહાય DBT મારફતે સીધા ખાતામાં પહોંચાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી સમયમાં તમામ યોજનાના લાભ DBT મારફતે પહોંચાડવાનું સુદૃઢ આયોજન કરવામાં આવ્યું હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, કોરોનાકાળમાં જનજાગૃતિ ઊભી કરવામાં મીડિયાની ભૂમિકા મહત્ત્વની રહી હતી. ટેસ્ટિંગ, ટ્રીટમેન્ટ અને રસીકરણ અંગે જાગૃતિ ઊભી કરવામાં મીડિયાએ સરાહનીય પ્રયાસો કર્યા છે. કોરોનાએ આરોગ્ય વિભાગ અને સરકારને જ નહીં પણ સમગ્ર વિશ્વને ઘણું બધુ શીખવ્યું.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, જ્યારે વિકસિત અને સમૃદ્ધ દેશોએ પણ કોરોના સંક્રમણને નિયંત્રિત કરવા માટે ભારે સંઘર્ષ કરવો પડ્યો ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની લોકડાઉનની જાહેરાતના કારણે આપણે કોરોના સંક્રમણને નિયંત્રિત કરી શક્યા.

આ અવસરે નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત સરકારના પ્રયાસોની વિગતો આપતાં કહ્યું કે, ગુજરાત સરકારે કોરોના કાળમાં નિર્ણાયક ભૂમિકા ભજવી અને મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં કોવીડ અંગે કોર કમિટીમાં અનેક પ્રજાહિતલક્ષી નિર્ણયો લેવામાં આવ્યા હતા. ●

# મુખ્યમંત્રીશ્રીએ આપી સુરતીઓને રૂ.1270 કરોડનાં વિકાસકામોની ભેટ

'કોરોના' અને 'તાઉતે' ના તબાહીકાળમા પણ ગુજરાતે અડીખમ રહીને વિકાસની ગતિને અટકવા દીધી નથી, જેનો ઉત્તમ પુરાવો છેલ્લા દોઢેક વર્ષમાં રાજ્યમાં થયેલા 30 હજાર કરોડથી વધુનાં જનહિતલક્ષી વિકાસકાર્યો છે. તાજેતરમાં સુરત મહાનગરપાલિકા અને સુડાને એક દિવસમાં રૂ.1270 કરોડનાં વિકાસકામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, વર્તમાન સંવેદનશીલ રાજ્ય સરકાર સતત પ્રજાજનોની વચમા રહીને કાર્ય કર્યું છે તેમજ આ સરકાર 'જે કહે છે તે કરે જ છે, અને જે કરે છે તે જ કહે છે' .

કોરોના કાળમાં પ્રજાસુખાકારી માટેની સુવિધા વિશે વિગતો આપતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પાંચ હજાર કરોડના ખર્ચે વિવિધ આરોગ્યલક્ષી સુવિધાઓ, એક લાખથી વધુ ઓકિસજન બેડ તૈયાર કરીને ૮.૨૫ લાખ લોકોને કોરોનામાંથી સ્વસ્થ કર્યા છે. કોરોના કાળમાં એક પણ વ્યકિતનું ઓકિસજનના અભાવે મૃત્યુ થયું નથી તેમ જણાવીને ૧૨૦૦ મેટ્રીક ટન સુધીનો ઓકિસજનનો પુરવઠો સતત પુરો પાડીને માનવ જિંદગી બચાવવાનું અમૂલ્ય કાર્ય કર્યુ હોવાનું તેમણે જણાવ્યું હતું.



આ વિકાસકામોમાં સ્લમ અપગ્રેડેશન વિભાગના કુલ રૂ.૩૦૭.૩૯ કરોડના ૮ પ્રોજેક્ટ, ડ્રેનેજ વિભાગના રૂ.૬૭૫.૪૬ કરોડના ત્રણ પ્રોજેક્ટ, અને બ્રિજ સેલના રૂ.૮૯.૯૯ કરોડના એક પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સુડા દ્વારા રૂ.૧૯૭.૩૭ કરોડના ખર્ચે નિર્માણ પામેલા આવાસોનો ડ્રો પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે યોજાયો હતો. આમ, એક જ દિવસે સુરત શહેરને કુલ રૂ.૧૨૭૦.૨૧ કરોડના વિકાસકામોની ભેટ મળી છે. આ સાથે, આવાસોનાં વર્ચ્યુઅલ ડ્રોમાં લાભાર્થીઓને ચાવી અર્પણ કરવામાં આવી હતી.

આ અવસરે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, આરોગ્ય રાજય મંત્રી શ્રી કિશોરભાઈ કાનાણી, સાંસદ સર્વ શ્રી સી.આર.પાટીલ, સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવા, મેયર શ્રીમતી હેમાલી બોઘાવાલા, ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેટરો સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# સુરતમાં વિશ્વનું સૌથી વિશાળ ડાયમંડ બુર્સ આકાર લેશે

સુરતના ખજોદ ખાતે આકાર લઈ રહેલા રાજયના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ 'સુરત ડાયમંડ બુર્સ'ની તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને એ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રીએ અહીં બુર્સની કોર કમિટીના સભ્યો-હોદ્દેદારો, ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિઓ અને હીરા વ્યવસાયીઓ સાથે બેઠક યોજી આ પ્રોજેક્ટની પ્રગતિની વિગતો મેળવી હતી. તેમણે પૂર્ણતાના આરે પહોંચેલા પ્રોજેક્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કન્સ્ટ્રકશનની કામગીરી નિહાળી હતી.

સુરતમાં દેશ-વિદેશના ડાયમંડ વેપારીઓને વિશ્વ કક્ષાનું એક નવું વ્યાપાર કેન્દ્ર મળશે. જેનો સીધો લાભ રાજ્ય અને દેશના અર્થતંત્રને થવાની સાથે હજારો લોકોને રોજગારીના અવસરો પણ મળશે.

આ પ્રસંગે સુરત ડાયમંડ બુર્સના ડિરેક્ટર શ્રી મથુરભાઈ સવાણીએ જણાવ્યું હતું કે, ૩૬ એકરની વિશાળ જગ્યામાં આકાર લઈ રહેલાં ડાયમંડ બુર્સને ટૂંકા ગાળામાં ઝડપભેર નિર્મિત કરવામાં રાજ્ય સરકાર અને સુરત મહાનગરપાલિકા, જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓનો ઉચિત સહકાર પ્રાપ્ત થયો છે એમ જણાવી તેમણે ડાયમંડ બુર્સ કાર્યરત થતાં ડાયમંડ ટ્રેડિંગ ક્ષેત્રમાં સુરત મોખરે રહેશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી નિતિનભાઈ પટેલ, આરોગ્ય રાજયમંત્રી શ્રી કિશોરભાઈ કાનાણી, સાંસદ સર્વશ્રી સી.આર.પાટીલ, પ્રભુભાઈ વસાવા, મેયર શ્રીમતી હેમાલી બોઘાવાલા, ધારાસભ્યો સર્વશ્રી ઝંખનાબેન પટેલ, હર્ષ સંઘવી, સંગીતાબેન પાટીલ તેમજ હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# ગેરકાયદેસર ડિઝલનાં વેચાણ સામે કડક પગલાં લેવાશે

રાજ્યમાં બાયોડિઝલના નામે વેચવામાં આવતા ભળતા પદાર્થોનું અનઅધિકૃત વેચાણ તાત્કાલિક અસરથી બંધ કરાવવા સ્પષ્ટ સૂચનાઓ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આપી છે. તેમણે આવા ગેરકાયદેસર વેચાણ સાથે જોડાયેલા લોકો વિરુદ્ધ કડક પગલાં લેવાના આદેશો પણ આપ્યા છે. રાજ્યમાં બાયોડિઝલ વેચાણ નીતિના અમલીકરણ અંગે મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં શ્રી વિજયભાઈ રૂપાણીએ આ સૂચનાઓ આપી હતી.

બાયોડીઝલના નામે ભળતા પદાર્થો વેચાવાની મળેલી વ્યાપક ફરિયાદોને ધ્યાનમાં લઇ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તમામ પાસાંઓ સંદર્ભે ચર્ચા-વિચારણા કરીને આ બેઠકમાં કેટલાક વધુ નિર્ણયો પણ કર્યા હતા.



બાયોડીઝલ વેચાણ નીતિના અમલીકરણ અંગે આયોજિત આ ઉચ્ચસ્તરીય બેઠકમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, ગૃહ રાજયમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, પુરવઠા રાજયમંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કે. કૈલાસનાથન, અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) પંકજકુમાર, રાજય પોલીસ વડા શ્રી આશિષ ભાટિયા, ચીફ કમિશનરશ્રી(જી.એસ.ટી) જે.પી.ગુપ્તા, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમાર, પુરવઠા સચિવ શ્રી મોહમ્મદ શાહિદ, નાણાં સચિવ શ્રી મિલિંદ તોરવણે, ઓઈલ માર્કેટિંગ કંપનીના સ્ટેટ લેવલ કો-ઓર્ડિનેટર શ્રી અન્ના દુરાઈ સહિતના વિવિધ વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



રાજયમાં બાયોડીઝલના નામે ભળતા પદાર્થો વેચાતા અટકાવવાના હેતુસર મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં એક સ્ટેટ લેવલ કમિટિ (SLC)ની રચના કરીને તેમાં રાજ્ય પોલીસ વડા, ગૃહ વિભાગ, નાણા વિભાગ, પૂરવઠા વિભાગ તેમજ અન્ય સંબંધિત વિભાગોના અધિકારીઓનો સભ્ય તરીકે સમાવેશ કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય આ બેઠકમાં લેવામાં આવ્યો હતો. આ કમિટી નિયમિત ધોરણે આ બાબતોની સમીક્ષા દેખરેખ રાખે તેવી સૂચના પણ મુખ્યમંત્રીશ્રીએ બેઠકમાં આપી હતી.

એટલું જ નહિ, બાયોડીઝલના નામે અનઅધિકૃત પદાર્થોનું વેચાણ એ રાજ્ય સરકારની આવકને નુકસાન કરવા સાથે વાહનચાલકોના વાહનોના એન્જિન તેમજ પર્યાવરણને પણ નુકસાનકર્તા હોવાથી આવા પદાર્થોનું અનઅધિકૃત વેચાણ બંધ કરાવવા સંબંધિત અધિકારીઓને આકરાં પગલાં લેવા પણ બેઠકમાં તાકીદ કરવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આવા બાયોડીઝલના નામે ભળતા સોલવંટ, પેટ્રોલિયમ પદાર્થો વગેરેની થતી આયાતને પણ સદંતર અટકાવવાની સૂચનાઓ આપી હતી. આ બેઠકમાં ભારત સરકારની બાયોડીઝલ નીતિને રાજ્યમાં કયા સ્વરૂપે સ્વીકારવી તથા અમલીકરણ કરવું તે સંદર્ભમાં જરૂરી ચર્ચા-વિચારણાઓ કરીને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

રાજ્યમાં, હાલ બાયોડીઝલની નહિવત્ ઉપલબ્ધતા હોવાથી રાજ્ય સરકાર દ્વારા બાયોડીઝલના છૂટક વેચાણને કે રીટેઇલ આઉટલેટ મારફતે બાયોડીઝલ વેચાણની મંજૂરી આપવામાં આવી નથી. આ સંજોગોમાં બાયોડીઝલનું વેચાણ રિટેઇલ આઉટલેટ મારફતે કરી શકાશે નહિ, ફક્ત ઓઇલ માર્કેટિંગ કંપની બાયોડીઝલ ખરીદીને સોર્સ પર બ્લેન્ડિંગ કરીને વેચાણ કરી શકશે. ઓઇલ માર્કેટિંગ કંપની સિવાયનું તમામ વેચાણ ગેરકાયદેસર ગણાશે એવું સ્પષ્ટપણે બેઠકમાં જણાવવામાં આવ્યું હતું.

બાયોડીઝલને હાઇસ્પીડ ડિઝલમાં નિયત માત્રામાં મિક્સ / બ્લેન્ડિંગ કરીને ઉપયોગ કરવાની ભારત સરકારની નીતિ છે. આના પરિણામે પેટ્રોલિયમ ઉત્પાદનો પરની નિર્ભરતા ઘટશે તેમજ પેટ્રોલિયમ પેદાશો પર થતા વિદેશી હૂંડિયામણમાં પણ ઘટાડો થશે તે અંગે આ બેઠકમાં ચર્ચા-વિચારણા પરામર્શ હાથ ધરવામાં આવ્યો હતો. શુદ્ધ બાયોડીઝલનું ઉત્પાદન જેટ્રોફા, કરંજતેલ, બળેલા તેલ વગેરેમાંથી મિથાઇલ અથવા ઇથાઇલ એસ્ટરના મિશ્રણથી થતું હોય છે.

આવું શુદ્ધ બાયોડીઝલ બનાવતા MSME સહિતના ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન મળે તેમજ ખેડૂતોને પણ પૂરક આવક મળી રહે તેવા હેતુથી આવા ઉત્પાદકો-ઉદ્યોગ સાહસિકોને GPCBની તેમજ અન્ય નિયત મંજૂરીઓ મેળવી ઓઇલ માર્કેટિંગ કંપનીઓને હાઇસ્પીડ ડીઝલ સાથે મિશ્રણ કરવા અને ઔદ્યોગિક હેતુ માટે વેચાણ કરી શકે તે સંદર્ભની સૂચનાઓ-માર્ગદર્શિકા આગામી દિવસોમાં જાહેર કરવા અંગે પણ આ ઉચ્ચસ્તરીય બેઠકમાં પરામર્શ થયો હતો.

આવાં ઉત્પાદન અને વેચાણની વિગતો સરકાર સમક્ષ રજૂ કરવાની રહેશે. એટલું જ નહિ, આ અંગે ઉત્પાદન અને વેચાણની વિગતોના યોગ્ય રેકોર્ડ પણ તેમણે નિભાવવાના રહેશે એ બાબતે પણ આ બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો. ●

# કચ્છને મળશે નર્મદાનું વધારાનું ૧ મિલિયન એકર ફિટ પાણી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કચ્છને ફાળવાયેલા નર્મદાના પૂરના વહી જતા વધારાના ૧ મિલિયન એકર ફિટ પાણીનો મહત્તમ લાભ કચ્છને આપવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ આ હેતુસર કચ્છ શાખા નહેરના કામોની હાલની સ્થિતિ ધ્યાનમાં રાખીને હાલના તબક્કા ૧ અંતર્ગત રૂ. ૩૪૭૫ કરોડનાં કામો હાથ ધરવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. આ હેતુસર મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના જળસંપત્તિ વિભાગને કામો ઝડપથી હાથ ધરવાની સૂચનાઓ પણ આપી હતી. આ કામો હાથ ધરાવાને પરિણામે હાલ પાણીની અછત ધરાવતા કચ્છ જિલ્લાના રાપર, અંજાર, મુંદ્રા, માંડવી, ભૂજ અને નખત્રાણા એમ ૬ તાલુકાનાં ૯૬ ગામોની ૨ લાખ ૩૫ હજાર એકર જેટલી જમીનમાં પાણીની સુવિધા પૂરી પાડી શકાશે.



મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કચ્છના નાગરિકો-પ્રજાજનોની લાંબાગાળાની લાગણી, અપેક્ષા પરિપૂર્ણ કરવા કરેલા આ ઐતિહાસિક નિર્ણયને પરિણામે ૩ લાખ ૮૦ હજાર જેટલી માનવ વસ્તીને પણ નર્મદાના પાણીનો લાભ મળતો થવાનો છે. ગુજરાતની જીવાદોરી સમાન બહુહેતુક નર્મદામૈયાના પૂરના વહી જતા વધારાના ૩ મિલિયન એકર ફિટ પાણીમાંથી ૧ મિલિયન એકર ફિટ સૌરાષ્ટ્રને, ૧ મિલિયન એકર ફિટ ઉત્તર ગુજરાતને અને ૧ મિલિયન એકર ફિટ કચ્છને ફાળવવાનો નિર્ણય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી તરીકે કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કચ્છ પ્રદેશને ફાળવાયેલા ૧ મિલિયન એકર ફિટ પાણીનો મહત્તમ લાભ મળી શકે તે હેતુસર એક ઐતિહાસિક નિર્ણય લઈને કચ્છ શાખા નહેરના કામોની હાલની સ્થિતિ ધ્યાનમાં રાખી હાલના તબક્કા-૧ અંતર્ગત રૂ. ૩૪૭૫ કરોડનાં કામો હાથ ધરવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

કચ્છ પ્રદેશમાં હવે આ નર્મદાનું વધારાનું પાણી મળતું થવાથી ખેડૂતો મબલક પાક ઉત્પાદન લઇ શકશે અને લોકોનું જનજીવન ધોરણ ઊંચું આવવા સાથે આર્થિક સમૃદ્ધિ પણ વધશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પ્રથમ તબક્કા હેઠળ ૩૪૭૫ કરોડ રૂપિયાનાં કામો હાથ ધરવાની જે સૈદ્ધાંતિક મંજૂરી આપેલી છે તેમાંથી જળસંપત્તિ વિભાગ દ્વારા સરન જળાશય, સધર્ન લિંક-તબક્કો-૧, હાઇ કન્ટુર સ્ટોરેજ, નોર્ધન લિંક તબક્કો-૧ના વિવિધ કામો હાથ ધરવાનું આયોજન છે.

સમગ્રતયા આ કામો હાથ ધરવાથી પાણીની અછત ધરાવતા કચ્છ જિલ્લાના ૬ (છ) તાલુકા રાપર, અંજાર, મુંદ્રા, માંડવી, ભૂજ અને નખત્રાણાનાં ૯૬ ગામોના અંદાજે ૨,૩૫,૦૦૦ એકર વિસ્તારમાં પાણીની સુવિધા પૂરી પાડી શકાશે તથા અંદાજે ૩,૮૦,૦૦૦ લોકોને લાભ મળશે.

આ યોજનાકીય કામોમાં પાઇપલાઇનથી પાણી આપવાનું આયોજન છે તેથી પાણીનો બગાડ થશે નહીં અને પાણીનો મહત્તમ ઉપયોગ થતાં તેના વધુમાં વધુ લાભો મેળવી શકાશે. આમ, આ કામોમાં હાલના તબક્કે સરન જળાશય સહિત કુલ ૩૮ જળાશયોમાં પાણી નાખવાનું આયોજન છે. ઉપરાંત ચેકડેમો અને તળાવોમાં પણ પાણી નાખવાના આયોજનને પરિણામે ભૂગર્ભ જળ પણ ઊંચા આવશે અને આસપાસના વિસ્તારમાં લોકોને સીધો-આડકતરો લાભ થશે. કચ્છ વિસ્તારમાં નર્મદા જળથી કૃષિ-પશુપાલનના વિકાસને નવી દિશા મળશે. ●

# હોસ્પિટલમાં આગમાંથી દર્દીઓને બચાવનાર ભરૂચ પોલીસને ઇનામ

ભરૂચ ખાતેની પટેલ વેલ્ફેર કોવિડ હોસ્પિટલમાં લાગેલી આગમાં કોરોનાગ્રસ્ત દર્દીઓને બચાવવા માટે સંનિષ્ઠ કામગીરી કરનાર ભરૂચ પોલીસના જવાનોને રૂપિયા પાંચ લાખનું ઇનામ આપવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.



ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ જવાનોની કામગીરીને બિરદાવીને તેમને પ્રોત્સાહન આપવા માટે આ જાહેરાત કરી છે. હોસ્પિટલમાં જયારે આગ લાગી ત્યારે સમગ્ર કેમ્પસમાં અંધારું હતું, ત્યારે આ જવાનો ત્વરિત પહોંચી વૉર્ડના કાચ તોડીને અંદર પ્રવેશ્યા હતા. આ જવાનોએ પોતાના જાનની પરવા કર્યા સિવાય કોરોનાની સારવાર લઇ રહેલા ૨૫ જેટલા દર્દીઓના જીવ બચાવ્યા છે. અતિ વિકટ પરિસ્થિતિમાં કુનેહપૂર્વક કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખી હતી. તેથી જ તેમને પ્રોત્સાહિત કરવા રાજય સરકારે આ નિર્ણય કર્યો છે. ●

# રાજકોટ મહાનગરમાં જનસુવિધા વૃદ્ધિ માટે મહત્ત્વપૂર્ણ નિર્ણયો



રાજકોટમાં પી.ડી.યુ મેડિકલ કોલેજ હોસ્પિટલની બાજુમાં આવેલા શ્રીમતી મનુબેન ઢેબર સેનેટોરિયમનો ઉપયોગ ૧૦૦ બેડની કામચલાઉ કોવિડ હોસ્પિટલ ઊભી કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કર્યો છે. કોરોનાની સંભવિત ત્રીજી લહેરમાં આ કામચલાઉ ૧૦૦ બેડ હોસ્પિટલ કોવિડ-કોરોના રોગી સારવાર માટે ઉપયોગી બનશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ૩૬૭૦ ચોરસ મીટર ક્ષેત્રફળ ધરાવતી આ સેનેટોરિયમની જમીન આરોગ્ય વિભાગ હસ્તક આપીને ભવિષ્યમાં લાંબાગાળાના આયોજન રૂપે ૪૦૦ બેડ હોસ્પિટલ કાયમી ધોરણે ઊભી કરવા હાઇપાવર કમિટીની તાજેતરમાં ગાંધીનગરમાં મળેલી બેઠકમાં નિર્ણય કર્યો છે. આ હોસ્પિટલ ઊભી થવાથી હાલની પી.ડી.યુ હોસ્પિટલની બેડ સુવિધાઓમાં વધારો થશે અને દર્દીઓને વધુ સારી સારવાર સુવિધા મળતી થશે. શ્રીમતી મનુબેન ઢેબર સેનેટોરિયમ હાલ જર્જરિત સ્થિતિમાં અને વપરાશ વિના બિનઉપયોગી હાલતમાં હોઇ, તેનો જનઆરોગ્ય સુવિધા વૃદ્ધિ માટે ઉપયોગ થાય તેવા સંવેદનાત્મક અભિગમથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આ ઉચ્ચસ્તરીય બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ અન્ય એક મહત્ત્વપૂર્ણ નિર્ણય એવો પણ કર્યો છે કે, રાજકોટની ઐતિહાસિક શ્રી કરણસિંહજી હાઇસ્કૂલ તેમજ બાઇ સાહેબ બા ગર્લ્સ હાઇસ્કૂલના મૂળ માળખાની ગરિમા જાળવી રાખી શૈક્ષણિક હેતુસર તેનું પુનઃ નવીનીકરણ કરવામાં આવશે.

રાજકોટ મહાનગરમાં આ ઐતિહાસિક શાળાના PPP ધોરણે નવીનીકરણ કરી અદ્યતન બનાવવાનો નિર્ણય આ બેઠકમાં લેવાયો હતો. આ શાળાઓ હાલ તેના જૂના માળખા-સ્ટ્રકચરમાં કાર્યરત છે અને સરકારી કુમાર શાળા તરીકે શ્રી કરણસિંહજી હાઇસ્કૂલમાં ૨૪૪ વિદ્યાર્થીઓ ધો- ૯ થી ૧૨ માં અભ્યાસ કરે છે તેમજ બાઇ સાહેબ બા ગર્લ્સ હાઇસ્કૂલમાં ધોરણ ૯ થી ૧૨માં ૩૩૦ વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે. શ્રી કરણસિંહજી હાઇસ્કૂલના હાલના મકાનની ઐતિહાસિક ગરિમા જાળવીને તેનું નવીનીકરણ કરવામાં આવનાર છે.

મુખ્યમંત્રીશ્રીએ આ કેમ્પસમાં આવેલા વર્ષો પુરાણા શ્રી બાલાજી હનુમાન મંદિરની જમીન પર પણ બગીચા, ગેટ વગેરે જેવાં વિકાસકામો માટેની સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોની લાગણીનો સાનુકૂળ પ્રતિસાદ આપી આ કામો માટે પણ અનુમતિ આપી છે.

શ્રી કરણસિંહજી હાઇસ્કૂલ અને બાઇ સાહેબ બા હાઇસ્કૂલના PPP ધોરણે નવીનીકરણ થવાથી વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ વધારો થશે અને મેદાન સહિતની સુવિધા પણ વધુ વ્યાપક બનશે.

આ ઉચ્ચસ્તરીય બેઠકમાં મહેસૂલ અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અધિક મુખ્ય સચિવ શ્રી મૂકેશ પૂરી, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમાર, NHMના એમ.ડી. સુશ્રી રેમ્યા મોહન, રાજકોટ જિલ્લા કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર તેમજ રાજકોટના અગ્રણીઓ શ્રી નીતિન ભારદ્વાજ, માંધાતાસિંહ અને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો પણ જોડાયા હતા. ●

# ગાંધીનગરનાં ચ-૨ અને ચ-૩ જંક્શન પર અંડરપાસનું નિર્માણ થશે

રાજ્યના નાગરિકોને જનસુખાકારી સાથે સાથે માળખાગત સવલતો પૂરી પાડવી એ જ નિર્ધાર સાથે રાજ્ય સરકાર આગળ વધી રહી છે. ગાંધીનગરમાં ચ રોડ પર આવેલા ચ-૨ અને ચ-૩ જંક્શન પર ટ્રાફિક જામની સમસ્યાને હલ કરવા માટે અને ગાંધીનગરની સુંદરતામાં ઘટાડો ન થાય તે રીતે નવી ડિઝાઇનના બે અંડરપાસ નિર્માણ ને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ દ્વારા મંજૂરી આપવામાં આવી છે.




નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજયના પાટનગર ગાંધીનગરનો આ "ચ" રોડ એ વિધાનસભા ,સચિવાલય, એસ.ટી.બસ સ્ટેન્ડ અને સિવિલ હોસ્પિટલ ગાંધીનગર તરફ જવા માટેનો મહત્ત્વનો રોડ છે તેમજ સચિવાલય માટે આવતા નાગરિકો તથા કર્મચારીઓની અવરજવર સમયે ખૂબ જ ટ્રાફિકનું ભારણ રહેતું હોઈ, ટ્રાફિકનું ભારણ ઘટાડવા માટે આ બંન્ને જંકશન પર અંડરપાસની જરૂરિયાત હોઈ, આ નિર્ણય કરાયો છે.

આ બંને અંડરપાસના નિર્માણ માટે ગાંધીનગર શહેરની ગ્રીન સિટી તરીકેની ઓળખને અસર ન થાય તથા ચ-૨ અને ચ-૩ જંક્શન પર ટ્રાફિક જામ તથા અકસ્માતોના નિવારણ માટે નૂતન ડિઝાઇનના આ બે અંડરપાસ મંજૂર કરાયા છે, જેનાં કામો ટૂંક સમયમાં શરૂ કરાશે. રૂ.૭૨.૮૦ કરોડના ખર્ચે નિર્માણ થનાર આ બંને અંડરપાસ ૪૫૦ મીટર લંબાઈના બનશે. જેમાં મુખ્ય બ્રિજ ૧૦૦ મીટર તથા ૧૨૦૦ મીટર એપ્રોચ લંબાઈના નિર્મિત કરાશે. ઉપરાંત ૨ કિ.મિ. લંબાઈનો સર્વિસ રોડ બનાવવાનું પણ આયોજન છે. આ અંડરપાસના નિર્માણથી શહેરની ટ્રાફિકની સમસ્યા હળવી થશે અને નાગરિકોના સમયની સાથે ઈંધણની પણ બચત થશે. ●

# અમદાવાદનાં વિકાસકામો માટે રૂ.૭૦૨ કરોડની ફાળવણી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યનાં નગરો, મહાનગરોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ તેમજ સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સહિતનાં વિવિધ જનહિત વિકાસકામો માટે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત માતબર રકમ ફાળવવાનો અભિગમ અપનાવેલો છે. મુખ્યમંત્રીશ્રીએ આ હેતુસર અમદાવાદ મહાનગરપાલિકાને આવાં વિકાસકામો માટે ૭૦૨ કરોડ રૂપિયાની ફાળવણી કરવાનો લોકહિતકારી નિર્ણય કર્યો છે.



મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના આ નિર્ણય અનુસાર સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારમાં ભૌતિક આંતરમાળખાકીય વિકાસનાં ૬૩ કામો માટે રૂ. ૩૫૪.૮૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ ૬૩ કામોમાં રસ્તા રિસરફેસ તથા માઇક્રો સરફેસિંગનાં ૨૨ કામો, સ્ટ્રોમ વોટર ડ્રેનેજ અને સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના ૧૩, પાણી પુરવઠાના ૨, ફાયર સાધનોનાં ૨ તથા સોલા ગામ તળાવ ડેવલપમેન્ટનું એક અને વિવિધ ઝોનનાં ૨૧ વિકાસ કામોનો સમાવેશ થાય છે

મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારમાં સામાજિક આંતરમાળખાકીય વિકાસનાં કામો માટે રૂ. ૮૫ કરોડની રકમ ફાળવી છે. આ કામો અંતર્ગત બિલ્ડિંગ, શાળા અને વોર્ડ ઓફિસનાં ૬ કામો અને પ્રહલાદનગર, સિંધુભવન તથા ચાંદલોડિયા એમ ૩ મલ્ટિલેવલ પાર્કિંગનાં કામો હાથ ધરાશે.

એટલું જ નહિ, મુખ્યમંત્રીશ્રીએ બે રેલવે ઓવરબ્રિજ અને એક રેલવે અંડરબ્રિજ એમ ત્રણ કામો માટે રૂ. ૮ કરોડની ફાળવણી કરવાનો પણ નિર્ણય અમદાવાદ મહાનગર માટે કર્યો છે. તેમણે અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારમાં હાલ કાર્યરત એવા રોડ-રસ્તા, પાણી, ગટર વગેરેના પ્રોજેક્ટ્સ માટે રૂ. ૧૬૪ કરોડની ફાળવણી કરી છે.

મુખ્યમંત્રી શહેરી સડક યોજના અન્વયે રસ્તા-માર્ગોનાં ૪૧ કામો માટે ૯૦ કરોડ રૂપિયા ફાળવવાનો નિર્ણય પણ શ્રી વિજયભાઇ રૂપાણીએ કર્યો છે. ગુજરાતનાં મહાનગરો-નગરોને જનસુખાકારીનાં કામોથી સુવિધાસભર બનાવવા રાજ્યની સ્થાપનાના સુવર્ણજયંતી વર્ષ ૨૦૦૯થી સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના શરૂ કરવામાં આવેલી છે.

રાજ્ય સરકારે આ હેતુસર ૨૦-૨૧ના વર્ષમાં આઠ મહાનગરોમાં સમગ્રતયા ૧૫૫૫ કરોડ રૂપિયા મંજૂર કરીને મહાનગરોને ચૂકવી દેવામાં આવેલા છે. જ્યારે ૨૦૨૧-૨૨ના આ વર્ષમાં આંતરમાળખાકીય સુવિધાનાં કામો માટે રાજ્ય સરકારે કુલ ૧૬૯૯ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે.

મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ રાજ્યની નગરપાલિકા-મહાનગરપાલિકા વિસ્તારોમાં રસ્તાનાં કામો માટે ૩૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ થયેલી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યનાં નગરો-મહાનગરોને વધુ પ્રાણવાન અને વ્યાપક જનહિત સુવિધાસભર બનાવવાના ઉદ્દેશ્ય સાથે ફાળવેલી આ માતબર રકમથી વિકાસકામોને નવી ગતિ મળશે. ●

# લૉકડાઉન નિયમોના ભંગ બદલ શ્રમિકો સામે દાખલ થયેલા ૫૧૫ કેસો પરત ખેંચાશે

વૈશ્વિક મહામારી કોરોના અંતર્ગત સંક્રમણને રોકવા માટે દેશભરમાં લૉકડાઉન કરાયું હતું. આ લૉકડાઉન દરમિયાન સ્થળાંતર કરતા શ્રમિકો સામે નિયમોના ભંગ બદલ દાખલ થયેલા કેસો પૈકી ૫૧૫ કેસો પરત ખેચવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે.



આ અંગે ગૃહ અને કાયદા રાજય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સંપૂર્ણ સંવેદના સાથે શ્રમિકોને સહાયરૂપ થવા આ મહત્ત્વનો નિર્ણય કર્યો છે.

તેમણે ઉમેર્યુ હતું કે, આ લૉકડાઉન દરમિયાન પરપ્રાંતીય શ્રમિકોને તેમના માદરે વતન જવા માટે પણ રાજય સરકારે કેન્દ્ર સરકારના સંકલનમાં રહીને ખાસ ૧૦૦૦ થી વધુ શ્રમિક ટ્રેનો અને અન્ય પરિવહનના માધ્યમથી મળી અંદાજિત ૨૪ લાખ જેટલા શ્રમિકોને તેમને વતન મોકલ્યા હતા. એટલું જ નહીં, શ્રમિકોને ભોજન માટે વિનામૂલ્યે રાશન પણ પૂરું પાડવામાં આવ્યું હતું. આ ગાળા દરમિયાન નિયમોના ભંગ બદલ જે કેસો થયા હતા તે પરત ખેંચવાનો નિર્ણય કરીને શ્રમિકો પ્રત્યેની સંવેદના દાખવી માનવીય ઉમદા કામ અમારી સરકારે કર્યુ છે.મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, આ ૫૧૫ કેસો હાલની સ્થિતિએ પરત ખેંચવાથી શ્રમિકોને રાહત થશે અને કાયદાકીય કામગીરીમાં પણ રાહત થશે. આ ૫૧૫ કેસો પરત ખેંચવા માટે જરૂરી પ્રક્રિયા કરવા સારુ સંબંધિત પબ્લિક પ્રોસિક્યુટરને જિલ્લા મેજિસ્ટ્રેટ મારફતે જરૂરી સૂચના આપવામાં આવશે અને સત્વરે નિકાલ પણ કરાશે. આ માટે સંપૂર્ણ તકેદારી પણ રાજય સરકાર દ્વારા રખાશે. ●

# વેરા સમાધાન યોજનાની મુદત ત્રણ માસ લંબાવવામાં આવી

કોરોનાના સંક્રમણને નાથવા રાજ્ય સરકારે લૉકડાઉન કર્યું હતું. જેને કારણે વેપારી વર્ગને મુશ્કેલી ઊભી થઇ હતી. જે તે સમયે વેરાના હપતા ભરવામાં રાહત આપવા થયેલી રજૂઆતને ધ્યાને રાખીને રાજ્ય સરકારે વેરા સમાધાન યોજના અંતર્ગત મુદત વધુ ત્રણ માસ લંબાવવાનો નિર્ણય કર્યો હતો.

સરકારની આ યોજનાને વેપારીવર્ગનો ખૂબ જ બહોળો પ્રતિસાદ મળ્યો અને અંદાજે ૫૧૦૦૦ વસૂલાતના કેસો માટે અંદાજિત ૩૭,૭૦૦ અરજીઓ વેરા સમાધાન યોજના હેઠળ કરવામાં આવી છે.

માર્ચ-૨૦૨૧ની શરૂઆતથી કોરોનાની બીજી લહેરના કારણે મહામારીના કેસોની સંખ્યા વધવા પામેલા અને મહાનગરો તેમજ ૩૦ જેટલી નગરપાલિકાઓમાં આંશિક લૉકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. જેના લીધે આર્થિક પ્રવૃત્તિઓને અસર પહોંચી હતી. મહામારીના કારણે યોજનાનો લાભ લેનાર સંખ્યાબંધ અરજદારશ્રીઓ ભરવાના થતાં હપતાઓ ભરી શક્યા નથી. જેથી મહામારીના કપરા સમયમાં આ યોજના હેઠળ હપતા ભરવાની સમયમર્યાદા લંબાવી રાહત આપવા અરજદારશ્રીઓ, ગુજરાત વેપારી મહામંડળ, વેપારીવર્ગ અને ગુજરાત રાજ્ય સેલ્સટેક્સ બાર ઍસોસિયેશને રજૂઆત કરી હતી.

અગાઉ, સરકારના તા.૧૬ જૂન ૨૦૨૦ ના ઠરાવથી વેરા સમાધાન યોજના હેઠળ પ્રથમ હપતો ભરવાની મુદત ચાર માસ લંબાવીને તા.૩૧ જુલાઇ ૨૦૨૦ કરવામાં આવી હતી. ત્યારબાદ તા.૨૭ ઓક્ટોબર ૨૦૨૦ ના ઠરાવથી પ્રથમ હપતો ભરવાની મુદત વધુ છ માસ લંબાવીને તા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૧ કરવામાં આવી હતી. હવે સરકારશ્રીના તા.૫મી જુલાઇ ૨૦૨૧ના ઠરાવથી આ યોજના હેઠળની બાકી રકમ ભરવાની મુદત લંબાવીને તા.૩૧ ઓગસ્ટ ૨૦૨૧ કરવામાં આવી છે. આમ વેરા સમાધાન યોજના હેઠળ હપતા ભરવાથી ચૂકી જનાર કોઈપણ અરજદાર આવી રકમ વિલંબિત ચુકવણી અન્વયેના વ્યાજ સાથે તા. ૩૧મી ઓગસ્ટ ૨૦૨૧ સુધીમાં ભરી વેરા સમાધાન યોજનાનો લાભ મેળવી શકે છે. ●

# રાજ્યના ખેડૂતોને વધુ બે કલાક વીજળી અપાશે

ગુજરાત સરકારે વર્ષ 2022 સુધીમાં ખેડૂતોની આવક બેગણી કરવા કમર કસી છે અને વિવિધ યોજનાઓ થકી કૃષિકારોને મહત્તમ લાભ મળે તેવા પ્રયાસા કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના ધરતીપુત્રો-ખેડૂતો માટે એક વધુ કિસાન હિતકારી નિર્ણય કર્યો છે. રાજ્યમાં વરસાદ ખેંચાવાની પ્રવર્તમાન સ્થિતિને ધ્યામાં રાખીને ખેડૂતોને સિંચાઇ માટે પાણીની કોઇ મુશ્કેલી ન પડે અને પાક બચાવી શકાય તે માટે ખેડૂતોને વધુ બે કલાક વીજળી આપવામાં આવશે તેવો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના આ સંવેદનાસ્પર્શી નિર્ણયને પરિણામે હવે ખેડૂતોને બે કલાક વધુ એટલે કે ૧૦ કલાક વીજળી મળતી થશે. ●

# ઉચ્ચ શિક્ષણ શરૂ કરવા કોર કમિટીનો નિર્ણય

કોરોના મહામારીને લીધે ગત વર્ષે ઓનલાઇન શિક્ષણ બાદ ચાલુ શૈક્ષણિક વર્ષને ઓફલાઇન શિક્ષણ 50 ટકા કૅપેસિટી સાથે શરૂ કરવા નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીમાં રાજ્યમાં ઉચ્ચત્તર માધ્યમિક ધોરણ-૧૨ના વર્ગો, ઉચ્ચશિક્ષણ કોલેજ-સંસ્થાનો અને ટેકનિકલ સંસ્થાનો ૫૦ ટકા કૅપેસિટી સાથે શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.



કોર કમિટીની બેઠકમાં એવું પણ નક્કી કરવામાં આવ્યું છે કે વાલીઓની સંમતિ મેળવીને શરૂ કરી શકાશે. એટલું જ નહિ, વિદ્યાર્થીઓની હાજરી મરજિયાત રહેશે.

કોર કમિટીની આ બેઠકમાં શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમ, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, શિક્ષણ અગ્ર સચિવ શ્રી એસ. જે. હૈદર, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિની કુમાર અને શિક્ષણ સચિવ શ્રી વિનોદ રાવ ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યમાં ધોરણ-૧૨ ઉચ્ચત્તર માધ્યમિકની ૮૩૩૩ શાળાઓના ૬ લાખ ૮૨ હજાર વિદ્યાર્થીઓ, સરકારી, અનુદાનિત, સેલ્ફ ફાયનાન્સ અને યુનિવર્સિટીઓની કુલ ૧૬૦૯ ઉચ્ચશિક્ષણ સંસ્થાનોમાં ૮ લાખ ૮૫ હજાર ૨૦૬ વિદ્યાર્થીઓ તેમજ ઇજનેરી, ફાર્મસી અને પોલિટેકનિક કોલેજ મળીને કુલ ૪૮૯ ટેકનિકલ શિક્ષણ સંસ્થાઓમાં ૨ લાખ ૭૮ હજાર ૮૪૫ વિદ્યાર્થીઓ છે. ●



## ઈન્ડો-ઈઝરાયેલના સંયુક્ત પ્રોજેક્ટ હેઠળ

# કચ્છમાં બરહી ખારેકનો પ્રથમ પાક તૈયાર

હેમલતા પારેખ

ખેતી અને પશુપાલનમાં વિશ્વ જેને અનુસરે છે એ ઈઝરાયેલ દેશની બાગાયત ખેતી પદ્ધતિ ભારતે પણ અપનાવી છે. વિશેષ ગુજરાતમાં જોઈએ અને એમાંય વિષમ આબોહવાવાળા કચ્છની વાત કરીએ તો બાગાયતી ખેતીમાં કચ્છે કાઠું કાઢ્યું છે. કચ્છની કેસર હોય કે ખારેક, આ બાગાયતી ફળ માટે કચ્છે આગવી નામના ઊભી કરી છે. કચ્છી માડુઓ આધુનિક ટેકનોલોજી અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિથી મબલખ બાગાયતી પાકો લઈ રહયાં છે.

જેમાં કચ્છી ખેડુઓ માત્ર પોતાની મહેનત જ નહીં પણ રાજય સરકારના કૃષિ ઉત્સવો અને સહાયોને પણ મહત્ત્વપૂર્ણ માને છે. ખેડૂત મબલખ પાક મેળવી બે પાંદડે થઈ પોતાની આગવી ઓળખ ઊભી કરે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. આવા જ એક પ્રયત્નનો શુભારંભ ૨૦૧૮માં કચ્છના કુકમા ખાતે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ઈઝરાયલના તત્કાલિન વડાપ્રધાનશ્રી બેન્જામીન નેતન્યાહુએ કરેલો. ભારત અને ઈઝરાયેલ સરકારના સંયુક્ત પ્રોજેક્ટ ઈન્ડો ઈઝરાયેલ વર્ક પ્લાન એટલે કે ખારેક પાક ઉત્કૃષ્ટતા કેન્દ્રનો પ્રારંભ રાજય સરકારના બાગાયત ખાતા અંતર્ગત કરવામાં આવ્યો હતો.

સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર ડેટ પામ એટલે કે ખારેક પાક ઉત્કૃષ્ટતા કેન્દ્ર એ રાજયના ખેડૂતોને ખેતી વિષયક હાઈટેક નોલેજ, ઉત્પાદન ક્ષમતા વધારવાની પદ્ધતિ અને ફાર્મ શિબિર અને વર્કશોપ દ્વારા તાલીમબદ્ધ કરી ઓછા ખર્ચ અને રોકાણથી વધુ ખારેક ઉત્પાદન મેળવવાનું તાલીમ કેન્દ્ર પણ છે. ઈન્ડો ઈઝરાયેલ પ્રોજેક્ટ હેઠળ સ્થપાયેલા આ કેન્દ્રમાં ૬ હેક્ટરમાં બરહી ખારેક સાથે વિવિધ બાગાયતી પાક જેવા કે અંજીર, ડ્રેગન, દાડમ, કાજુ, કેસરના છોડ પણ તૈયાર થઈ રહ્યા છે. જયારે ૨.૫ હેકટરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી બેન્જામીન નેતન્યાહુ દ્વારા રોપાયેલ છોડ સાથે ૨૬૨ બરહી ખારેકના વૃક્ષ પરથી હાલ ગુણાવત્તાયુકત પાક ભારતના બજારમાં પહોંચી રહ્યો છે.

સેન્ટરના પ્રોજેક્ટ ઓફિસર શ્રી કેતનભાઈ પટેલ કહે છે તેમ ભારતનું આ એકમાત્ર ડેમોસ્ટ્રેશન છે જયાં ૧૦૦ ટકા ડ્રીપ ઈરિગેશન અને પ્લાસ્ટિક મલ્ચિંગ પદ્ધતિથી ખારેકનું ઉત્પાદન કરવામાં આવે છે. આધુનિક ખેતી પદ્ધતિથી ગુણવતાયુકત બરહી ખારેકનો પ્રથમ પાક હાલ રાજય અને દેશમાં માંગ પ્રમાણે વેચાણ કરાઈ રહ્યો છે. રાજયના ખેડૂતોને ઈઝરાયેલી ખેતી પદ્ધતિથી ઈઝરાયેલી બરહી ખારેકની જાળવણી, લણણી, પરાગ નયન, કાપણી અને પછીના વ્યવસ્થાપન અંગે નિષ્ણાતો દ્વારા કુલ ૩૪૭૮ ખેડૂત પુરુષ અને મહિલાઓ તાલીમ પામ્યાં છે.

બી, પીંલા અને ટીસ્યુકલ્ચરથી ખારેક ઉછેર થાય છે જેમાં હાલ ખેડૂતો ટીસ્યુકલ્ચર ખારેક વાવેતર વધુ અપનાવી રહ્યાં છે. રૂ.૩૭૫૦ના એક છોડ પૈકી રાજય સરકાર રૂ.૧૨૫૦ની સહાય આપે છે. હાલ બે બજાર હેકટરમાં કચ્છમાં બરહી ખારેકનું વાવેતર છે. પ્લાસ્ટિક મલ્ચિંગથી નવા છોડમાં મૂળિયાના પોષકતત્ત્વો જળવાય છે તેમજ ઓઇલ નેટવર્કથી ખાતર પાણી અને વીજળીનો બચાવ થાય છે. ખારેક માટે કહેવાય છે કે પગ પાણીમાં અને માથું આગમાં જેને ટપક સિંચાઈ અને પ્લાસ્ટિક મલ્ચિંગથી સાકાર કરી શકાય છે. આ કેન્દ્ર પરથી માંગ પ્રમાણે પીલાં (ખારેક) લઈ તેના ઓર્ડર પ્રમાણે કિલોથી લઈ ૨૦ કિલો સુધીના પેકિંગ કરી પાર્સલ કરવામાં આવે છે.

ઈઝરાયેલી ખારેકનો મબલખ પાક લઈ ખેડૂતો મબલખ કમાય તે માટે તાલીમથી તૈયાર કરાયેલા ખેડૂતો પૈકી ભૂજ તાલુકાના માધાપર, ભૂજોડી, લહેરના ટપક સિંચાઈથી બરહી અને દેશી ખારેકની ખેતી કરતા ૬૫ વર્ષીય ખેડૂત જાદવજીભાઈ વેકરિયા જણાવે છે કે મારા ખેતરમાં ૪૮૦ ખારેકનાં ઝાડ તૈયાર છે એ પૈકી ૨૩૫ જેટલા છોડની પ્રતિ એકની રૂ.૧૨૫૦ની સબસિડી મેળવી છે. મલ્ચિંગ પદ્ધતિથી ખારેક કરવાનું તાલીમમાં મે જાણેલું હવે એ પણ કરીશું". બાગાયત તરફથી મળતી રોપા સહાય અને ટપક સિંચાઈ લાભની વાત કરતાં સરકારનો તેઓ આભાર માને છે. ●

# દર્દીને બેભાન કર્યા વગર સાડા ત્રણ કલાકની મૅરેથોન શસ્ત્રક્રિયા



✎ સુરેશ મિશ્રા

વડોદરાના ગોત્રીમાં આવેલી જી. એમ. ઇ.આર.એસ. હોસ્પિટલનાં ઇ.એન.ટી.વિભાગે મ્યુકોરમાઇકોસિસની સારવારમાં દર્દીને લાભદાયક હોય એવી નવીન પહેલો કરી છે. અગાઉ ફૂગગ્રસ્ત ના થયો હોય એવા આંખના ડોળાને સલામત રાખીને તેની પાછળના ભાગેથી માઇક્રોડીબ્રાઇડરની મદદથી ફૂગની સફાઈ કરવામાં આવી હતી અને ચહેરાની સુંદરતા અકબંધ રાખી દર્દીને માનસિક તણાવમાંથી બચાવવાની સર્જરી કરવામાં આવી હતી. હાલમાં મ્યુકોરના કેસિસ ઓછા થતાં લાળગ્રંથિની પથરી કાઢવાની, ગુજરાતના અન્ય કોઈ દવાખાનામાં થતી નથી એવી સર્જરી આ વિભાગમાં કરવામાં આવી.

એક આગવી પહેલના રૂપમાં આ સરકારી દવાખાનામાં તાજેતરમાં કિડનીની પથરી ધરાવતા એક મ્યુકોરના દર્દીને આખેઆખો બેભાન કરવો શક્ય ન હોવાથી ફક્ત નાકના ભાગને બહેરો કરીને, દર્દીની સભાન અવસ્થામાં લગભગ સાડા ત્રણ કલાકની મેરેથોન સર્જરી ડૉ. હિરેન સોની અને સાથીઓની ટીમે કરીને, સરકારી દવાખાનાઓમાં થતાં તબીબી ચમત્કારોમાં એક ચમત્કારનો ઉમેરો કર્યો હતો.

દર્દીની સભાન અવસ્થામાં વધુમાં વધુ બે કલાકની શસ્ત્રક્રિયા કરી છે એવી જાણકારી આપતાં ડૉ. હિરેન સોનીએ જણાવ્યું કે, નાક કે પગની આવી શસ્ત્રક્રિયામાં દર્દી એ જોઈ શકતો નથી એટલે ખાસ વાંધો આવતો નથી.

પરંતુ આ કેસમાં નાકમાંથી મગજની નીચેનો ભાગ, આંખની પાછળનો ભાગ, સાયનોસિસ જેવી જગ્યાઓમાંથી ફૂગની સફાઈ હાડકી કાપીને કરવાની હતી તેવી જાણકારી આપતાં ડૉ. સોનીએ જણાવ્યું કે, દર્દીની કિડનીમાં પથરીને લીધે ક્રિએટીલાઇન માત્ર ત્રણ જેટલું રહેતું હોવાથી જનરલ એનેસ્થેસિયા આપવો શક્ય ન હતો.

વધુમાં, આ દર્દીને ઇન્જેક્શન દ્વારા લોકલ એનેસ્થેસિયા આપવામાં પણ જોખમ હતું. આ સંજોગોમાં નાકનો ભાગ પૂમડાંથી દવા લગાડી, બહેરો કરીને આ સર્જરી કરવામાં આવી. સર્જરી પહેલાં દર્દીને પૂરી સમજણ આપવામાં આવી હતી. દર્દી નાકના ભાગેથી થઈ રહેલી સર્જરી તે નરી આંખે જોઇ શકતો હતો એવા સંજોગોમાં આ પ્રોસિજર કરવામાં આવી, જેમાં દર્દીના આત્મવિશ્વાસ અને હિંમતને પણ દાદ આપવી પડે. એટલું જ નહિ આ સર્જરી પછી એક વીસ દિવસ સુધી ખાસ મોનિટરિંગ હેઠળ દર્દીને એમ્ફોટરેસીન બી અને લાયપોઝોમલ જેવી નેફ્રોટોકસિક દવાઓ ખૂબ જ કાળજીપૂર્વક આપીને તેને સાજો કરવામાં આવ્યો.

આ સર્જરી એ ગોત્રીના સરકાર સંચાલિત દવાખાનાની તબીબી જ્ઞાન અને કુશળતાનો સમન્વય કરીને દર્દીઓને રાહત આપવાની સાફલ્ય ગાથાઓમાં એકનો ઉમેરો કર્યો છે. તેના માટે ડૉ. સોની અને તેમની ટીમ અભિનંદનને પાત્ર છે. ●

# કોરોના કાળમાં લોકોની મદદે આવ્યુ શિક્ષાપત્રી ફાઉન્ડેશન

કોરોના મહામારી સામે સમગ્ર દેશ એક થઈને લડી રહ્યો છે. લોકોને કોરોનાથી બચાવવા અને કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર, દેખરેખ માટે સરકારે ઉત્તમ પ્રકારની કામગીરી કરી છે. સરકારની સાથે સાથે સામાજિક, ધાર્મિક સંસ્થાઓ પણ લોકોને મદદરૂપ કાર્ય કર્યા છે. આવી જ એ સામાજિક સંસ્થા એટલે ગાંધીનગરનું શિક્ષાપત્રી ફાઉન્ડેશન. કોરોના સમયે હોમ આઈસોલેસનમાં રહેલી વ્યક્તિને બે વખતના ભોજનની ખુબજ સમસ્યા હોય અને આ સમસ્યાને શિક્ષાપત્રી ફાઉન્ડેશનના સ્વયંસેવકોએ અનુભવી અને તરત જ બે સમયના ભોજનની તૈયારી શરુ કરી. જે હોમ કોરેન્ટાઈન હોય તેવા વ્યક્તિના ઘર સુધી બે વખતનું શુદ્ધ અને સાત્વિક ભોજન પહોચતું કરવાનું શરુ કર્યું.

શિક્ષાપત્રી ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાં ૫૧ હજારથી વધુ નિ:શુલ્ક ટીફીનમાં ભોજન-પ્રસાદ કોરોના પોઝીટીવ વ્યક્તિઓના ઘરે પહોચતા કર્યા છે. સાથે ઈમરજન્સી સર્વિસ ૧૦૮ના કોરોના વોરીયર્સને પણ ભૂલ્યા નથી. ૧૫૦થી વધુ આ કોરોના વોરીયર્સને પણ ભોજન પ્રસાદ સવાર સાંજ અવિરત પહોચતો રહે છે.

શિક્ષાપત્રી ફાઉન્ડેશનના શ્રી વિષ્ણુભાઈ ચૌધરી, નિમેશભાઈ ચૌધરી, હિતેશભાઈ ચૌધરી અને તેમના સ્વયંસેવકની ટીમનું કાર્ય ખુબ જ સરાહનીય છે સરહદ પર સૈનિક અને દેશમાં આ સ્વયંસેવક સેવક ખરા અર્થમાં દેશ સેવા કરી રહ્યા છે. ●



## અસાધ્ય રોગમાં પરિવારને આર્થિક ભારણમાંથી ઉગારતું

# વડોદરાનું પેલિએટિવ કેર સેન્ટર

બી. પી. દેસાઇ

કેન્સર જેવા અસાધ્ય રોગથી પીડાતા અને જેમને દવાખાનામાં રાખીને વધુ સારવાર આપવાથી કોઈ પરિણામ મળવાની શક્યતા નથી તેવા, સમાજના અત્યંત ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓના શેષ જીવનની ઉચિત કાળજી લેવાય તે માટે સંવેદનશીલ રાજ્ય સરકારે અમદાવાદ બાદ વડોદરામાં પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ હેઠળ આવા દર્દીઓ માટે પેલિએટિવ કેર એટલે કે સારસંભાળ સેવા શરૂ કરી છે.



વડોદરાની સયાજી હોસ્પિટલ, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ અને દીપક ફાઉન્ડેશન દ્વારા એક ઉમદા સેવાકાર્ય માટે હાથ મિલાવીને કેન્સરની સારવાર લેતા દર્દીઓના ઉપચાર માટે પ્રોજેક્ટ કરુણા હેઠળ આ સેવા-સુવિધા ઊભી કરવામાં આવી છે, એવી જાણકારી આપતા સયાજી હોસ્પિટલના ઓન્કોલોજી વિભાગના વડા ડો.અનિલકુમાર ગોયલે જણાવ્યું કે, કેન્સરના છેલ્લા સ્ટેજના દર્દીઓ કે જેઓની વધુ સારવાર દવાખાનામાં શક્ય નથી અને એમના પરિવારની નબળી આર્થિક હાલતને લીધે ગરીબ અને સામાન્ય પરિવારમાં કોઈ કાળજી લેવાનો સમય ફાળવી શકે તે શક્ય નથી તેવા દર્દીઓને સયાજી હોસ્પિટલમાંથી આ સાર સંભાળ કેન્દ્રમાં રિફર કરવામાં આવે છે. આવા દર્દીઓની સેવા શુશ્રૂષા માટે શહેરના પેન્શનપુરા અને વાઘોડિયામાં ૨૫ બેડની સુવિધા પી.પી.પી. મોડેલથી શરૂ કરવામાં આવી છે. જ્યાં દર્દીઓને વિનામૂલ્યે આશ્રય અને ડાયટ-ભોજન સહિત જરૂરી સારસંભાળ લેવામાં આવે છે. તેના માટે સેન્ટર ખાતે જરૂરી સ્ટાફની વ્યવસ્થા રાખવામાં આવી છે.

રસપ્રદ વાત એ છે કે આ પેલિએટિવ કેર શું છે? પેલિએટિવ કેર એક એવો અભિગમ છે જે દર્દીઓ અને તેમના પરિવારજનોની ગુણવત્તામાં સુધારો કરે છે. જીવલેણ બીમારી સાથે સંકળાયેલી સમસ્યાઓનો સામનો કરી રહ્યા હોય તેમને પ્રારંભિક ઓળખના માધ્યમથી ટીમ દ્વારા વેદના નિવારણ, રાહત, પીડા અને અન્ય સમસ્યાઓ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સારવાર માટે વિશેષ સારવાર આપવામાં આવે છે.

આ કેર સેન્ટરમાં આશ્રય લેનારા અસાધ્ય કેન્સર પીડિતોને ખૂબ વેદના થતી હોય તો સયાજી હોસ્પિટલમાં લઈ જઈને વેદના શામક મેડિકલ રેડિએશન સેવાઓ આપી પરત અહીં લાવવામાં આવે છે.

જ્યારે કેર સેન્ટરમાં દર્દીઓને આનુષંગિક સેવાઓ કરાર હેઠળ દીપક ફાઉન્ડેશન દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે અને ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ. (જી.યુ.વી.એન.એલ.) દ્વારા નિયમિત સામાજિક જવાબદારી (સીએસઆર) હેઠળ આર્થિક સહયોગ કરવામાં આવી રહ્યો છે. અહીં દર્દીઓને તમામ સેવાઓ નિઃશુલ્ક આપવામાં આવી રહી છે. આ સંભાળ કેન્દ્રનું મુખ્ય લક્ષ્ય દર્દીની સારસંભાળ લેવાનું છે. સયાજી હોસ્પિટલના રેડિએશન ઓન્કોલોજી વિભાગમાં રેડિયો અને કિમોથેરાપી જેવી અદ્યતન પદ્ધતિઓથી સારવાર આપવામાં આવે છે.

આ કેન્દ્રમાં દર્દીના શેષ જીવનને ગુણવત્તાયુક્ત બનાવવા મનોવૈજ્ઞાનિક, આધ્યાત્મિક રીતે દર્દીને શક્ય તેટલું છેલ્લું જીવન આરામદાયક લાગે તેવા પ્રયાસો કરવામાં આવે છે. આમ, શેષ સમયને સુખમય બનાવવાની આ સુવિધા છે જેનો લાભ મુખ્યત્વે સામાન્ય અને ગરીબ પરિવારોના જરૂરિયાતમંદ દર્દીઓને આપવામાં આવે છે. કેન્સરના દર્દીઓને એસ.એસ.જી. હોસ્પિટલ મારફતે દીપક ફાઉન્ડેશન દ્વારા સંચાલિત પેલિએટિવ કેર સેન્ટર વાઘોડિયા તથા પેન્શનપુરા ખાતે પેલિએટિવ સેવા માટે રિફર કરવામાં આવે છે.

આ પેલિએટીવ સેન્ટર અસાધ્ય કેન્સર પીડિત દર્દીઓ અને તેમના ખૂબ મર્યાદિત સાધન સુવિધા ધરાવતા કુટુંબો માટે આ વ્યવસ્થા આશીર્વાદ રૂપ બનતી જઈ રહી છે. ●

### ઘર જેવા વાતાવરણમાં દર્દીઓની સારસંભાળ લેવામાં આવે છેઃ ડૉ. કૃતાર્થ ઝાલા

*આ કેન્દ્રના મેડિકલ ઓફિસર ડૉ.કૃતાર્થ ઝાલા જણાવે છે કે, આ કેન્દ્રમાં એડવાન્સ સ્ટેજના કેન્સરના દર્દીઓની જરૂરી કાળજી લેવામાં આવે છે. દર્દીઓને ડાયટ પ્લાન મુજબ ભોજન આપવામાં આવે છે. આ અસાધ્ય રોગથી પીડાતા દર્દીઓને હતાશામાંથી બહાર લાવવા તેમણે સતત મનોવૈજ્ઞાનિક રીતે મનોબળ મજબૂત કરવામાં આવે છે.* ●

# બનાસકાંઠાના ભૂગર્ભ જળભંડારને વધુ સમૃદ્ધ બનાવવાનો નિર્ધાર

✎ રેસુંગ ચૌહાણ

દિવસે દિવસે પાણીના તળ ઊંડા જઇ રહ્યાં છે ત્યારે સિંચાઇ, ખેતી અને પશુપાલન માટે પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે તે માટે વરસાદના પાણીને ભૂગર્ભમાં ઉતારી જળભંડારો સમૃદ્ધ બનાવવા જરૂરી બન્યું છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પણ ભૂગર્ભ જળ ઊંચાં લાવવા જળસંચય અભિયાન શરૂ કર્યું અને ત્યારથી જ મનમાં આ વિચારોનું તુમુલયુદ્ધ લઇને ફરતા પાલનપુર તાલુકાના સેમોદ્રા ગામના તલાટી કમ મંત્રી શ્રી હિરલબહેન ભટોળને આ દિશામાં કંઇ નક્કર કરવાની તીવ્ર ઇચ્છા હતી. પોતાના વિચારો કાર્યસિદ્ધિમાં પરિણમે તે માટે તેમણે પોતાના મિત્રવર્તુળમાં પોતાના નિર્ધારને રજૂ કર્યો. આ રીતે શરૂ થયો વિચારક્રાંતિનો કાર્યસિદ્ધિ તરફનો પ્રવાસ. આજે તેમની સાથે ચાર યુવાનો બનાસકાંઠાની ધરતીને લીલુડી કરવા અને ભૂગર્ભ જળસ્તરને ઊંચાં લાવવા કટિબદ્ધતા સાથે જૂના કૂવા-ટ્યૂબવેલ રિચાર્જ કરવા ખેડૂતોને માર્ગદર્શિત કરી રહ્યાં છે.

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર અને વડગામ તાલુકાના તલાટી કમ મંત્રી શ્રી હિરલબહેન ભટોળ સહિત શ્રી ભરતભાઈ કરેણ, શ્રી ગુલાબસિંહ પરમાર અને શ્રી સરદારભાઈ ચૌધરી જળસંચય યજ્ઞમાં જોડાઇ સોશિયલ મીડિયાના માધ્યમથી તથા વિવિધ ગામડાઓમાં ખેડૂતસભાઓ યોજી પ્રોજેક્ટર મારફતે કૂવા અને ટ્યૂબવેલમાં કઈ રીતે પાણી વાળવું અને કૂવા અને ટ્યૂબવેલ રિચાર્જ કરવાથી શું ફાયદા થાય છે તેની પદ્ધતિ સમજાવી અને તેના વિશે ખેડૂતોને સચોટ માર્ગદર્શન પૂરું પાડી રહી છે.

આ અભિયાન અંગે શ્રી હિરલબહેને જણાવ્યું હતું કે, ગામમાં જળસંચયનું કાર્ય આ વર્ષે જ પૂર્ણ કરવાના નિર્ધાર સાથે જૂના કૂવા-ટ્યૂબવેલ રિચાર્જનો દસથી પંદર હજારનો ખર્ચ તેઓની ટીમ ઉઠાવે છે. આ કાર્યમાં વૈભવી શૈક્ષણિક મહિલા બાળવિકાસ સંસ્થા દ્વારા અમને આર્થિક મદદ પણ મળે છે. આ વર્ષથી સરકારની મનરેગા યોજના અંતર્ગત પણ આ કાર્યમાં મદદ મળશે જેથી અમારા કાર્યને વધુ વેગ મળશે.

ફતેપુર ગામના ખેડૂત અને આ ટીમના સભ્ય શ્રી ગુલાબસિંહ પરમારે જણાવ્યું હતું કે, “ભૂગર્ભ જળસ્તર ઊંચાં લાવવા તથા સિંચાઇના પાણીની વ્યવસ્થા માટે ત્રીસ વર્ષ જૂના બંધ કૂવાને ચોમાસાના વરસાદી પાણીથી રિચાર્જ કર્યો. જેનો સીધો લાભ થયો છે.”

ટીમના બીજા સભ્ય શ્રી સરદારભાઈ ચૌધરી જણાવ્યું કે, બંધ પડેલા કૂવા અને ટ્યૂબવેલ ચાલુ કરવા પાણીના શુદ્ધીકરણ માટે કુંડી અને કુંડીની અંદર નાની કપચી, મોટા કાંકરા અને બે અલગ-અલગ પડમાં જાળી નાંખી અને ચારકોલ આ તમામ નાખવાની રીત અને કુંડીથી કૂવા કે ટ્યૂબવેલ સુધીની કેટલી સાઈઝની કેટલી ઊંડી પાઈપ નાખવી તેનું માર્ગદર્શન આપવામાં આવે છે.

ટીમના ત્રીજા સભ્ય શ્રી ભરતભાઈ કરેણે જણાવ્યું હતું કે, સમગ્ર જિલ્લાનાં જળસંચયનાં કામો કરી જળસ્તર ઊંચાં લાવવા લોકજાગૃતિ કરતા રહીશું. ફતેપુરના ખેડૂત શ્રી હરીભાઈ ચૌધરીએ જણાવ્યું કે, આ ચાર યુવાનોના માર્ગદર્શનથી ટ્યૂબવેલ રિચાર્જ કરીશ. આ વર્ષે વરસાદી પાણીને ભૂગર્ભમાં ઉતારી ભૂગર્ભ જળ સ્તર ઊંચાં લાવવાનું કાર્ય કરીશ.

આમ, લગભગ નપાણિયા કહેવાતા ઉત્તર ગુજરાતનાં ભૂગર્ભ જળ ઊંચાં લાવી જળક્રાંતિથી હરિત ક્રાંતિની દિશામાં પ્રયાણ કરી વિસ્તારને નંદનવન બનાવવાની મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની નેમને આ યુવા ટીમ સાર્થક કરવા તનતોડ પ્રયાસ કરી રહી છે. જેને સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનોનો સહકાર મળી રહ્યો છે. હવે ઉત્તર ગુજરાતમાં પણ પાણી નથી એવું મેણુ ટૂંક સમયમાં જ ભાંગી જશે તે વાતમાં કોઇ શંકા ન કરી શકાય. ●





મચ્છરનો
નાનો ડંખ
મોટું જોખમ

# સમય છે,
# સમજદાર બનવાનો...
# મચ્છરજન્ય રોગો સામે
# મક્કમતાથી લડવાનો...



**આપણા સૌની જવાબદારી,**
**આપણા સૌની ભાગીદારી**

**તમને ખબર છે, મલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા ફેલાવતા મચ્છર તમારા ઘરમાં કે ઘરની આસપાસ પણ હોઈ શકે છે**

## મચ્છરજન્ય રોગોથી સુરક્ષા માટે આટલું અવશ્ય કરો

- આપના ઘર કે ધંધાના સ્થળે મચ્છરજન્ય રોગોથી બચવા દર અઠવાડિયામાં અનુકૂળ એક દિવસે મચ્છર નાબૂદી દિવસ તરીકે ઝુંબેશ હાથ ધરી પાણી સંગ્રહના તમામ પાત્રો જેવા કે માટલાં, બેડાં, પવાલી, ડ્રમ, કેરબા, ટાંકી, પક્ષીચાટ, ફ્રીજની ટ્રે તથા અન્ય પાત્રોને ખાલી કરી સાફ કરી સૂકવીને પાણી ભરવું.
- હંમેશા મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો. મચ્છર પ્રતિકારક ધૂપ - અગરબત્તી, સ્પ્રે કે અન્ય મચ્છર પ્રતિરોધક વેપોરાઇઝરનો ઉપયોગ કરો.
- પીવા અને અન્ય વપરાશ માટે રાખેલા પાણીના પાત્રોને હવાચુસ્ત ઢાંકેલા રાખો. ઇલેક્ટ્રિક મોસ્કીટો રેકેટનો ઉપયોગ કરવો.
- કોઇપણ વ્યક્તિને તાવ આવે તો તાત્કાલિક લોહીની તપાસ અવશ્ય કરાવી સંપૂર્ણ સારવાર લેવી.
- હાઉસ ટુ હાઉસ સર્વેની કામગીરી માટે આરોગ્ય કર્મચારી આપના ઘરની મુલાકાતે આવે ત્યારે પુરતો સાથ અને સહકાર આપવો.
- ઘર કે ઓફિસના બારી-બારણાં ઉપર જાળી અવશ્ય લગાવો

**મચ્છર ઉત્પત્તિના મુખ્ય સ્થાનો**
**શોધો અને નાશ કરો**




**સમયસર ઉપચારથી મલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા સંપૂર્ણપણે મટી શકે છે.**

## તકેદારી એ જ સાચી સમજદારી...







**જય રણછોડ... માખણ ચોર...**

**Published on Date 16-7-2021**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023
• Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages • Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad &
Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦